Registration of News Paper No. GUJGUJ/2015/65432
Pages: 8 Price : Rs. 3/- Annual Subscription : Rs. 800/-
Posting Licence No. RAJKOT / 678 / 2021-23,VALID UP TO 31-12-2023
posted at rajkot-RMS published & posting dt.-daily (evening)
Web: www.saurashtrakranti.com Email ; saurashtrakranti@gmail.com




અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

# સૌરાષ્ટ્ર ક્રાંતી

સાંધ્ય દૈનિક

Year:7, Issue: 248 Dt.01-08-2022 (Monday)

તંત્રી, પ્રકાશક, મુદ્રક અને માલિક : ગઢવી અશોક મુળુભા, પ્રકાશન સ્થાન: 125, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ–360001

**વિધાનસભા ચૂંટણીનું કાઉન્ટડાઉન શરૂ**

## નવેમ્બરના ત્રીજા સપ્તાહમાં ચૂંટણીની શક્યતા



રાજ્ય ચૂંટણી પંચે મતદાર યાદીની સુધારણા સહિતની જોરશોરથી તૈયાર શરૂ કરી

(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)

નવી દિલ્હી, તા.૧

ગુજરાતમાં આગામી ત્રણ માસ બાદ યોજાનારી વિધાનસભા ચૂંટણી માટેનું કાઉન્ટ ડાઉન શરૂ થયું છે. આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી પણ શરૂ થઈ છે અને તા.૧૫ ઓગષ્ટના રોજ દેશભરમાં તિરંગો લહેરાશે. બાદમાં ગુજરાત તથા હિમાચલ પ્રદેશની ધારાસભા ચૂંટણીઓ માટે રાજકીય પક્ષો ખાસ કરીને વિપક્ષો હવે ગુજરાતની ચૂંટણીમાં ભાજપની ટકકર લેવાનું વ્યૂહ અપનાવે છે તેના પર સૌની નજર છે. ગુજરાતમાં સપ્ટેમ્બર માસના અંતે

**હાલના ઘણા ધારાસભ્યોનું પુનરાવર્તન ન થાય તેવી શક્યતાઓ**

રાષ્ટ્રીય ખેલ મહોત્સવ યોજાનાર છે અને તા.૧૦ ઓકટોબરના તેની ભવ્ય પુર્ણાહુતિ થશે. તે અંતિમ સતાવાર કાર્યક્રમ બની રહી શકે છે. ગુજરાતમાં નવેમ્બરના ત્રીજા સપ્તાહમાં ચૂંટણી યોજાય તેવી શક્યતા છે. આ માટેની રાજ્ય ચૂંટણીપંચે તૈયારી પણ શરૂ કરી દીધી છે. એક ટોચના અધિકારીએ જણાવ્યું હતુ કે ઓક્ટોબરમાં દિવાળી પછી તરત જ આ જાહેરાત થવાની સંભાવના છે. અગાઉ, ડિસેમ્બરના પ્રથમ સપ્તાહમાં ચૂંટણી થવાની વાત હતી, પરંતુ તે અગાઉથી થવાની સંભાવના છે. SEC એ મતદાર યાદીનું પુનરાવર્તન અને પ્રથમ વખતના મતદારોની નોંધણી શરૂ કરી છે. કમિશન કર્મચારીઓ માટે મતદાન પ્રક્રિયાઓ અને સંબંધિત કાર્ય વિશે શિબિરો અને સેમિનારનું પણ આયોજન કરી રહ્યું છે.

આનાથી સરકાર માટે બહુ ઓછો સમય બચશે, માત્ર ત્રણ મહિના બાકી છે. રેવન્યુ રેકોર્ડમાં ૧૫ સપ્ટેમ્બર સુધી ચોમાસાની સિઝનનો ઉલ્લેખ હોવાથી કોઈ મોટા પ્રોજેક્ટ હાથ ધરી શકાતા નથી. ભાજપના નેતાઓ ખૂબ જ આતુર છે કારણ કે ભુપેન્દ્ર પટેલ સરકારને પોતાની સિધ્ધીઓ દર્શાવવાનો માત્ર ૧ વર્ષનો સમય મળ્યો છે. ચૂંટણી પરિણામો એ પણ સ્પષ્ટ કરશે કે નેતૃત્વ પરિવર્તનનો નિર્ણય યોગ્ય હતો કે નહીં. શરૂઆતના ૪-૫ મહિનામાં અડચણોનો સામનો કરનારી નવી સરકારે હવે ગતિ પકડી છે. સ્ટોપ-ગેપ સરકારની છબી ધીમે ધીમે બદલાઈ રહી છે અને તાજેતરના ભૂતકાળમાં ઘણી નવી નીતિઓ અને પ્રોજેક્ટ્સની જાહેરાત કરવામાં આવી છે. ભાજપ માટે ગુજરાતની ચૂંટણી નિર્ણાયક છે એ વાત પરથી સ્પષ્ટ થાય છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દર મહિને રાજયની મુલાકાત લઈ રહ્યા છે. છેલ્લા ત્રણ મહિનામાં મોદી અડધો ડઝનથી વધુ વખત ગુજરાતની મુલાકાતે આવ્યા છે, જેણે રાજયને ચૂંટણી મોડમાં લાવી દીધું છે.

PM એ રાજયમાં કરોડો રૂપિયાના ઘણા પ્રોજેક્ટ્સ લોન્ચ કર્યા છે, જેમાં નવીનતમ અને સૌથી મહત્વાકાંક્ષી ઈન્ડિયા ઈન્ટરનેશનલ બુલિયન એક્સચેન્જ (IIBX), GIFT-IFSCમાં ભારતનું પ્રથમ ઈન્ટરનેશનલ બુલિયન એક્સચેન્જનો સમાવેશ થાય છે. તેમણે NSE IFSC-SGX કનેક્ટ પણ લોન્ચ કર્યું. મુખ્યમંત્રી શહેરી વિસ્તારો પર ધ્યાન કેન્દ્રિત કરતી અનેક યોજનાઓનો શિલાન્યાસ કરવાના કાર્યક્રમમાં પણ છે. પાર્ટીના કાર્યક્રમો જિલ્લા સ્તરે યોજાઈ રહ્યા છે અને ધારાસભ્યોને તેમના મતવિસ્તાર પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે કહેવામાં આવ્યું છે.

જો કે, હાલના ઘણા ધારાસભ્યોનું પુનરાવર્તન ન થાય તેવી શક્યતાઓ છે.

## વેઈટલિફ્ટિંગમાં ભારતને વધુ એક ગોલ્ડ મેડલ



અચિંતા શેઉલીએ અપાવ્યું ભારતને ગૌરવ

(એજન્સી સમાચાર) રાજકોટ.તા.૧

કોમનવેલ્થ ગેમ્સ ૨૦૨૨ના ત્રીજા દિવસે ભારતનું પ્રદર્શન ખૂબ જ શાનદાર રહ્યું. ભારતે રવિવારે બે ગોલ્ડ મેડલ જીત્યા જે વેઈટલિફ્ટિંગમાંથી આવ્યા. આ ઉપરાંત અન્ય રમતોમાં પણ ભારતનું પ્રદર્શન ખૂબ શાનદાર રહ્યું. ક્રિકેટમાં ભારતીય મહિલા ટીમ પાકિસ્તાન સામે શાનદાર રીતે જીતી અને બોક્સર નિકહત ઝીરીને પોતાના અભિયાનની ભવ્ય રીતે શરૂઆત કરી. પણ મેડલમાં વેઈટ લિફ્ટિંગના ખેલાડીઓએ રંગ રાખ્યો. અત્યાર સુધીના બધા મેડલ વેઈટલિફ્ટિંગમાં આવ્યા છે. ત્રીજા દિવસે ભારતને વેઈટલિફ્ટિંગમાં બે ગોલ્ડ મેડલ મળ્યા. મીરાબાઈ ચાનુ, જેરેમી લાલરિનુંગા બાદ અચિંતા શેઉલીએ પણ વેઈટ લિફ્ટિંગમાં ગોલ્ડ મેડલ અપાવ્યો જ્યારે સંકેત મહાદેવ સરગર અને બિંદિયારાની દેવીએ ભારતને વેઈટલિફ્ટિંગમાં સિલ્વર અપાવેલો છે. આ ઉપરાંત ગુરૂરાજા પુજારીએ ૬૧ કિલો કેટેગરીમાં બ્રોન્ઝ મેડલ જીતાડ્યો. હાલ ભારત મેડલ ટેલીમાં છઠ્ઠા નંબરે છે.

આ અગાઉ ગઈ કાલે મીરાબાઈ ચાનુ બાદ જેરેમી લાલરિનુંગાએ ૬૭ કિલો કેટેગરીમાં ભારતને ગોલ્ડ મેડલ અપાવ્યો. જેરેમીએ સ્નેચમાં રેકોર્ડ ૧૪૦ કિલોનું વજન ઉપાડ્યું. જ્યારે ક્લીન અને જર્કમાં ૧૬૦ કિલો વજન ઉપાડવામાં સફળ રહ્યા. જેરેમીએ કુલ ૩૦૦ કિલો વજન ઉપાડ્યું અને ગોલ્ડ મેડલ પોતાના નામે કર્યો. અચિંતા શેઉલીએ ૭૩ કિલોની કેટેગરીમાં રેકોર્ડ ૩૧૩ કિલો વજન ઉપાડી ગોલ્ડ મેડલ પોતાના નામે કર્યો.

## જુલાઈ માસનું GST કલેકશન રૂા.૧.૪૮ લાખ કરોડ

### સતત પાંચમા મહિને જીએસટી કલેકશન રૂા.૧.૪૦ લાખ કરોડથી વધુ નોંધાયું

(એજન્સી સમાચાર)

નવી દિલ્હી તા.૧

દેશમાં જુલાઈ માસનું કલેકશન રૂા.૧.૪૮.૯૯૫ કરોડ નોંધાયું છે. જે જીએસટીના અમલ બાદ અત્યાર સુધીનું બીજા નંબરનું સૌથી મોટુ કલેકશન છે તથા ચાલુ વર્ષમાં જીએસટી કલેકશનમાં ૨૮ ટકાનો વધારો નોંધાયો છે. આજે બહાર પાડવામાં આવેલા આંકડા મુજબ જૂન માસમાં જીએસટી કલેકશન ૧.૪૪ લાખ કરોડ હતું. તે વધીને ૧.૪૮ લાખ કરોડ થયું છે. ખાસ કરીને આયાતી માલ પરની જીએસટી કલેકશન ૪૮ ટકા વધી ગયું છે.

જયારે સેન્ટ્રલ જીએસટી કલેકશન જુલાઈ માસમાં ૨૫૭૫૧ કરોડ, સ્ટેટ જીએસટી કલેકશન ૩૨૮૦૭ કરોડ, જયારે આઈજીએસટી રૂા.૭૯૫૧૮ કરોડ જેમાં આયાતી માલ પરનો જીએસટી રૂા.૪૧૪૨૦ કરોડ નોંધાયો છે. કેન્દ્ર સરકારની સેસ મારફત રૂા.૧૦૯૨૦ કરોડની કમાણી થઈ છે. આમ સતત પાંચમા મહિને જીએસટી કલેકશન રૂા.૧.૪૦ લાખ કરોડથી ઉપર રહ્યું છે.

## રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં ધાબડીયું વાતાવરણ

### ૫૪ તાલુકામાં ઝાપટાથી ઝરમરિયો વરસાદઃ સૌથી વધુ ખેડા જિલ્લાના વસોમા પોણો ઈંચ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ.તા.૧

ગુજરાતના વાતાવરણમાં ફરી પલટો આવ્યો છે. ગઈકાલે અને આજે રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં ધાબડીયું વાતાવરણ જોવા મળી રહ્યું છે. છૂટા છવાયા ઝાપટા અને ઝરમરિયો વરસાદ પડી રહ્યો છે. પરંતુ નોંધપાત્ર વરસાદ પડતો નથી અને કોઈ મજબૂત સિસ્ટમ ન હોવાના કારણે ભારે વરસાદની શક્યતા પણ હાલ ઓછી છે. આજે સવારે છ વાગ્યે પૂરા થતા ૨૪ કલાક દરમિયાન ગુજરાતના ૫૪ તાલુકામાં હળવો વરસાદ થયો છે. મોટાભાગના વિસ્તારોમાં સામાન્ય ઝાપટા છે. એકમાત્ર ખેડા જિલ્લાના વસો, કઠલાલ અને ખેડા શહેરમાં અડધોથી પોણો ઈંચ પાણી પડ્યું છે. સમગ્ર રાજ્યમાં સૌથી વધુ વરસાદ વસોમા પોણો ઈંચ છે.

ધાબડીયું વાતાવરણને કારણે ગરમીને બ્રેક લાગી છે. ૩૫ ડિગ્રી સુધી મહત્તમ તાપમાનનો પારો પહોંચી ગયા બાદ તેમાં બે ડિગ્રી જેટલો ઘટાડો થયો છે અને સમગ્ર રાજ્યમાં સરેરાશ ૩૦ થી ૩૩ ડિગ્રી વચ્ચે તાપમાન રહ્યું છે. ગુજરાતમાં સૌથી વધુ તાપમાન અમરેલીમાં ૩૩.૬ અને ત્યાર પછી રાજકોટમાં ૩૩.૩ ડિગ્રી નોંધાયું છે.

હવામાન ખાતાના જણાવ્યા



મુજબ આગામી ત્રણેક દિવસ સુધી છૂટા છવાયા ઝાપટા ચાલુ રહેશે. પરંતુ મજબૂત સિસ્ટમના અભાવે ભારે વરસાદની શક્યતા નથી.

## ૧૯ કિલો કોમર્શીયલ ગેસ સિલિન્ડરમાં રૂ.૩૬નો ઘટાડો



### ૧૪.૨ કિલોના એલપીજી સિલિન્ડરના ભાવ યથાવત

(એજન્સી સમાચાર)

નવી દિલ્હી, તા.૧

દેશમાં વધુ એક વખત કોમર્શીયલ ગેસ સિલિન્ડરના ભાવમાં ઘટાડો કરવામાં આવ્યો છે. આજે ઓઈલ કંપનીઓએ વ્યાપારી હેતુ માટે ઉપયોગમાં લેવાતા ૧૯ કિલોના એલપીજી સિલિન્ડરના ભાવમાં રૂા.૩૬નો ઘટાડો કરવામાં આવ્યો છે. જો કે ૧૪.૨ કિલોના ઘરેલું વપરાશના રાંધણ ગેસ ભાવમાં કોઈ વધારો ઘટાડો થયો નથી. ૧૯ કિલોનું કોમર્શીયલ ગેસ સિલિન્ડર હવે દિલ્હીમાં રૂા.૨૦૧૨.૫૦ ના સ્થાને રૂા.૧૯૭૬.૫૦ના ભાવે મળશે. મુંબઈમાં સૌથી ઓછા રૂા.૧૯૩૬.૫૦ અને ચેન્નઈમાં સૌથી મોંઘુ રૂા.૨૧૪૧ થયા છે.

જો કે સબ્સીડાઈઝ તરીકે ઓળખાતા ઘરેલું રાંધણગેસના ૧૪.૨ કિલોના સિલિન્ડરમાં કોઈ ફેરફાર નથી અને તે દિલ્હીમાં રૂા.૧૦૫૩ના ભાવે મળે છે. સરકારે આ પ્રકારના ઘરેલુ ગેસ સિલિન્ડરમાં સબસીડી નીલ કરી દીધી છે. અમદાવાદમાં આ ૧૪.૨ કિલોનો ઘરેલુ ગેસ સિલિન્ડર રૂા.૧૦૬૦માં ઉપલબ્ધ છે.(૯)

## સૌરાષ્ટ્ર-કચ્છના ગ્રાહકો પર ફ્યુઅલ સરચાર્જમાં ૧૦ પૈસાનો વધારો

### ફ્યુઅલ ચાર્જ રૂ.૨.૫૦થી વધીને ૨.૬૦ થયો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા. ૧

ફ્યુઅલ સરચાર્જમાં ૭૯ પૈસાનો વધારો કરવાની દરખાસ્ત વચ્ચે વીજ કંપની દ્વારા ૧૦ પૈસાનો વધારો ઝીંકી દેવામાં આવ્યો છે. જેને પગલે સૌરાષ્ટ્ર-કચ્છના ગ્રાહકો પર નવો ૫૦ કરોડનો બોજ આવી શકે છે. વીજ કંપનીના સુત્રોએ જણાવ્યું હતું કે તાજેતરનાં વીજ સંકટ દરમિયાન મોંઘાભાવની વીજળી ખરીદ કરવાની ફરજ પડી હતી અને



તેને કારણે ફ્યુઅલ સરચાર્જ વધારો માંગવામાં આવ્યો છે. ગુજરાત વીજ નિયમન પંચ સમક્ષ ૭૯ પૈસાનો ફ્યુઅલ ચાર્જમાં વધારાની દરખાસ્ત કરવામાં આવી છે. જો કે તેનો નિર્ણય આવે ત્યારબાદ વધારો લાગુ થશે.વીજ વિતરણ કંપનીઓને ૧૦ પૈસાનો વધારો કરવાની સત્તા છે અને પીજીવીસીએલ દ્વારા ૧ જુલાઈથી જ ૧૦ પૈસાનો વધારો લાગુ પાડી દીધો છે. જુલાઈ, ઓગસ્ટ, સપ્ટેમ્બર એમ ત્રણ મહિના માટે આ વધારો ઝીંકવામાં આવ્યો છે અને તે સાથે યુનિટદીઠ સરચાર્જ રૂ.૨.૫૦થી વધીને રૂ. ૨.૬૦ થયો છે. વીજ નિયમન પંચ દ્વારા ૭૯ પૈસાના વધારાની દરખાસ્ત મંજૂર કરવામાં આવે તો ફ્યુઅલ ચાર્જ યુનિટ દીઠ ૩.૨૯ થઈ જશે. સુત્રોના કહેવા પ્રમાણે ફ્યુઅલ ચાર્જમાં ૧૦ પૈસાના વધારાને કારણે પણ સૌરાષ્ટ્ર-કચ્છના ૫૮ લાખ વીજ ગ્રાહકો પર ૫૦ કરોડનો બોજ પડી જશે. વીજ નિયમન પંચ વધુ વધારો મંજૂર કરે તો વીજ ગ્રાહકો પર તેનાથી પણ વધુ મોટો બોજ આવી જશે.

## આઝાદીનો અમૃત ઉત્સવ એક જન આંદોલનનું સ્વરૂપઃ વડાપ્રધાન મોદી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ.તા.૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગઇકાલે રવિવારે તેમના રેડિયો કાર્યક્રમ મન કી બાત ના ૯૧માં એપિસોડમાં દેશવાસીઓને સંબોધન કર્યું હતું. પીએમ મોદીએ દેશની આઝાદીના ૭૫ વર્ષ પૂર્ણ થવા પર દેશવાસીઓને અભિનંદન પાઠવતા કહ્યું હતું કે, આ વખતે મન કી બાત ખૂબ જ ખાસ છે. તેનું કારણ આ વખતે સ્વતંત્રતા દિવસ છે, જ્યારે ભારત તેની આઝાદીના ૭૫ વર્ષ પૂર્ણ કરશે. આપણે બધા એક ખૂબ જ અદ્ભુત અને ઐતિહાસિક ક્ષણના સાક્ષી બનવા જઈ રહ્યા છીએ. ૩૧મી જુલાઈ એટલે કે આ દિવસે આપણે સૌ દેશવાસીઓ શહીદ ઉધમસિંહજીની શહાદતને નમન કરીએ છીએ. હું અન્ય તમામ મહાન ક્રાંતિકારીઓને મારી નમ્ર શ્રદ્ધાંજલિ અર્પણ કરૂ છું. જેમણે દેશ માટે તેમના જીવનનું આહુતિ આપી.

વધુમાં પીએમ મોદીએ કહ્યું હતું કે, આઝાદીના ૭૫ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે તેને એક આઝાદીનો અમૃત ઉત્સવ તરીકે ઉજવી રહ્યા છીએ મને એ જોઈને

**ઉત્કૃષ્ટ પ્રદર્શનને જારી રાખનાર ખેલાડીઓ અને વિદ્યાર્થીઓને આપ્યા અભિનંદન**



ખૂબ જ આનંદ થાય છે કે આઝાદીનો અમૃત ઉત્સવ એક જન આંદોલનનું સ્વરૂપ લઈ રહ્યો છે. તેને લગતા વિવિધ કાર્યક્રમોમાં દરેક ક્ષેત્રના અને સમાજના દરેક વર્ગના લોકો ભાગ લઈ રહ્યા છે. સ્વતંત્રતાના અમૃત મહોત્સવના ભાગરૂપે ૧૩ થી ૧૫ ઓગસ્ટ દરમ્યાન એક વિશેષ આંદોલન 'હર ઘર તિરંગા'નું આયોજન કરવામાં આવ્યું છે. આ ચળવળનો હિસ્સો બનીને ૧૩ થી ૧૫ ઓગસ્ટ સુધી તમારે તમારા ઘરે તિરંગો ફરકાવો અથવા તેને તમારા ઘરે મુકવો. ૨ ઓગસ્ટથી ૧૫ ઓગસ્ટ સુધી આપણે બધા આપણા

(અનુ.પાના નં.૪ ઉપર)

**સેન્સેક્સ ૩૦૦થી વધુ પોઈન્ટ ઉછળ્યોઃ નીફટી ૧૭૨૫૦ ઉપરઃ સેન્સેક્સ ૩૩૪ પોઈન્ટ વધીને ૫૭૯૦૪ઃ નીફટી ૧૦૮ પોઈન્ટ વધીને ૧૭૨૬૭ ઉપર**

## સોનાના ભાવની અસરઃ ગોલ્ડ રિસાયકિલંગમાં વધારો



(એજન્સી સમાચાર)

નવી દિલ્હી, તા.૧

સોનાની આયાત ઘટાડવા માટે સરકારે ઈમ્પોર્ટ ડ્યૂટીમાં તગડો વધારો કર્યો છે, જેના કારણે લોકો સોનાના રિસાયકિલંગ તરફ વળ્યા છે. અમદાવાદમાં ગોલ્ડ રિફાઈનર્સ અને જવેલર્સના અંદાજ પ્રમાણે એકલા અમદાવાદમાં રોજના ૭૦ કિલોથી વધારે સોનાને રિસાઈકલ કરવામાં આવે છે. ૨૦૧૯-૨૦માં રોજના ૪૦ કિલો સોનું રિસાઈકલ થતું હતું. એટલે કે બે વર્ષની અંદર તેમાં ૭૫ ટકા ટકા જેટલો વધારો થયો છે.

ઈન્ડિયા બુલિયન એન્ડ જવેલર્સ એસોસિયેશન (IBJA)ના ડિરેક્ટર હરેશ આચાર્યએ જણાવ્યું કે, નસોનાના ભાવમાં જયારે ભારે વધારો થાય ત્યારે તેમાં રિસાયકિલંગ થતું હોય છે. લોકો સોનું વેચીને કેશ મેળવે છે અને તેની સામે નવા સોનાની ખરીદી ઘટે છે. કારણ કે લોકો જૂના સોનાની સામે ખરીદી કરે છે. કોવિડના કારણે ઘણા લોકોએ પોતાની જોબ ગુમાવી હતી અને તેમની આવકનાસ્ત્રોત બંધ થઈ ગયા હતા. તેવામાં ઘણા લોકોએ ઘરની જરૂરિયાત પૂરી કરવા માટે પોતાનું સોનું વેચવાનો વારો આવ્યો હતો. સોનાના ભાવ રૂ. ૫૦,૦૦૦ની ઉપર ચાલતા હતા અને તેના કારણે લોકોને સારું વળતર મળ્યું હતું.

વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલ (WGC)ના અંદાજ પ્રમાણે ભારતમાં છેલ્લા પાંચ વર્ષમાં ગોલ્ડ રિસાયકિલંગમાં વધારો થયો છે અને ભારત અત્યારે ચોથા ક્રમે સૌથી વધારે સોનાને રિસાઈકલ કરતો દેશ છે. અમદાવાદ સ્થિત જવેલર્સે ઈન્ટરનલ ગોલ્ડના રિસાયકિલંગનું પ્રમાણ વધારી દીધું છે. એટલે કે તેઓ સોના પર નવી ડિઝાઈન ચઢાવતા નથી જેથી તેમને સોનું ખરીદવું પડતું નથી.

અમદાવાદમાં ગોલ્ડ રિફાઈનરી ધરાવતા નિશાંત સોની જણાવે છે કે, કોવિડ પછી સોનાના ભાવમાં તીવ્ર વધારો થયો છે.

(અનુ.પાના નં.૪ ઉપર)

**સોલાપુર ડિવિઝનમાં ડબલ ટ્રેકની કામગીરીને કારણે રાજકોટ સાથે જોડાયેલી ૮ ટ્રેનો રદ**

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક



સૌરાષ્ટ્ર ક્રાંતી છેલ્લા છ વર્ષથી આપને અવનવા સમાચારોથી અપડેટ રાખે છે. નિષ્પક્ષ પત્રકારત્વની અલગ ઓળખ ઉભી કરવા કાયમ પ્રયત્નશીલ છે અમારા દ્વારા ડિજીટલ માધ્યમથી આપને સમાચારપત્ર પહોંચાડવામાં આવે છે. એક દિવસના એક રૂપિયાના અનુદાન દ્વારા આપ નિષ્પક્ષ પત્રકારત્વને જીવંત રાખી દેશની ચોથી જાગીર ને મજબુત બનાવવા નિમીત બનશો નીચે આપેલ લીંક પર ક્લીક કરીને સબસ્ક્રાઈબ કરો

http://www.saurashtrakranti.com/subscribe/

સૌરાષ્ટ્ર તેમજ દક્ષીણ ગુજરાતનાં સમાચારો મેળવવા માટે આજે જ તમારા મોબાઈલમાં અમારી Sk News એપ્લિકેશન ઈન્સ્ટોલ કરો.. તેમજ સૌરાષ્ટ્ર ક્રાંતી ન્યૂઝ પેપરની વેબસાઈટ પર જઈને પણ ન્યૂઝ મેળવી શકો છો.

GET IT ON Google Play | SK NEWS | સૌરાષ્ટ્ર ક્રાંતિ NEWS

www.saurashtrakranti.com

# મોભો એ જ, માધ્યમ નવું

## યુ ટ્યુબના માધ્યમથી સૌરાષ્ટ્ર ક્રાંતી આપશે આપની સમસ્યાને વાચા




આજે જ સૌરાષ્ટ્ર ક્રાંતીની યુ ટ્યુબ ચેનલને સબસ્ક્રાઈબ કરો અને સમાચાર મેળવો

SUBSCRIBE
TO OUR CHANNEL
SAURASHTRA KRANTI

@saurashtrakranti/ saurashtrakrant
SAURASHTRAKRANTI SAURASHTRAKRANTI

Web: www.saurashtrakranti.com

સૌરાષ્ટ્ર ક્રાંતિ
સાંધ્ય દૈનિક

WhatsApp કરો

તમારા ન્યુઝને

'સૌરાષ્ટ્ર ક્રાંતિ'માં જર્નાલિસ્ટ બની તમે પણ ગર્વ અનુભવો

તમારી આસપાસ બનતી કોઇ પણ ઘટના,સમાચાર,સમસ્યા કે તસ્વીરોને અમારા સુધી પહોંચાડો.

કોઈપણ ઘટના કે સમાચારની વિગત

93276 28571 ઉપર Whats App કરો

email: saurashtrakranti@gmail.com
web: www.saurashtrakranti.com

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક

# ક્લાસિફાઈડ

પ્રોપર્ટી, લગ્ન, નોકરી, શૌક્ષણીક, ઔષધ,યાત્રાપ્રવાસ, ધંધાદારી, વ્યવસાયલક્ષી, વાહનબજાર

જાહેરાત માટે સંપર્ક કરો:
90333 44426




આ પેજ પર આપની જાહેરાત નજીવા દરે આપવા માટે
94097 57062 પર ફોન કરો અથવા મેસેજ કરો.

## તંત્રી સ્થાનેથી...

### ગુજરાતમાં એશિયાટિક સિંહની સંખ્યામાં વધારો

ગુજરાતમાં એશિયાટિક સિંહની સંખ્યામાં વધારો જોવા મળ્યો છે. ધરતી પરના તેમના એકમાત્ર ઘરમાં તેમની અંદાજિત વસ્તી વધીને ૧૨૦૦ થઈ ગઈ છે. જોકે, આ આંકડો સત્તાવાર નથી. ૨૦૨૨નો સત્તાવાર આંકડો ૭૬૦ છે પરંતુ વન રક્ષકોનું કહેવું છે કે, અસલ આંકડો આનાથી વધારે હોઈ શકે છે કારણકે છેલ્લા એક વર્ષમાં સિંહો તેમની હદ વિસ્તારી ચૂક્યા છે. ૨૦૨૨ની ગણતરીના આંકડાની સત્તાવાર જાહેરાત હજી બાકી છે પરંતુ તેના પરથી એટલું તો સ્પષ્ટ થાય છે કે, ગ્રેટર ગીર વિસ્તારમાં સિંહોની વસ્તીમાં વૃદ્ધિ થઈ છે. વન વિભાગના અધિકારીઓના કહેવા અનુસાર, દર મહિને પૂનમ અવલોકન કરવામાં આવે છે એટલે કે પૂનમેસિંહોની વસ્તી ગણવામાં આવે છે. મે મહિનાની પૂનમે બે વખત વસ્તી ગણવામાં આવી હતી. સિંહોની સંખ્યા રાત અને દિવસ એમ બંને સમયે ગણવામાં આવી હતી. અધિકારીઓનું કહેવું છે કે, ઝીણવટપૂર્વક સિંહોની ગણતરી કરીએ એટલે તેમના સ્વાસ્થ્ય અંગેની પણ જાણકારી મળી જાય અને જો કોઈ મૃત્યુ થયા હોય તો તેની પણ વિગત સામે આવી જાય. ૨૦૨૦માં સિંહોની સત્તાવાર જાહેર થયેલી સંખ્યા ૬૭૪ હતી. જે દર્શાવે છે કે ૨૦૧૫ કરતાં ૧૫૧ સિંહ વધ્યા છે. સિંહનો બિનસત્તાવાર અંદાજિત આંકડો ૧૨૦૦ની આસપાસ પહોંચી ગયો છે. ગીર, ગિરનાર, મિતિયાણા અને પાણીયા જેવા જે અભયારણ્ય વિસ્તારોમાં સિંહની વસ્તી છે. ૨૦૨૨માં આ વિસ્તારોમાં સિંહની સંખ્યા ૩૬૫ જટેલી નોંધાઈ છે એટલે કે ૨૦૨૦ની સરખામણીએ ૯ સિંહ વધ્યા છે. અધિકારીનું કહેવું છે કે, સિંહની વધતી સંખ્યા મોટાભાગે ગ્રેટર ગીર વિસ્તારમાં જોવા મળી છે. સિંહોના ટોળા છૂટા પડીને અલગ અલગ વિસ્તારોમાં જઈ રહ્યા છે અને તેમની હદ વિસ્તારી રહ્યા છે સાથે જ આ સંખ્યા પણ વધી રહી છે, તેમ અધિકારીએ ઉમેર્યું હતુ.

૨૦૨૦ની સત્તાવાર આંકડા ૬૭૪ને વળગી રહીશું. અમે લાંબા સમયથી કહેલ કે, ગુજરાતે સિંહોની વસ્તી ગણવા અને અન્ય દરેક પ્રાણીને ઓળખવા માટે કેમેરા-ટ્રેપ પદ્ધતિનો ઉપયોગ કરવો જોઈએ. આ પદ્ધતિનો ઉપયોગ વાઘ માટે પણ કરવામાં આવે છે પરંતુ ગુજરાતને જાણે આ સૂચન અમલમાં મૂકવાની ઈચ્છા જ નથી. ગુજરાતનો વન વિભાગ સિંહની વસ્તી ગણતરી માટે બહારની કોઈ એજન્સીને પણ રાખવા તૈયાર નથી. ૨૦૨૦માં સ્વયંસેવકોનો સમાવેશ વસ્તી ગણતરીમાં નહોતો કરવામાં આવ્યો. સામાન્ય રીતે તેઓ આ પ્રકારના મિશનનો ભાગ હોય છે.ગુજરાતના વન વિભાગના એક સિનિયર અધિકારીએ સ્વીકાર્યું કે, ૨૦૨૨ની ગણતરી દરમિયાન કેટલાય સિંહ બાળ ધ્યાનમાં આવ્યા હતા.

# પુત્રીને જન્મ આપનાર પરિણીતાને પતિ સહિતના સાસરીયાઓનો ત્રાસ

## મહિલા પોલીસમાં પતિ, જેઠ, સાસુ-સસરા સહિત સામે ગુનો

**(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)**

રાજકોટ.તા.૧

શહેરના નાનામવા પાસે આર્યશ્રી ટાઉનશીપમાં રહેતી અને હાલ ઇસ્કોન હાઇટ્સમાં માવતરના ઘેર રહેતી પરિણીતાને પતિ સહિતના સાસરીયાઓ મારકૂટ કરી ત્રાસ આપતા હોવાની ફરિયાદ નોંધાવતા મહિલા પોલીસે પતિ સહિત પાંચ વ્યકિત સામે ગુનો નોંધી તેની ધરપકડ કરવાની કાર્યવાહી કરી છે. પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ ઇ સ્કોન હાઇટ્સમાં માવતરના ઘરે રહેતી વૈશાલીબેન મનીષભાઇ સોમાણીએ મહિલા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી જેમાં આરોપી તરીકે પતિ મનીષ સસરા ભુપેન્દ્ર ચુનીલાલ સોમાણી, સાસુ ઉષાબેન, જેઠ હિર અને હરેશના નામો આપ્યા હતા. ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેના અલગ-અલગ જ્ઞાતિ હોય જાન્યુઆરી-૨૦૧૬ના રોજ રીતિરીવાજ પ્રમાણે મનીષ સાથે લગ્ન કર્યા હતા, દરમિયાન તેને સંતાનમાં એક નવ માસની પુત્રી હોવાનું જણાવ્યું હતું. દરમિયાન ફરિયાદમાં વધુ જણાવ્યું હતું કે, લગ્નના એકાદ માસમાં પતિ, સાસુ, સસરા, જેઠ સહિતનાઓ નાની- નાની બાબતમાં ઝઘડો કરતાં અને તેને ઘરની બહાર નીકળવા ન દેતા હોવાનું અને પિયરમાં પણ વેવારીક પ્રસંગોપાત જવા ન દેતા હોવાનું તેમજ તેના પતિની નોકરી મુકાઇ જતાં ઝઘડો કરતા હોય મેં પ્રાઇવેટ નોકરી કરવાનું કહેતા તારે નોકરી કરવી હોય તો છૂટાછેડા આપી દઇશ તેમ કહી મારકુટ કરતા હોય, મારા પતિ જે કાંઇ કમાતા તે સાસુ-સસરાને આપી દેતા હોય મને પૈસા આપતા ન હોય જેથી મે પ્રાઇવેટ નોકરી શરૂ કરી હતી દરમિયાન તે પ્રેગ્નેટ થતાં ડિલિવરી પીયરમાં કરવાની છે અને અમે કાંઇ ખર્ચ આપીશું નહીં જે અંગે ના પાડતા મારકુટ કરી હતી દરમિયાન પુત્રીના જન્મ સમયે પતિ સાસુ-સસરા હોસ્પિટલે પૈસા ન આપવા પડે એટલે મોડા આવ્યા હતા અને હોસ્પિટલનો ખર્ચ તેના ભાઇએ આપેલ હોય દરમિયાન પુત્રીનો જન્મ થતાં તેને જોવા પણ આવેલ નહીં તેડવા પણ આવેલ ન હોય જે અંગે પતિને સમાધાન કરવા બાબતે કહેતા તેને સમાધાન કરવાની ના પાડી હોવાનું જણાવતા મહિલા પોલીસ મથકના જમાદાર કે.બી. મકવાણાએ ગુનો નોંધી આરોપીની ધરપકડ કરવાની કાર્યવાહી કરી છે.

# રાજકોટમાં કારના સોદાના નામે રૂપિયા ૭.30 લાખની છેતરપિંડી

## કાર બતાવી બે વખત રૂપિયા ટ્રાન્સફર કરાવ્યા, ગાંધીગ્રામ પોલીસ મથકમાં નોંધાતો ગુનો

**(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)**

રાજકોટ.તા.૧

શહેરના જામનગર રોડ પર બજરંગવાડીમાં રહેતા વેપારીને કાર બતાવી બે વખત રૂપિયા ટ્રાન્સફર કરાવી કાર ન આપી રૂા.૭.૩૦ લાખની છેતરપીંડી આચર્યાની ફરિયાદ કરતા ગાંધીગ્રામ પોલીસે ગુનો નોંધી આરોપીની ધરપકડ કરવાની કાર્યવાહી કરી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ બજરંગવાડીમાં રહેતા અને ગોંડલ નજીક જીઆઇડીસીમાં નમામી ઇન્ડસ્ટ્રીઝ નામે સીંગદાણાનો વેપાર કરતા પાર્થ રાજેન્દ્રભાઇ મહેતાએ ફરિયાદ નોંધાવી હતી જેમાં આરોપી તરીકે વાણીયાવાડીમાં રહેતો ચીરાગ દિનેશભાઇ દોશીનું નામ આપ્યું હતું. ફરિયાદમાં જણાવ્યું હતુ કે દોઢેક વર્ષ પહેલા મોબાઇલમાં કવીકર નામની એપ્લીકેશનમાં જુની કારના ફોટા આવ્યા હતા જે અંગે તેણે એક કાર ખરીદવા અંગે મેસેજ કર્યો હતો. જેમાં ચિરાગભાઇ દોશીએ તેને ઇન્દીરા સર્કલ પાસે કાર જોવા માટે બોલાવ્યા હતા અને કાર ૩.૭૫ લાખમાં લેવાનું નક્કી થયું હતું અને ૩.૫૫ લાખ ઓનલાઇન ટ્રાન્સફર કર્યા હતા અને કારનો કબ્જો લઇ લીધો હતો. દરમિયાન કાર નામે કરાવવાનું કહેતા તેને તહેવાર હોય બે-ત્રણ દિવસ પછી કરાવી આપવાનું કહ્યું હતું બાદમાં બાકીના રૂ.૨૦ હજાર આપી કાર ટ્રાન્સફર કરાવવાનું કહ્યું હોય પરંતુ તેમજ પેઢીના પૈસા હોય એન્ટ્રી સુલટાવા માટે ચિરાગભાઇને વાત કરેલ અને તેને રૂ. ૩.૫૫ લાખનો ચેક આપેલ પરંતુ ચિરાગભાઇએ લોકડાઉનને કારણે બેન્ક વહેલી બંધ થઇ ગયેલ હોવાનું જણાવી તેમજ કુલ રૂા.૭.૩૦ લાખ તેના નામે ટ્રાન્સફર કરાવી છેતરપીંડી આચર્યાનું જણાવતા ગાંધીગ્રામ પોલીસ મથકના જમાદાર જયસુખભાઇ હુંબલે ગુનો નોંધી આરોપીને પકડી લેવા મથામણ કરી છે.

## દુકાનમાં સીસીટીવી કેમેરા નહીં લગાડનાર બે સોની વેપારી સામે ગુનો

રાજકોટઃ સોનીબજાર મેઈન રોડ પર દુકાન ધરાવતા પંકજભાઈ રતિભાઈ પાટડીયા ( રહે.કેશવકુંજ એપાર્ટમેન્ટ , ખત્રીવાડ ) અને સવજીભાઈની શેરીમાં રઘુવીર કોમ્પલેક્ષમાં દુકાન ધરાવતા કલ્પેશ વિનોચંદ્ર શાહ ( રહે.જયરાજ પ્લોટ , શેરી નં .૯ / ૧૨ નો ખુણો , કિશન એપાર્ટમેન્ટ ) વિરૂદ્ધ એ - ડિવિઝન પોલીસે પોતાની દુકાનમાં સીસીટીવી કેમેરા નહીં લગાડવા અંગે જાહેરનામા ભંગનો ગુનો નોંધ્યો હતો.

## શીતલ પાર્કમાં મહિલાના ગળામાંથી ચેઇનની ચીલઝડપનો પ્રયાસ

રાજકોટ : શહેરના ચૌધરી હાઇસ્કૂલ નજીક માધવ વન સોસાયટીમાં રહેતા રાજેશ મનસુખભાઇ મહેતા શનિવારે તેમના પત્ની કલ્પનાબેન સાથે મોટર સાયકલમાં જતા હતા ત્યારે શીતલ પાર્ક પાસે ધસી આવેલ બાઇક સવાર સમડીએ સોનાના ચેઇનની ચિલ ઝડપ કરવાનો પ્રયાસ કરતા બાઇક પરથી પડી જતા તેને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાતા ગાંધીગ્રામ પોલીસે ગુનો નોંધી આરોપીને પકડી લેવા મથામણ કરી છે.

# રાજકોટ ક્રાઈમ

## મહિલાનો ગળાફાંસો ખાઈ આપઘાત

રાજકોટ : રાજકોટના પીપળીયા ગામે રહેતા સરોજબેન પ્રવિણભાઇ સારોલા (ઉ.૪૮) નામની મહિલાએ પોતાના ઘેર ગળાફાંસો ખાઇ આપઘાત કરી લેતા કુવાડવા પોલીસ મથકના જમાદાર અક્ષયભાઇએ તપાસ કરતાં મહિલાને કેટલાક સમયથી માનસિક બીમારી હોય કંટાળીને પગલું ભરી લીધાનું પરિવારજનોએ જણાવતા પોલીસે વધુ કાર્યવાહી કરી છે.

## શાપરમાં ઘરકંકાશથી કંટાળી મહિલાનો આપઘાત

રાજકોટઃ શાપર-વેરાવળ પાસે નોબલ નામના કારખાનામાં પતિ સાથે રહેતી શબ્બી સમી તાપકકુમાર સાહુ (ઉ.૨૯) નામની મહિલાએ શનિવારે રાત્રે ગળાફાંસો ખાઇ આપઘાત કરી લેતા જમાદાર તુષારસિંહ જાડેજાએ તપાસ કરતા ઘરકંકાશથી કંટાળી પગલું ભર્યાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે.

## જુગાર રમતી 3 મહિલા સહિત ૧૧ની ધરપકડ

રાજકોટ : શહેરના મવડી મેઇન રોડ પર શ્રીનાથજીની સોસાયટીમાં ગંજીપાના વડે જુગાર રમતો વિશાલ જીતેન્દ્રભાઇ ભીમાણી, હિરેન મહેશભાઇ રાઠોડ, આશિષ જેન્તીભાઇ અમરેલીયા, વિજય જેન્તીભાઇ અમરેલીયા, હરેશ ઉકાભાઇ ગોહેલ, ઇલા રાજેશભાઇ મલાણી, જયશ્રી મહેશભાઇ રાઠોડ અને ભારતી સંજયભાઇ રાઠોડને માલવીયાનગર પોલીસે ઝડપી લઇ વધુ કાર્યવાહી કરી છે, જ્યારે કુવાડવા માલીયાસણ ગામની સીમમાં પોલીસે જુગાર રમતો દેવજી ગાંડુભાઇ મેઘાણી, રવજી જાદવભાઇ ગોરીયા અને અરવિંદ બાબુભાઇ ગોરીયાને ઝડપી લઇ કાર્યવાહી કરી છે.

## મનપાના કોન્ટ્રાકટરને મારમારી ધમકી

રાજકોટઃ શીતલ પાર્કમાં રહેતા અને આરએમસીમાં ડોર ટુ ડોર કચરો ઉપાડવાનું કામ કરતાં કુર્ણાલભાઇ પ્રદિપભાઇ પટેલ ૧૫૦ ફુટ રીંગ રોડ પર ટીપરવાન પાર્કીંગમાં ગતા ત્યારે ગાડીઓનું મેન્ટેનેન્સનું તેમજ ડીઝલ પુરાવાનું કામ કરવા બાબતે સમજાવવા જતા ડ્રાઇવર વિક્રમ નારસંગ ડાંગર, સાગર બોરીચા અને તાન્સીન નીનામાએ ઢીંકાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ નોંધાવતા યુનિવર્સિટી પોલીસે ગુનો નોંધી આરોપીને પકડી લેવા કાર્યવાહી કરી છે.

## મવડી નજીક જાહેરમાં મારામારી કરનાર ૪ સામે ગુનો

રાજકોટઃ મવડી પ્લોટ નજીક વાહનને કાવો મારવા બાબતે કાર અને બાઇક ચાલક વચ્ચે સરાજાહેર મારામારીના બનાવમાં તાલુકા પોલીસે રોહિત અનિલભાઇ રાઠોડ, આર્ય દિનેશભાઇ સોરઠીયા, નીખિલ સગપરીયા અને સોહમ ગોસ્વામી સામે ગુનો નોંધી રોહિતની ધરપકડ કરી વધુ આરોપીને પકડી લેવા મથામણ કરી છે.

## શિક્ષકના મકાનમાં અને ટ્રાન્સપોર્ટની ઓફિસમાં ચોરી

રાજકોટ : શહેરના મોરબી રોડ પર રતનપર ગામમાં હીમલેન્ડ સોસાયટીમાં રહેતા શિક્ષક નીતિનભાઇ મહેશભાઇ પંડ્યા તેના પરિવારજનો સાથે સુતા હતા તે દરમિયાન ઉપરના માળે બાથરૂમની ગ્રીલ તોડી અંદર પ્રવેશી રૂા. પાંચ હજારની રોકડ તથા સોના-ચાંદીના દાગીના મળી કુલ રૂા. ૯૯ હજારની ચોરી કરી ગયાની ફરિયાદ નોંધાવતા કુવાડવા પોલીસે ગુનો નોંધી કાર્યવાહી કરી છે, જ્યારે ગુંદાવાડીમાં આવેલ શ્રી યદુનંદન ટ્રાન્સપોર્ટની ઓફિસના તાળા તોડી તસ્કરો ચાંદીના પાંચ સિક્કાની ચોરી કરી ગયાની અજયભાઇ સભાડે ફરિયાદ નોંધાવતા ભકિતનગર પોલીસએ કાર્યવાહી કરી છે.

# પોલીસે ગ્રામજનો, છાત્રોને આપી ઇ-એફઆઇઆર, ક્યુઆર કોડની સમજ



## પીઆઇ બી. એમ. ઝણકાટ, પીઆઇ વિક્રમસિંહ રાઠોડ અને ટીમોએ ટ્રાફિકના નિયમો અંગે પણ સમજ આપી

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટઃ કુવાડવા પોલીસ સ્ટેશન દ્વારા કાગદડી ગામે વિલેજ વિઝીટેશન અંતર્ગત ગામના સરપંચ, ગ્રામ પંચાયતના સદસ્યો અને ગામના આગેવાનો તથા ગ્રામજનો-યુવાનોની હાજરીમાં નાગેશ્વર મહાદેવના સાંનિધ્યમાં ગામલોકો સાથે વાર્તાલાપ કરવામાં આવ્યો હતો. તેમજ ઇ-એફઆઇઆર, ક્યુઆર કોડ અંગે માર્ગદર્શન અપાયું હતું. તેમજ મોબાઇલમાં સિટીઝન પોર્ટલ એપ ડાઉનલોડ કરાવડાવી તેના ઉપયોગનું મહત્વ અને ઉપયોગ કઇ રીતે થાય તે શીખવાડયું હતું. આ ઉપરાંત ગુજરાત પોલીસનાં વિવિધ હેલ્પલાઇન નંબર બાબતે જાણકારી આપવામાં આવી હતી અને ટ્રાફિક અવેરનેસ તથા સાયબર ક્રાઇમ બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કાર્યક્રમનાં અંતમાં નાગેશ્વર મહાદેવ મંદિરમાં ગામના લોકોએ રાખેલી પૂજામાં પણ પીઆઇ બી. એમ. ઝણકાટ અને સ્ટાફ જોડાયો હતો. તેમજ મહાદેવની આરતી ઉતારી હતી.

આ જ રીતે એરપોર્ટ પોલીસ સ્ટેશન દ્વારા ઉત્તર બુનિયાદી વિદ્યાલયના છાત્રોને પીઆઇ વિક્રમસિંહ રાઠોડ તથા ટીમના મુકેશભાઇ લોખીલ, અંશુમનભા ગઢવી, મહાવીરસિંહ ચુડાસમા, કેશુભાઇ વાજા, હેમતભાઇ સહિતે ઇ-એફઆઇઆર, ટ્રાફિકના નિયમો વિશે વિસ્તૃત માહિતી આપી હતી. શાળા સ્ટાફના હિરેનભાઇ, ભીખાભાઇ, વાલજીભાઇ, શૈલેષભાઇ અને રસિકભાઇ પણ હાજર રહ્યા હતાં.



## બાળાઓએ ફૂલકાજળીનું વ્રત ઉજવ્યું

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ : રવિવારે શ્રાવણ : સુદ ત્રીજના બાળાઓ ફૂલ સૂંઘી ફૂલકાજળીનું વ્રત રહી હતી અને વિદ્યાભ્યાસ -સારા આરોગ્યની કામના કરી હતી. શહેરના મંદિરોમાં ૭ થી ૧૨ વર્ષની બાળાઓએ ભગવાનનું પૂજન કર્યું હતું અને પૂરા દિવસનો ઉપવાસ કરવા સાથે મંદિરમાં જઈ દેવદર્શન પણ કર્યા હતા.

# મકાન વેંચવાના બહાને વેપારી સાથે ૯ કરોડની છેતરપિંડી

## શેર દલાલ આરોપીની ધરપકડઃ પૂછપરછ હાથ ધરાઇ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)**

રાજકોટ, તા.૧

શહેરના કાલાવડ રોડ પર કોટેચા ચોકમાં શાંતિ નિકેતન સોસાયટીમાં રહેતા ઉદ્યોગપતિને મકાન વેંચવાના બહાને શેર દલાલે નવ કરોડની છેતરપિંડી આચર્યું હોવાનું બહાર આવ્યું છે. કરોડોની કિંમતના બંગલાના બે વ્યકિતઓને વહેંચી ઠગાઇ કર્યાની ક્રાઇમ બ્રાંચમાં ફરિયાદ નોંધાવતા પોલીસે શેર બ્રોકર સામે ગુનો નોંધી તેની ધરપકડ કરી વિશેષ કાર્યવાહી કરી છે.

પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ કોટેચા ચોકમાં શાંતિ નિકેતન સોસાયટીમાં રહેતા ઉદ્યોગપતિ પ્રવિણભાઇ અમરશીભાઇ પરમારએ ફરિયાદ નોંધાવી હતી જેમાં આરોપી તરીકે એરપોર્ટ રોડ પર સદ્ગુરૂ વાટીકામાં રહેતા અનીલ અમૃતલાલ ગાંધીનું નામ આપ્યું હતું. ફરિયાદમાં જણાવ્યું હતું કે તેની બાજુમાં જ અનીલ ગાંધીનું રેવન્યુ સર્વે નં. ૪૪૩, પ્લોટ નં. ૧માં ૩૧૫ વારનું મકાન હોય જે વેંચવા કાઢેલ હતું જેથી વાતચીત કરતા રૂા.૮.૫૦ કરોડમાં નકકી કરેલ અને રૂ. ૨.૫૦ કરોડ રોકડ ચૂકવી આપેલ હતા જે અંગે વાત કરતાં મકાનના દસ્તાવેજ અને ઉત્તરોતર ફાઇલ મુંબઇ તેના પિતાના લોકરમાં પડી છે અને પિતાના અવસાન બાદ તે નોમીનેશનમાં હોય દસ્તાવેજ અપાવી દેવાનું જણાવ્યું હતું.

દરમિયાન મકાનનો દસ્તાવેજ કરી આપતા ન હોય દિવાની કોર્ટમાં દાવો દાખલ કર્યું હતું. સોસાયટીના પ્રમુખ રમાબેન માવાણીના ઘેર સમાધાનમાં એકઠા થયા હતા અને તેમાં વધુ ૫૦ લાખ દેવાના નક્કી થયા હતા જેથી મે ૯ કરોડ ચુકવી ધર્મેન્દ્ર કોલેજ ખાતે આવેલ સબ રજીસ્ટર ઓફિસમાં પુત્ર હર્ષીત પરમારના નામે દસ્તાવેજ કરાવી મકાનનો કબ્જો સંભાળી લીધો હતો અને મકાનની અસલ ફાઇલ ખોવાઇ ગયેલ હોય, ઉત્તરોતર દસ્તાવેજની ફાઇલ મળતી ન હોય તપાસ કરતાં અનીલ ગાંધીએ મકાનના દસ્તાવેજ સ્મીતભાઇ કનેરીયાને ૨૦૧૮માં કરી તેની અસલ ફાઇલ આપેલ અને બેંકમાંથી મકાનના નામે લોન લીધી હોવાનું જાણવા મળતા વાત કરી હતી જે અંગે ૧૫-૨૦ દિવસમાં દસ્તાવેજ આપવાનું કહી અનીલભાઇએ વિશ્વાસઘાત-છેતરપીંડી આચર્યાનું જણાવતા ક્રાઇમ બ્રાન્ચના પીએસઆઇ એ.બી. વોરાએ ગુનો નોંધી અનીલ અમૃતલાલ ગાંધીની ધરપકડ કરી આકરી પૂછપરછ કરી વધુ કાર્યવાહી કરી છે.


हर घर तिरंगा
તા.૧૩ થી ૧૫ ઓગસ્ટ-૨૦૨૨

રાજ્યના ૭૧ લાખથી વધુ NFSA રેશનકાર્ડ ધારકોની ૩.૪૪ કરોડ જનસંખ્યાને ઓગસ્ટ-૨૦૨૨ મહિનાના રાહતદરના નિયમિત વિતરણ તથા "પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના" ના વિનામૂલ્યે વિતરણ સબંધિત અગત્યની જાણકારી

જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ ઓગસ્ટ મહિનાનું નિયમિત વિતરણ તા.૦૧.૦૮.૨૦૨૨ થી શરૂ કરવામાં આવશે.
NFSA હેઠળ સમાવિષ્ટ તમામ લાભાર્થીઓને મળવાપાત્ર જથ્થાની વિગત નીચે મુજબ છે

| ક્રમ | આવશ્યક ચીજવસ્તુ | કેટેગરી | મળવાપાત્ર જથ્થો | ભાવ પ્રતિ કિ.ગ્રા રૂ.પૈસા |
|---|---|---|---|---|
| ૧ | ઘઉં | અંત્યોદય કુટુંબો | કાર્ડ દીઠ ૧૫ કિ.ગ્રા | ૨.૦૦ |
| ૨ | | અગ્રતા ધરાવતા કુટુંબો | વ્યક્તિદીઠ ૨ કિ.ગ્રા | |
| ૩ | ચોખા | અંત્યોદય કુટુંબો | કાર્ડ દીઠ ૨૦ કિ.ગ્રા | ૩.૦૦ |
| ૪ | | અગ્રતા ધરાવતા કુટુંબો | વ્યક્તિદીઠ ૩ કિ.ગ્રા | |
| ૫ | તુવેરદાળ | અંત્યોદય અને અગ્રતા ધરાવતા કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા | ૫૦.૦૦ |
| ૬ | ચણા | અંત્યોદય અને અગ્રતા ધરાવતા કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા (૫૦ વિકાસશીલ તાલુકાઓમાં) | ૩૦.૦૦ |
| ૭ | ખાંડ નિયમિત | અંત્યોદય કુટુંબો | ૩ વ્યક્તિ સુધી કાર્ડદીઠ ૧ કિ.ગ્રા ૩ થી વધુ વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા | ૧૫.૦૦ |
| ૮ | | બીપીએલ કુટુંબો | વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા | ૨૨.૦૦ |
| ૯ | તહેવાર નિમિત્તે ખાંડ | અંત્યોદય કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા | ૧૫.૦૦ |
| ૧૦ | | બીપીએલ કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા | ૨૨.૦૦ |
| ૧૧ | તહેવાર નિમિત્તે ખાદ્યતેલ (સીંગતેલ) | અંત્યોદય અને અગ્રતા ધરાવતા કુટુંબો | કાર્ડ દીઠ ૧ લીટર | ૧૦૦.૦૦ |
| ૧૨ | ડબલ ફોર્ટિફાઇડ સોલ્ટ | અંત્યોદય અને અગ્રતા ધરાવતા કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા | ૧.૦૦ |
| ૧૩ | કેરોસીન | કેરોસીન પાત્રતા ધરાવતા અંત્યોદય અને બીપીએલ કાર્ડધારકો | વ્યક્તિદીઠ ૨ લીટર / મહત્તમ ૮ લીટર | સ્થાનિક રીતે કલેક્ટરશ્રીએ નક્કી કરેલ રાહતદરે (પ્રતિ લીટર) |

"પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના"
રાજ્યના NFSA હેઠળ સમાવિષ્ટ તમામ ૩.૪૪ કરોડ લાભાર્થીઓને વ્યક્તિદીઠ ૧ કિ.ગ્રા. ઘઉં અને ૪ કિ.ગ્રા. ચોખા મળી કુલ ૫ કિ.ગ્રા. અનાજનું વિનામૂલ્યે વિતરણ તા.૧૧ ઓગસ્ટ થી કરવામાં આવશે

| ક્રમ | કેટેગરી | આવશ્યક ચીજવસ્તુ | મળવાપાત્ર જથ્થો | ભાવ |
|---|---|---|---|---|
| ૧ | અંત્યોદય કુટુંબો (AAY) અને અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિદીઠ ૧ કિ.ગ્રા | વિનામૂલ્યે |
| | | ચોખા | વ્યક્તિદીઠ ૪ કિ.ગ્રા | વિનામૂલ્યે |

"અન્નબ્રહ્મ યોજના"
ભૂખમરા અને કુપોષણથી થતા મૃત્યુને રોકવા માટે રેશનકાર્ડ ન ધરાવતા, ઘરવિહોણા વ્યક્તિ/કુટુંબ, અત્યંત ગરીબ/અશક્ત, નિરાધાર વ્યક્તિ, હોસ્પિટલના બિછાને પડેલ જરૂરિયાતમંદ દર્દી, વ્યક્તિ-કામદાર અને અનાથ બાળકોને અન્ન પૂરું પાડવાનાં હેતુસર વ્યક્તિદીઠ ૧૦ કિલો ઘઉં તથા ૫ કિલો ચોખા રાજ્ય સરકારની "અન્નબ્રહ્મ યોજના" હેઠળ વિનામૂલ્યે મળવાપાત્ર છે

વન નેશન, વન રેશનકાર્ડ યોજના
ગુજરાતના કોઈપણ ગામ કે શહેરમાંથી રેશનકાર્ડ કઢાવ્યું હોય, પરંતુ ધંધા-રોજગારને લીધે અન્ય ગામ કે શહેરમાં વસવાટ કરતા લાભાર્થી સમગ્ર રાજ્યમાં કોઈપણ ગામ કે શહેરમાં આવેલ કોઈપણ વાજબી ભાવની દુકાનેથી પોતાના કોઈપણ હાથના અંગૂઠા/આંગળીનો ઉપયોગ કરી પોતાની ઓળખ આપી અન્ન પુરવઠો મેળવી શકશે

દરેક લાભાર્થીને "My Ration" મોબાઈલ એપ્લિકેશન ડાઉનલોડ કરવા ખાસ વિનંતી છે. આ એપ્લિકેશનથી આપને મળવાપાત્ર જથ્થાની વિગતો, વિતરણ ભાવ, મેળવેલ જથ્થો, ઓનલાઈન રિસિપ્ટની વિગતો મેળવી શકશો.
MY RATION
અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત રાજ્ય

લાભાર્થી પોતાની ફરિયાદ હેલ્પલાઈન નં.૧૮૦૦-૨૩૩-૫૫૦૦, ૧૪૪૪૫ તેમજ "My Ration" મોબાઈલ એપ્લિકેશન દ્વારા નોંધાવી શકશે.

# જૈન સોશિયલ ગ્રુપ રાજકોટ એલીટ દ્વારા આયોજીત મેગા બ્લડ ડોનેશનમાં ૭૨૦ યુનિટ બ્લડ એકત્ર

## મેયર પ્રદીપભાઈ ડવ અને ડેપ્યુટી મેયર દર્શિતાબેન શાહની પ્રેરક ઉપસ્થિતિઃ લક્કી ડ્રો દ્વારા ૧૧ ભાગ્યશાળી રકતદાતાને ૨ સોનાની અને ૯ ચાંદીની ગીની અપાઈ



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧

જૈન સોશિયલ ગ્રુપ રાજકોટ એલીટ આયોજીત ગત તા.૩૧ રવિવારના રોજ મેગા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન જનકલ્યાણ એસી હોલ, જનકલ્યાણ સોસાયટી, એસ્ટ્રોન ચોકખાતે રેડફોર્ષ બ્લડ બેન્ક, ફીલ્ડ માર્શલ બ્લડ બેન્ક અને સિવિલ હોસ્પિટલ બ્લડ બેન્કના સહયોગથી કરવામાં આવેલ હતું.

આ મેગા બ્લડ ડોનેશન કેમ્પમાં વિભાબેન હિતેશભાઈ મહેતાનાં સ્મરણાર્થે માતૃ ગુલાબબેન અનીલભાઈ મહેતા પરિવાર તેમજ મનહરલાલ વર્ધમાનભાઈ સંઘવી, સ્વ.હર્ષદભાઈ ભુપતરાય સંઘવી તેમજ ઈન્દુભાઈ વોરા (વોરા ફાઉન્ડેશન) સહયોગી દાતા તેમજ લક્કી ડ્રો દ્વારા ૧૧ ભાગ્યશાળી રકતદાતાને ૨ સોનાની અને ૯ ચાંદીની ગીની આપવામાં આવેલ હતી. આ બ્લડ ડોનેશન કેમ્પના મેડિકલ પાર્ટનર સ્ટાર સિનર્જી દ્વારા બી.એમ.ડી., આર.બી.એસ., હાઈટ, વેઈટ, બ્લડપ્રેશર તેમજ ફીઝીશ્યન ડોકટરનું કન્સલ્ટન્ટ તદ્દન નિઃશુલ્ક કરી આપવામાં આવેલ. જેમાં ૨૫૦ થી વધુ લોકોએ લાભ લીધેલ હતો. તેમજ કોરોનાની સામે રક્ષણ આપતી વેકિસન તેમજ બુસ્ટર ડોઝની પણ વ્યવસ્થા આ કેમ્પમાં કરવામાં આવેલ. જેમાં ૨૦૦ થી પણ વધુ લોકોએ ડોઝ લીધેલ હતો. તેમજ એચ.ડી.એફ.સી બેન્ક દ્વારા આકર્ષક ગીફ્ટ તેમજ સન્માન પત્ર પણ આપવામાં આવેલ હતા.

આ મેગા બ્લડ ડોનેશન કેમ્પમાં મેયર ડો.પ્રદિપભાઈ ડવ, ડેપ્યુટી મેયર ડો.દર્શિતાબેન શાહ, હરેશભાઈ વોરા, મનીષભાઈ દોશી, નિલેશભાઈ કામદાર, સેજલભાઈ કોઠારી, નિલેશભાઈ કોઠારી, જીતુભાઈ કોઠારી, રાજુભાઈ બાટવીયા, ઈન્દુભાઈ વોરા, નીતેશભાઈ કામદાર, અનીષભાઈ વાઘર, અમીષભાઈ દેશાઈ-તપસ્વી ઈન્ટરનેશનલ સ્કૂલ, પ્રતિકભાઈ સંઘાણી, ડો.દિપકભાઈ મહેતા, અમીનેશભાઈ રૂપાણી, વિમલભાઈ ધામી, ધ્રુમિલભાઈ પારેખ, નિરાલીબેન પારેખ, મિતલભાઈ ખેતાણી, સેતુરભાઈ દેસાઈ, તેજસભાઈ બાવીસી, રાજુભાઈ પોબારૂ, મિલનભાઈ કોઠારી, ગોપી પટેલ, અનીલભાઈ દેસાઈ, કમલેશભાઈ શાહ વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહેશે.

આ કેમ્પમાં રાજકોટની નામાંકિત શૈક્ષણિક સંસ્થા વીવીપી એન્જીનિયરીંગ કોલેજ, આત્મીય કોલેજ તેમજ ગીતાંજલી કોલેજનાં વિદ્યાર્થીઓ તથા મોટી ઈન્ડસ્ટ્રીઝના કર્મચારીઓ જોડાઈને રકતદાન કરેલ, આ મેગા બ્લડ ડોનેશન કેમ્પમાં તમામ રકતદાતાઓને આયોજકો તરફથી આકર્ષક ગીફ્ટ, એક લાખની અકસ્માત વિમા પોલીસી તથા સર્ટિફિકેટ એનાયત કરવામાં આવેલ, પ્રિ-રજીસ્ટ્રેશન કરાવનાર રકતદાતાઓ વચ્ચે લક્કી ડ્રો દ્વારા ૪૦ ઈંચનું ટીવી, ૩૨ ઈંચનું ટીવી તેમજ ૫૦ લીટરનું ફ્રીજ ગીફ્ટ તરીકે જાહેર કરેલ. આ મેગા બ્લડ ડોનેશન કેમ્પમાં સિવિલ હોસ્પિટલ બ્લડ બેન્ક તથા રેડક્રોસ બ્લડ બેન્કનો વિશેષ સહયોગ મળેલ છે.

આ મેગા બ્લડ ડોનેશન કેમ્પમાં જૈન સોશિયલ ગ્રુપ રાજકોટ એલીટના પ્રમુખ બકુલેશ મહેતા, નિવૃત પ્રમુખ ઉદય ગાંધી, સેક્રેટરી અભય દોશી, પ્રોજેકટ ચેરમેન ચેતનભાઈ પંચમીયા, કો-પ્રોજેક્ટ ચેરમેન જીજ્ઞેશ બોરડીયા, સંકલન કમિટીના ઉપેન મોદી, મેહુલ દામાણી તેમજ પ્રોજેકટ કમિટીના પરાગ મહેતા, રૂષભ શેઠ, ધવલ શાહ, નિપેશ દેસાઈ, જીતુ પંચમીયા, જતીન શેઠ, આકાશ શાહ, ધવલ સંઘવી, વિમલ બાટવીયા, સુમેશ મહેતા સહિતના લોકો જહેમત ઉઠાવી હતી. તેમ યાદીમાં જણાવ્યું છે.(૧૩)

# શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષકો દ્વારા ૧૦ હજાર વૃક્ષારોપણ કરાશે

## રાજકોટ સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ દ્વારા પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીના જન્મદિવસની સેવા દિવસ તરીકે ઉજવણી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧

રાજકોટ સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ દ્વારા તા.૨ ને મંગળવારના રોજ પૂર્વ મુખ્યમંત્રી અને રાજકોટના પનોતા પુત્ર વિજયભાઈ રૂપાણીના જન્મદિવસે સેવા દિવસ તરીકે ઉજવવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ આયોજનના ભાગરૂપે સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ સંલગ્ન જીલ્લાની તમામ શાળાઓમાં ઝોન મુજબ અંદાજે ૧૦,૦૦૦ થી વધુ વૃક્ષારોપણ અને ફુલ-ઝાડના છોડના વિતરણ કરવામાં આવશે.

આ કાર્યક્રમ અંગે વધુ વિગત આપતા રાજકોટ સ્વનિર્ભર શાળા સંચાલક મંડળના પ્રમુખ ડી.વી. મહેતા એ જણાવ્યું હતું કે રાજકોટ જીલ્લાની તમામ ખાનગી શાળાઓ દ્વારા પર્યાવરણની શુધ્ધિકરણ અને સેવા કરવાના ઉદ્દેશ સાથે અંદાજે ૧૦,૦૦૦ જેટલા ફુલ-છોડના રોપાના વિતરણ અને વૃક્ષારોપણ શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવનાર છે. આ કાર્યક્રમ થકી વિદ્યાર્થીઓમાં અને સમાજમાં પર્યાવરણની જાળવણી માટે વૃક્ષોનો ઉછેર અને જતન અંગે સમજ કેળવાશે.

આ કાર્યક્રમને સફળ બનાવવા રાજકોટ સ્વનિર્ભર શાળા સંચાલક મંડળના પ્રમુખ ડી.વી. મહેતા, ઉપપ્રમુખ અવધેશભાઇ કાનગડ, ઉપપ્રમુખ ડો. ડી.કે. વડોદરીયા, મહામંત્રી પરિમલભાઇ પરડવા, પુષ્કરભાઇ રાવલ, ગુજરાત મહામંડળના પ્રમુખ ભરતભાઇ ગાજીપરા, ઉપપ્રમુખ જતિનભાઇ ભરાડ, સૌરાષ્ટ્ર ઝોન કન્વીનર જયદિપભાઈ જલુ અને મેહુલભાઈ પરડવા, પૂર્વપ્રમુખ અજયભાઇ પટેલ સહીત મંડળની કોર કમિટીના સભ્યોના માર્ગદર્શનમાં મંડળના તમામ હોદ્દેદારો, ઝોન ઉપપ્રમુખો, રાજકોટ જીલ્લાની શાળાઓના સંચાલકો, તેમજ દરેક શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી રહી છે.

### કેબિનેટમંત્રી રાઘવજી પટેલ અને ગોરધન ધામેલીયા દ્વારા

# ગૌશાળા અને પાંજરાપોળમાં લમ્પી વાયરસથી પીડિત પશુઓનું નિરીક્ષણ કરાયું

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧

રાજકોટ ડેરી અને પશુપાલન વિભાગ જિલ્લા પંચાયત રાજકોટ દ્વારા જિલ્લામાં લમ્પી વાયરસને નિયંત્રણમાં લેવા માટે યુધ્ધના ધોરણે રસીકરણની કામગીરી ચાલી રહી છે. ત્યારે રાજયમાં પશુઓમાં ફેલાયેલ લમ્પી વાયરસની મહામારીના નિરીક્ષણ માટે રાજયના કૃષિ અને પશુપાલન ખાતાના કેબિનેટમંત્રી રાઘવજીભાઈ પટેલ, રાજયકક્ષાના



મંત્રી અરવિંદભાઈ રૈયાણી, રાજકોટ દુધ સંઘનો અધ્યક્ષ ગોરધનભાઈ ધામેલીયા, રાજકોટનાં ધારાસભ્ય ગોવિંદભાઈ પટેલ, મેયર પ્રદિપ ડવ, દૂધ સંઘનાં મેનેજીંગ ડિરેકટર વિનોદ વ્યાસ અને સંઘના અધિકારીઓ વગેરે રાજકોટ તાલુકાના કોઠારીયા મુકામે શ્રી જય સરદાર ગૌસેવા ટ્રસ્ટની ગૌશાળા અને રાજકોટ મહાજન પાંજરાપોળ (બેડીપરા)ની મુલાકાત લીધેલ હતી. તેઓની ઉપસ્થિતિમાં રાજકોટ ડેરી દ્વારા ગૌશાળાનાં પશુઓનું વેક્સિનેશન કરવામાં આવ્યું હતુ.

આ તકે કેબિનેટમંત્રી રાઘવજીભાઈ પટેલે રાજકોટ ડેરી અને પશુપાલન વિભાગ જિલ્લા પંચાયત રાજકોટ દ્વારા રાજકોટ જિલ્લામાં કરવામાં આવેલ પશુઓનાં રસીકરણની માહિતી મેળવેલ હતી અને રાજકોટ ડેરીની કામગીરીથી સંતોષ વ્યકત કરેલ હતો. રાજકોટ ડેરી દ્વારા ૪૨૮ દૂધ મંડળીઓ સાથે જોડાયેલ પશુપાલકો તેમજ અન્ય જગ્યાએ દૂધ ભરાવતા પશુપાલકોના ૧.૬૫ લાખ પશુઓમાં રસીકરણની કામગીરી પૂર્ણ થઈ ગયેલ છે.

જયારે પશુપાલન વિભાગ, જિલ્લા પંચાયત-રાજકોટ દ્વારા ૧.૧૨ લાખ પશુઓમાં રસીકરણ થઈ ગયેલ છે. રાજકોટ ડેરીએ લમ્પી વાયરસની વેકિસનનો ખર્ચ અને વેકિસનેશનની કામગીરી કરતા એ.આઈ વર્કરને આપવામાં આવતા પ્રોત્સાહન સહિતનો કુલખર્ચ ૨૦.૭૦ લાખ ભોગવેલ છે અને પશુપાલકોને વિનામૂલ્યે વેક્સિન પુરી પાડેલ છે.

રાજકોટ જિલ્લામાં લમ્પી વાયરસથી વધુ અસરગ્રસ્ત રાજકોટ,

**રાજકોટ ડેરી દ્વારા ૪૨૮ દૂધ મંડળીઓ સાથે મળી ૧.૬૫ લાખ પશુઓની રસીકરણ કામગીરી પૂર્ણ**

જસદણ, વિંછીયા, ગોંડલ, કોટડા સાંગાણી અને પડધરી તાલુકાનાં ગામોમાં યુધ્ધનાં ધોરણે રસીકરણની કામગીરી કરી લમ્પી વાયરસને નિયંત્રણમાં લેવા માટે અથાક પ્રયત્ન કરી પશુપાલકોની મહામુલી મિલ્કત અને આજીવીકાનું સાધન એવું પશુધન બચાવવા અભિયાન ચલાવવામાં આવેલ છે અને હાલ આ તાલુકાઓમાં વેકિસનની ડિમાન્ડ પટેલ છે.

જેથી લમ્પી વાયરસ અંકુશમાં આવી રહ્યા સારા સંકેતો જોવા મળી રહ્યા છે. તેવું રાજકોટ ડેરીનાં અધ્યક્ષ ગોરધનભાઈ ધામેલીયાએ જણાવેલ હતુ. ગૌશાળાની મુલાકાત વખતે ગૌશાળાનાં ચેરમેન ગોરધનભાઈ લક્કડ, પ્રમુખ પ્રચાવાઈ અકબરી, ટ્રસ્ટી સંજયભાઈ ખુંટ, રાજુભાઈ કરસારીયા, પાંજરાપોળનાં પ્રમુખ શ્રેયસભાઈ વિરાણી હાજર રહી ગૌશાળા અને પાંજરાપોળની માહિતી આપેલ હતી. તેમ યાદીમાં જણાવ્યું છે.

# મેમનગર ગુરૂકુળ ખાતે ૪૬માં જ્ઞાનસત્ર પ્રસંગે ગૌરીપૂજનમાં બહેનોને શૈક્ષણિક સહાય કરવામાં આવી



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

અમદાવાદ, તા.૧

શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ મેમનગર ખાતે ૪૬મો જ્ઞાનસત્ર ચાલી રહ્યો છે. આ પ્રસંગે સ્વામી માધવપ્રિયદાસજીના વ્યાસાસને તથા પુરાણી બાલકૃષ્ણદાસજી સ્વામીની ઉપસ્થિતિમાં શ્રીમદ્ સત્સંગિજીવનની કથાનું રસપાન થઈ રહ્યું છે. શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્, અમદાવાદ દ્વારા અનેક સેવાના પ્રકલ્પો ચાલી રહ્યા છે, જેમાં ગૌરીપૂજનનું અનોખું આયોજન દર વર્ષે કરવામાં આવે છે. છેલ્લા ઘણાં વર્ષોથી, નબળી આર્થિકપરિસ્થિતિને કારણે દીકરીઓનો અભ્યાસ ન અટકે એવા હેતુથી ૧૦૮ દીકરીઓને વિદ્યાસહાય અર્પણ કરવામાં આવે છે. જ્ઞાનસત્ર પ્રસંગે તા.૩૧ જુલાઈના રોજ સોમનાથ સંસ્કૃત યુનિ.વેરાવળ, ગાંધીઆશ્રમ, અમદાવાદ, તક્ષશિલા ધંધુકા ખાતે એન્જીનીયરીંગ, મેડીકલ, એમ.બી.એ, સી.એ. વગેરે ઉચ્ચ શૈક્ષણિક અભ્યાસ કરતી ૧૦૮ દીકરીઓને વિદ્યાસહાય અર્પણ કરવામાં આવી હતી. બહેનોને સાંખ્યયોગી બહેનો તથા આર.ડી. વરસાણી, એપ્કો બિલ્ડર્સ નાઇરોબી, દ્વારિકાદાસભાઇ કસવાલા, ગુણવંતભાઇ સોજીત્રા વગેરેના હસ્તે શૈક્ષણિક સહાય રૂપે ચેક અર્પણ કરવામાં આવેલ.

# ભારત-તિબ્બત સંઘ દ્વારા વાર્ષિક સાધારણ સભા-કાર્યકારણીની બેઠક સંપન્ન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧

રાજેશ જે. ભાતેલીયા-સહ સંયોજક-મિડીયા-આઈ.ટી. (ગુજરાત પ્રાંત), ભારત-તિબ્બત સંઘની યાદી મુજબ ભારત અને તિબ્બેટના સંબંધને લઈને ગુજરાતમાં કામ કરતી ભારત-તિબ્બત સંઘની બીજી પ્રદેશ કારોબારી અને ગુજરાત પ્રાંતની વાર્ષિક સાધારણ સભા અને કાર્યકારણીની બેઠક તાજેતરમાં ઓનલાઈન યોજાઈ ગઈ.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રદેશ મહામંત્રી મહિલા વિભાગના જીજ્ઞાબેન ગામી સાવલીયાએ અને યુવા વિભાગ પ્રદેશ મંત્રી કર્મ ઢેબરએ કર્યું હતું. બેઠક પ્રચાર અને ટેકનિકલી સહાયતા શ્રી ગાર્ગેય ત્રિપાઠી, મુખ્ય સંયોજક, મીડિયા આઈ.ટી. વિભાગ ગુજરાત પ્રાંત દ્વારા કરવામાં આવી હતી તેમ રાજેશ જે. ભાતેલીયા-સહસંયોજક-મીડિયા-આઈ.ટી. (ગુજરાત પ્રાંત), ભારત-તિબ્બત સંઘની યાદીમાં જણાવાયું છે.

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

સૌરાષ્ટ્ર ક્રાંતિ સાંધ્ય દૈનિક

સૌરાષ્ટ્ર ક્રાંતિ સાંધ્ય દૈનિક પેપરની ઈ-પેપર PDF મેળવવા માટે આપના મોબાઈલ પરથી મો.70483 63882 અથવા તો 93752 17603 પર આપનું નામ, તેમજ શહેરનું નામ લખી વોટ્સએપ કરો.

# રાજકોટ સદભાવના વૃધ્ધાશ્રમમાં અંધશ્રધ્ધા નિવારણ કાર્યક્રમ યોજાશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

અમદાવાદ, તા.૧

**કાલે વિજ્ઞાન જાથાનો ચમત્કારોથી ચેતો કાર્યક્રમ યોજાશે**

જામનગર રોડ ઉપર આવેલ સદભાવના વૃધ્ધાશ્રમના ભાઈ-બહેનોમાં અંધશ્રધ્ધા નિવારણનો ભારત જન વિજ્ઞાન જાથાનો ચમત્કારોથી ચેતો લોકજાગૃતિ કાર્યક્રમ તા.૨ જી ઓગસ્ટ મંગળવાર સાંજે ૫ કલાકે મધ્યસ્થ હોલમાં યોજવામાં આવેલ છે. જેમાં જાથાના રાજય ચેરમેન-એડવોકેટ જયંત પંડયા વ્હેમ, અંધશ્રધ્ધા, ચમત્કારો ઉપર ધારદાર વકતવ્ય આપી વૈજ્ઞાનિક સમજ આપશે. કાંતિકારી સેવાભાવી વિજયભાઈ ડોબરીયા કાર્યક્રમનું ઉદઘાટન કરશે, જાથાનો ૧૦,૦૦૨ મો જનજાગૃતિ કાર્યક્રમ યોજાશે.

આ કાર્યક્રમમાં સદભાવના વૃધધાશ્રમના ટ્રસ્ટીઓ, દાતાઓ, આગેવાનો ઉપરાંત અપેક્ષાબેન, ખુશીબેન, એક્તાબેન માધવી બેન, અંજુબેન, બંસીબેન વૈજ્ઞાનિક ઉદઘાટનમાં ભાગ લઈ પોતાના વિચારો રજુ કરશે. વૃધ્ધાશ્રમના વ્યવસ્થાપક જામનગર રોડ, ખંડેરી સ્ટેડીયમની સામે ગ્લોરીયસ સિટી, આર. ડી. ગાર્ડી કોલેજવાળો સિધો રોડ, સદભાવનામાં સાંજે ૫ કલાકે આસપાસના ગ્રામજનો કાર્યક્રમમાં ભાગ લઈ શકશે. રાજયમાં પોતાના ગામ / શાળા અને છાત્રાલયમાં જનજાગૃતિ કાર્યક્રમ યોજવા ઈચ્છુકોએ મો. : ૯૮૨૫૨ ૧૬૬૮૯ ઉપર સંપર્ક સાધવા કાર્યાલય મંત્રી અંકલેશ ગોહીલની યાદીમાં જણાવાયું છે.

## અવસાન નોંધ

જેતલસર : મૂળ જેતલસર, હાલ જૂનાગઢ નિવાસી ઔદીચ્ય ઝાલાવડી બ્રાહ્મણ સ્વ. કનૈયાલાલ મણિશંકાર વ્યાસના પત્ની આશાબેન(ઉ.વ.૭૧) તે રશ્મિબેન નિલેશકુમાર જોશી, નેહાબેન કિરણકુમાર જોશી, ડિમ્પલબેન મિલનકુમાર જોશીના માતા, મનુભાઈ, ઇન્દુભાઈ વ્યાસના નાના ભાઇના પત્ની, ઉપેન્દ્રભાઈ (જેતપુર) ના કાકીનું તા. ૩૧ ના રોજ અવસાન થયું છે. બેસણું તા.૧ ને સોમવારે, સાંજે ૪ થી ૬, લોઢિયાવાડી, પલા હોલ જૂનાગઢ ખાતે તેમજ તા.૪ને ગુરૂવારે, ગાયત્રી મંદિર, જેતપુર ખાતે રાખેલ છે.

રાજકોટઃ સાધુ આત્મારામજી ચનારામજી દાણીધારિયા તે નિરવભાઈ દાણીધારિયાના પિતા તથા કિશનભાઈ દાણીધારિયાનાં મોટાબાપુનું તા.30 ના રોજ અવસાન છે. સદ્ગતનું બેસણું તા.૧ ને સાંજે ૪ થી ૬ તેમના નિવાસસ્થાન ૧૫ જાગૃતિ સોસાયટી, ભોમેશ્વર રાજકોટ રાખેલ છે.

# ગોંડલ તાલુકાના દાળીયા ગામ ખાતે દાળેશ્વર મહાદેવ મંદિર ખાતે ધ્વજારોહણ કાર્યક્રમ યોજાયો

## દાળેશ્વર સેવા મંડળ ટ્રસ્ટના ઉપક્રમે પૂજન, અર્ચન, મહાઆરતી અને મહાપ્રસાદ સહિતના કાર્યક્રમો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧

શ્રી દાળેશ્વર સેવા મંડળ ટ્રસ્ટના પ્રમુખ અનંતભાઈ ભટ્ટ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે પવિત્ર શ્રાવણ માસનો પ્રારંભ થયો છે ત્યારે રીબડા નજીક દાળીયા ગામ મુકામે આવેલ શ્રી દાળેશ્વર મહાદેવ મંદિર ખાતે શ્રાવણ માસના પ્રથમ દિવસે ધ્વજારોહણનો કાર્યક્રમ યોજાયો હતો.

ત્યારે ધ્વજારોહણ સહિત ભુદેવોની ધર્મસભાનું પણ આયોજન કરવામાં આવેલ ત્યારબાદ મહાઆરતી અને કાર્યક્રમ બાદ બહોળી સંખ્યામાં ભાઈઓ-બહેનો સૌ સાથે મળીને મહાપ્રસાદનો લાભ લીધો હતો. આ તકે દાળેશ્વર સેવા મંડળ ટ્રસ્ટના પ્રમુખ અનંતભાઈ ભટ્ટ અને મેનેજીંગ ટ્રસ્ટી કીશોરભાઈ ભટ્ટએ વધુમાં જણાવ્યું હતું કે આખા શ્રાવણ માસ દરમ્યાન શ્રી દાળેશ્વર મહાદેવ મંદિર ખાતે શ્રી ઔદીચ્ય સહસ્ત્ર ચીભડીયા બ્રહ્મસમાજના ભાઈઓ બહેનો માટે દરરોજ બપોરે ૧૨ કલાકે મહાપ્રસાદનું પણ આયોજન કરવામાં આવેલ છે જે જ્ઞાતિજનો માટે સિમિત રાખવામાં આવેલ છે. ત્યારે રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-ગુજરાતમાં વસતા તમામ ચીભડીયા બ્રહ્મસમાજના ભાઈઓ-બહેનોને પૂજન અર્ચન મહાપ્રસાદનો લાભ લેવા અનુરોધ કરવામાં આવેલ છે. ઉપરોકત આયોજનને સફળ બનાવવા દાળેશ્વર યુવા વિકાસ સમિતિના યુવાનો, સદસ્યો આખા માસ દરમ્યાન જહેમત ઉઠાવી રહ્યા છે. તેમજ જે કોઈ શ્રધ્ધાળુઓ પિતૃ પાછળ પોતાની તિથિ નોંધાવવા માંગતા હોય તો આ અંગે વધુ વિગત માટે શ્રી દાળેશ્વર સેવા મંડળ ટ્રસ્ટના પ્રમુખ અનંતભાઈ ભટ્ટ મો. નં.૯૮૨૫૦ ૭૮૧૩૧, ૯૩૭૭૭૧૩૭૮૭ અને કીશોરભાઈ ભટ્ટનો સંપર્ક કરવા જણાવાયું છે.

(અનુ.પ્રથમ પાનાનુ ચાલુ)

## આઝાદીનો અમૃત ઉત્સવ એક જન આંદોલનનું સ્વરૂપઃ વડાપ્રધાન મોદી

સોશિયલ મીડિયા પ્રોફાઇલ પિક્ચરમાં તિરંગો મૂકી આ જાણ આંદોલનને વધુ વેગવંતુ બનાવી શકીયે છીએ. વડાપ્રધાને ખેલાડીઓ અને વિદ્યાર્થીઓ માટે કહ્યું કે, આજે આપણા યુવાનો દરેક ક્ષેત્રમાં દેશને ગૌરવ અપાવી રહ્યા છે. આ મહિને પીવી સિંધુએ સિંગાપોર ઓપનનું પોતાનું પ્રથમ ટાઇટલ જીત્યું છે. પોતાના ઉત્કૃષ્ટ પ્રદર્શનને જારી રાખતા નીરજ ચોપરાએ વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં પણ દેશ માટે સિલ્વર મેડલ જીત્યો છે. ચેન્નાઈમાં ૪૪મી ચેસ ઓલિમ્પિયાડની યજમાની કરવી એ ભારત માટે પણ એક મહાન સન્માનની વાત છે. આ ટુર્નામેન્ટ ૨૮મી જુલાઈએ જ શરૂ થઈ છે અને મને તેના ઉદઘાટન સમારોહમાં હાજરી આપવાનો લહાવો મળ્યો. થોડા દિવસો પહેલા ધોરણ ૧૦ અને ૧૨ નું પરિણામ પણ દેશભરમાં જાહેર કરવામાં આવ્યું છે, હું તે તમામ વિદ્યાર્થીઓને અભિનંદન આપું છું જેમણે તેમની મહેનત અને સમર્પણથી સફળતા પ્રાપ્ત કરી છે.

## ૧૨.૨૯ લાખનો ચેક પાછો ફરવાના કેસમાં એક વર્ષની કેદ

વટાવ ખત અધિનિયમ હેઠળ ફરિયાદ દાખલ કરી હતી. જે ફરિયાદ કોર્ટમાં ચાલી જતા કોર્ટે ફરિયાદ પક્ષ તરફથી રજુ રાખવામાં આવેલ દસ્તાવેજી તથા મૌખિક પુરાવાઓ, સુપ્રીમ કોર્ટ તેમજ હાઈકોર્ટના ચુકાદાઓ ધ્યાને લઈ તેમજ ફરીયાદ પક્ષનાં એડવોકેટ દ્વારા કરવામાં આવેલ ધારદાર દલીલો કોર્ટે ગ્રાહ્ય રાખી આરોપી પેઢી લુસી ઓવરસીસ અને આશાપુરી કોર્પોરેશનના વહીવટકર્તા વિનયકુમાર હેમંતકુમાર દવેને એક વર્ષ કેદની સજા તથા રૂ. ૧૨,૨૯,૦૦૦ વળતર પેટે દિવસ ૩૦માં ફરિયાદીને ચુકવવાનો હુકમ કર્યો છે. આ કામમાં ફરિયાદી વતી એડવોકેટ તુષાર વાઘેલા તથા મયુરી પરમાર રોકાયા હતા.

(અનુ.છેલ્લા પાનાનુ ચાલુ)

## પડધરી, કુવાડવા, શાપર, મેટોડા, રોણકીમાં વિજ દરોડા

ટુકડીઓએ વીજ ચેકીંગ કરી વીજચોરી પકડી પાડી હતી. અંદાજે ૧૨ જેટલા ગામોમાં કાર્યવાહી હાથ ધરાય હતી. રાજકોટ ગ્રામ્યના પડધરી,કુવાડવા, મેટોડા, શાપર, રોણકીમાં પણ વીજ ચેકીંગ પીજીવીસીએલના કર્મચારીઓ દ્વારા કરાયું હતું. ૫૩ ટુકડીઓએ ઇન્ડસ્ટ્રીયલ એરીયામાં, વેપારીઓ અને ઘરોમાં વીજ ચેકીંગ ડ્રાઈવ ચલાવી હતી. જેમાં ૧૦ ગામોના ૬ ફીડરો આવરી લેવામાં આવ્યા હતાં.(૯)

## રાજકોટમાં રહેણાંક સહિત મચ્છર ઉત્પતિ સબબ ૭૨૩ આસામીને નોટીસ અપાઈ

અગાસી- છાપરા વગેરે પર પડેલા ભંગાર, ટાયર, ડબ્બા, ખાલી પાત્રોમાં જમા થયેલ વરસાદી પાણીનો નિકાલ કરવા, ઘરની આસપાસ ખાડા- ખાબોચિયામાં જમા થયેલ પાણીમાં બળેલ ઓઈલ નાખવા અને પશુ- પક્ષીને પીવા માટે રાખેલી પાણીની કુંડીઓ રાત્રે ખાલી કરી ઉંધી રાખવા અને સવારે જ તેમાં પાણી ભરવા મનપા આરોગ્ય વિભાગે તાકીદ કરી છે. (૧૩)

(અનુ.પ્રથમ પાનાનુ ચાલુ)

## સોનાના ભાવની અસરઃ ગોલ્ડ રિસાઈકિંલગમાં વધારો

મોટી સંખ્યામાં લોકો નવી જવેલરી ખરીદવા માટે જૂના ઘરેણાને એકસચેન્જ કરે છે. તેના કારણે રિસાઈકિંલગમાં વધારો થયો છે. અમદાવાદમાં રોજના ૬૦થી ૭૦ કિલો જવેલરીને રિસાઈકલ કરવામાં આવે છે. જવેલર્સ પણ તહેવારોની અને લગ્નની સિઝન માટે નવા ઘરેણા બનાવવા ૪૦ ટકા જવેલરીને રિસાઈકલ કરે છે. શનિવારે અમદાવાદમાં ૧૦ ગ્રામ સોનાનો ભાવ રૂ. ૫૩,૫૦૦ હતો.(૯)



(તસવીરઃ દિલીપ ગોહેલ)

# કોઠારીયા કોલોનીના કોટેશ્વર મહાદેવ મંદિરે સોમવારે પાટોત્સવ નિમિતે ગુલાબ પુષ્પ શ્રૃંગાર-દર્શન યોજાશે


રાજકોટઃ કોઠારીયા કોલોનીના આસ્થા પ્રતિક સમા કોટેશ્વર મહાદેવ મંદિરે શ્રાવણ માસ પ્રથમ સોમવારે પુનઃ પ્રાણ પ્રતિષ્ઠાનો આઠમો પાટોત્સવ ધામધુમથી યોજાશે દિવસભર ધાર્મિક અનુષ્ઠાનો યોજાશે. શિવજીનું પૂજન-અર્ચન કરવામાં આવશે. સમગ્ર મંદિરને રોશનીથી સુશોભન કરવામાં આવેલ છે. સાંજે કોટેશ્વર મહિલા મંડળ દ્વારા ધૂન-ભજનની રમઝટ બોલાવવામાં આવશે. ભગવાન શિવજીને ગુલાબના પુષ્પોનો શ્રૃંગાર-દર્શન યોજાશે.

સાંજે ૭:૩૦ કલાકે ૧૦૮ દીપદાન દીપમાળાની ઓમકાર મહાઆરતી કરવામાં આવશે. સમગ્ર મંદિર હર-હર મહાદેવના જયઘોષથી ગુંજી ઉઠશે. શિવલીંગ પર કાળાતલ



ચડાવવાથી ગ્રહ પીડાનાશ પામે છે. કોટેશ્વર મહાદેવ મંદિરે શ્રધ્ધા-ભકિતના દર્શન ભાવિકો દ્વારા થશે. ધર્મપ્રેમી ભાવિકોને દર્શન તેમજ મહાઆરતીનો લાભ લેવા કોટેશ્વર પરિવારના વિક્રમસિંહ જાડેજા (શિવ ઉપાસક), મહેન્દ્રસિંહ જાડેજા, બટુકસિંહ જાડેજા, પરેશભાઈ કારીયા, ક્રિપાલસિંહ જાડેજા, જયભાઈ આસોડીયા, સીધ્ધરાજસિંહ પી.જાડેજા, પ્રતાપસિંહ જાડેજા, રશ્વિનનભાઈ જાદવ, હિતેષભાઈ સોલંકી, શનિ જાદવ, હેમલ ચૌહાણ, વિશાલ ચૌહાણ, હિતેષભાઈ મીસ્ત્રી, દિલીપસિંહ જાડેજા, કિરીટસિંહસિંહ જાડેજા, ક્રિપાલસિંહ ઝાલા, મનોજ મકવાણા, અલ્પેશભાઈ ભીમજીયાણી, હિતેન જાદવ, રૂષીરાજસિંહ જાડેજા, અતિરૂધ્ધસિંહ ઝાલા, ધર્મદીપસિંહ જાડેજા, કુલસિંહ ઝાલા, ધર્મદીપ પરમાર તથા રસીકગીરી બાપુ ગોસ્વામી (અતીત) (પૂજારી) સહિતનાએ અનુરોધ કર્યો છે. તેમ મંદિરની યાદીમાં જણાવેલ છે.

# ત્રંબા મોહનધામ આશ્રમ ખાતે ભવ્ય કળશ યાત્રાનું આયોજન



રાજકોટઃ ભાવનગર રોડ પર આવેલ ત્રંબા ગામ મુકામે આવેલ મોહનધામ આશ્રમ ખાતે તા.૨ થી ૬ ઓગષ્ટ સુધી ૧૨૧ કુંડી અતિ મહારૂદ્રયજ્ઞની ભવ્યાતિભવ્ય આયોજન કરવામાં આવ્યું છે જેની તૈયારીને આજે આખરી ઓપ અપાયો છે.

આ યજ્ઞ વિશ્વ શાંતિ તેમજ પર્યાવરણ શુદ્ધિકરણ માટે આગવું મહત્વ ધરાવે છે. પરમ પૂજ્ય સંત શ્રી શામળા બાપાના આશીર્વાદ તેમજ પરમ પૂજ્ય સંત શ્રી મોહનદાસ બાપાના આશીર્વાદથી આ ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે જેમાં બંને સમય સૌ ભકતો માટે મહાપ્રસાદનું પણ આયોજન કરવામાં આવ્યું છે.વિશેષમાં આશ્રમ દ્વારા જણાવવામાં આવ્યું છે કે, આજે ત્રિવેણી સંગમ પર આવેલ ત્ર્યંબકેશ્વર મહાદેવ મંદિર ખાતેથી સાંજે વાગ્યાથી ભવ્ય કળશ યાત્રાનું આયોજન કરાયું છે.

આ યાત્રા માં સંત શ્રી મોહદાસ બાપા, આશ્રમ ના સેવકો તેમજ હજારો ભક્તો જોડાસે તેમજ યાત્રા બાદ મહાપ્રસાદનો લાભ લેશે અને આવતીકાલથી શરૂ થતાં આ ભવ્ય યજ્ઞમાં પણ હાજર રહી દર્શન તેમજ મહાપ્રસાદનો લાભ લેશે.

# માંગરોળ તાલુકાના કારેજ ગામે કાળેશ્વર મહાદેવ મંદિર



માંગરોળઃ પવિત્ર શ્રાવણ માસનો ત્રણ દિવસ પહેલાં પ્રારંભ થયો છે. શ્રાવણ મહિનાના પ્રારંભથી શિવાલયોમાં ઓમ નમઃ શિવાય હર હર મહાદેવના નાદ ગુંજી રહ્યા છે. ભાવિક ભક્તો ભોળાનાથના મંદિરે બિલીપત્ર, પુષ્પ, જલાભિષેક, દુધ અભિષેક સાથે ભોળાનાથની ભકિત કરી રહ્યા છે. ત્યારે આજે આપણે માંગરોળ તાલુકાના કારેજ ગામે આવેલ પ્રાચિન અને ઐતિહાસિક કાળેશ્વર મહાદેવ વિશે જોઈએ તો માંગરોળ તાલુકાના કારેજ ગામે અતિ પૌરાણિક અને ઐતિહાસિક કાળેશ્વર મંદિર વિશે લોક વાયકા મુજબ એવું કહેવાય છે કે ભગવાન સ્વામિનારાયણ જ્યારે નિલકંઠ સ્વરૂપે વન વિચરણ કરી રહ્યા હતા અને લોએજ ગામે રામાનંદ સ્વામીના આશ્રમે રહ્યા હતા ત્યારે ભગવાન સ્વામી નારાયણે કારેજ ગામે આવેલ ઓમકારેશ્વર મહાદેવ તથા બાજુમાં આવેલ પ્રાચીન માત્રીમાતા મંદિરે દર્શન કર્યા હતા

વર્ષો પહેલાં કાળેશ્વર મહાદેવની પીપળાના વૃક્ષ નીચે સ્થાપના થયેલ મંદિરના બાંધકામ માટે વડવાઓએ પીપળો હટાવવાની વાત કરી ત્યારે ભક્તોનું મન માનતું ન હતું તેથી પીપળો કોણ હટાવે તેવી ચર્ચા લાંબો સમય ચાલી સમય જતાં લોએજના ચૈતન્ય સ્વામીએ પીપળાને કંઠિ બાંધી ત્યાંથી પીપળો હટાવી ૧૯૬૨માં મંદિરનો ફરીથી જીર્ણોદ્ધાર થયેલ.

કારેજ ગામે બિરાજમાન કાળેશ્વર મહાદેવ મંદિરના હાલના પૂજારીના ચાર પેઢીના પૂર્વજ પૂજારી કનડગરબાપુ રાજાશાહી વખતમાં કાળેશ્વર મહાદેવ મંદિરની પૂજા કરતા જે તે સમયનું રૂપિયાનું ચલણ સોનાની કોરી હતું ત્યારે પાંચ કોરી મંદિરની અંદરથી પૂજારીને દરરોજ મળતા હતા જે વાત પૂજારી કોઈને કહી ન હતી પણ ભગવાન ભોળાનાથની કૃપા થઈ રહી છે એમ મનોમન સમજી ગયા સમય જતા પૂજારી ગામમાં ખેડૂતને ત્યાં શીખ માંગવા ગયા ત્યારે ખેડૂતે જે શીખ આપેલ તે કદાચ ઓછી હોય એટલે પૂજારીએ ખેડૂતને સંભળાવ્યું કે તારા જેવા શું આપતા મને મારો ભોળોનાથ મંદિરમાં દરરોજ પાંચ કોરી આપે છે. ત્યારથી મંદિરમાંથી દરરોજ મળતી પાંચ કોરી પુજારીને મળતી બંધ થઈ ગઈ હતી તેવી પણ લોકવાયકા છે

કારેજ ગામે આવેલ કાળેશ્વર મહાદેવ મંદિરે આશરે ત્રણેક દશકા પહેલાં શિવલીંગ ઉપરના નાગ દેવતાની પ્રતિમાની લંબાઈ વધારવા રીપેરીંગ માટે કેશોદમાં કંસારાની દુકાને મોકલવામાં આવેલ. ત્યારે રીપેરીંગ દરમિયાન કારીગરને નાગ દેવતાની પ્રતિમામાંથી સ્વંયભુ નાગદેવતા પ્રભાવિત થયા હતા. જેથી કારીગરે રીપેરીં નહી થઈ શકે તેવુ જણાવતાં નાગ દેવતાની નવી પ્રતીમા બનાવી પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. કાળેશ્વર મહાદેવ મંદિરની અંદર બિરાજમાન શિવલીંગમાં દર વર્ષે વધારો થતો હોવાનું તથા શ્રદ્ધાળુઓની મનોકામના પૂર્ણ થાય છે. તેવું ગ્રામજનો જણાવી રહ્યા છે. કાળેશ્વર મહાદેવ મંદિરે ભાવિક ભક્તો બિલીપત્ર, પુષ્પ, જલાભિષેક, દુધ અભિષેક, પુજા આરતી, ધુન, સત્સંગ સાથે ભાવિક ભક્તો શ્રદ્ધાપૂર્વક ભકિત કરે છે.

**શ્રાવણે શિવ દર્શનમ (વિશેષ અહેવાલ) (ગોવિંદ હડીયા)**

# ઉપલેટાના સમસ્ત લાઠ ગામ દ્વારા શ્રી શિવ મહાપુરાણ સપ્તાહ જ્ઞાનયજ્ઞનું ભવ્ય આયોજન



**(આશિષ લાલકીયા દ્વારા)**

ઉપલેટા, તા.૧

ઉપલેટા તાલુકાના લાઠ ગામ ખાતે સમસ્ત લાઠ ગામ આયોજીત શ્રી શિવ મહાપુરાણ સપ્તાહ જ્ઞાનયજ્ઞનું ભવ્ય આયોજન કરેલ છે. આ કથાનો પ્રારંભ રવિવારથી થયો છે જયારે કથાનો વિરામ શનિવાર તા.૬ ને શનિવાર રોજ થશે. લાઠ ગામ ખાતે યોજાયેલ આ કથાના વક્તા તરીકે પરમ પુ. શાસ્ત્રીજી પ્રફુલચંદ્ર પ્રાણશંકર કનાડા (ખરકડીવાળા) પોતાની આગવી શૈલીથી શિવકથાનું રસપાન કરાવશે. ઉપલેટા તાલુકાના લાઠ ગામના શ્રી કૈલાશધામ, લેવા પટેલ સમાજ ખાતે આ કથાનું આયોજન કરવામાં આવ્યું છે ત્યારે આ શ્રી શિવ મહાપુરાણ સપ્તાહ જ્ઞાનયજ્ઞનો લાભ લેવા તેમજ દર્શન અને રસપાન કરવા દરેક ધર્મપ્રેમી જનતાને આયોજકો દ્વારા હૃદયથી આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. આ તકે હરેશભાઈ (ડોક્ટર) નાદપરા તેમજ લાઠ ગામના યુવા સરપંચે દરેક દરેક ધર્મપ્રેમી જનતાને શ્રાવણ માસના પવિત્ર માસમાં આ કથાનો લાભ લેવા આમંત્રણ પાઠવેલ છે.

# બગદાણા ખાતે અખંડ રામધૂનનું આયોજન




સંત પૂ.બજરંગદાસ બાપાના ધામ બગદાણા ખાતે ભક્તિ આરાધના ના પવિત્ર શ્રાવણ માસમાં અખંડ રામધૂનનું આયોજન કરવામાં આવ્યું છે. છેલ્લા બે દાયકાથી ચાલી આવતી પરંપરા મુજબ આ વર્ષે પણ શ્રાવણ માસ નિમિત્તે સતત એક મહિના માટે દિવસ રાહત એમ ૨૪ કલાક સંગીતમય અખંડ રામધૂનના પાઠ થઈ રહ્યા છે.આ માટે બગદાણા સહિતના ગામોના ૧૨ મંડળો દ્વારા દર બે કલાક મુજબ મંડળો ભક્તિ ભાવપૂર્વક ભાગ લઇ રહ્યા છે.

જેમાં બે મંડળો બહેનોના પણ છે. સૌ તબલા,મંજીરા,કરતાલ અને તાળીઓના તાલે રામ નામની ધૂન સૌ જોડાયા છે. ગુરૂ આશ્રમ પરિસરમાં આવેલા નૂતન બાપા સીતારામ સત્સંગ હોલમાં દિવ્ય વાતાવરણમાં અખંડ રામધૂનનો નાદ ગુંજી રહ્યો છે. શ્રાવણ માસ પૂર્ણ થતા ભાદરવી અમાસના રોજ આ અખંડ રામધૂન સત્સંગ વિરામ પામશે.

# રામેશ્વરની સ્થાપનાઃ શ્રાવણી સત્સંગ

ભગવાન રામે જગતના જીવનો ઢંઢેરો પીટીને કીધુ છે કે શિવજી સમ અને મને બીજુ કોઇ વ્હાલુ નથી શિવજી તો મારા શ્વાસે શ્વાસે એમની પ્રતીતિ આપી રહયો છે. ભગવાનશ્રી રામે સર્વ મુખે કહે છે જે હરિ અને હરમાં ભેદ ગણશે તનો વાસ રૌરવ રૌરવ નરહમાં થશે મને શિવ સમાજ બીજુ કોઇ વહાલુ નથી જે મહાદેવનો વીસ હોય અને મારો ભકત કહેવડાતો હોય તે સપને પણ ગમતો નથી ભગવાન શંકરથી વિમુખ થઇને જે મારી ભકતની ઇચ્છા કરે છે તે મુરખોનો હાથ પકડવા કોઇ તૈયાર નથી માટે હે જગતના જીવો જો મુકિતનો માર્ગ મેળવા ઇચ્છતા હોય તો જો આ વાત ભુલાઇ ગઇ હોય તો ફરીને સાંભળી આ રામ ભગવાનનો બોલ છે શ્રી રામ ભગવાન પણ શિવજી શ્રીરામભગવાનને પ્રણામ પૂજા અર્ચના કરતા શ્રી રામ ભગવાનને પ્રણામ ૐ નમોઃ શિવાય



**સંકલનઃ શાસ્ત્રી બટુક મહારાજ**
**(સ્વામિનારાયણ મંદિરના પૂજારી કાળીપાટ)**

# આટકોટઃ નર્મદેશ્વર મહાદેવ



**(કરશન બામટા દ્વારા)** આટકોટ આજે શ્રાવણ માસ પ્રથમ સોમવારે નર્મદેશ્વર મહાદેવના મંદિરે આજે સવારથી જ ભક્તજનો ઉમટી પડ્યા હતા અને મહાદેવના પૂજા અર્ચના શણગારના દર્શન કર્યા હતા. આરતી લાભ મળ્યો હતો મહિલા દ્વારા સત્સંગ લાભ મળ્યો હતો. હર હર મહાદેવ નાદ સાથે મંદિર ગુજી ઉઠ્યું હતું. ભાદર નદી કાંઠે બિરાજમાન છે મહાદેવનું મંદિર વર્ષો પુરાણું મંદિર આવેલ છે.

# શિવલીંગની પૂજા કરવાથી બ્રહ્મા, વિષ્ણુ, મહેશ ત્રણેય દેવતાની પૂજનનું ફળ મળે છે




**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧

શ્રાવણ મહિનામાં શિવજીની ભકિત તથા વિષ્ણુ ભગવાનની ભકિત કરવાથી તમામ દુઃખમાંથી ઉગરી જવાય છે. શિવજી નિરાકાર હોવાથી શિવજીની પૂજા કરવામાં આવે છે.જાણો શિવજીની પૂજા કરવામાં ત્રણેય દેવતાની પૂજા આવી જાય છે. શિવલીંગની પૂજા કરવાથી બ્રહ્મા વિષ્ણુ, મહેશ ત્રણેય દેવતાની પૂજાનું ફળ મળે છે. કારણ શિવલીગના ત્રણ ભાગ છે. તે શ્લોક પણ આ પ્રમાણે છે. મલતો બ્રહ્મ રૂપાય મધ્યતો વિષ્ણુ રૂપિણે અગ્રત શિવરૂપાય આમ શિવલીંગના ત્રણ ભાગમાં વહેચાયેલી છે . એટલે કે સૌથી નીચેનો ભાગ બ્રહ્મા મધ્યમાં વિષ્ણુ અને સૌથી ઉપર શિવજીનો વાસ શિવલીંગ છે. એવી રીતે શિવલીંગની પૂજા ઉપાસના કરવાથી ત્રણેય દેવતાની પુજા થઇ જાય છે. શિવલીંગ ઉપર અભિષેક કરવાથી અનેક જાતની મુશીબતો દુર થાય છે.

(૧) જળઃ ૐ નમઃ શિવાયના જપ કરી જળ ચડાવાથી શરીરના બધા જ વિકારી નાશ પામે છે. (૨) સાકરઃ સાકરવાળુ પાણી ચડાવાથી નબળી આર્થિક સ્થિતિમાંથી મુકત થવાય છે (૩) કેશરઃ કેશરવાળુ જળ ચડાવાથી માન - સન્માન મળે છે. (૪) દૂધઃ ચડાવાથી આરોગ્ય સારૂ રહે છે. (૫) દહીં : ચડાવાથી સમસ્યામાંથી છુટકારો મળે છે. (૬) ઘીઃ ઘી ચડાવાથી રાજયોગ થાય છે. ચંદનવાળુ જળઃ ચડાવાથી વૈભવ વધે છે. (૭) મધઃ મધ ચડાવાથી જીવનમાં શાંતિ મળે છે. (૮) ભાંગ ચડાવાથી વિચારો શુધ્ધ થાય છે. (૯) શેરડીના રસથી અભિષેક કરવાથી લક્ષ્મીની પ્રાપ્તિ થાય છે. (૧૦) શત્રુદુર કરવા માટે સરસવના તેલથી અભિષેક કરવો. (૧૧) કાળાતલ ચડાવાથી શનિ રાહુ ગ્રહની પીડા દુર થાય છે. (૧૨) સંતાન પ્રાપ્તિ માટે ચોખાથી અભિષેક કરવો.તેમ શાસ્ત્રી રાજદીપ જોશી ,(વેદાંત રત્ન)એ જણાવેલ છે.

# પવિત્ર શ્રાવણ માસમાં શિવના બાર જ્યોતિર્લિંગની કથા અને મહત્વ



**કપુર ગૌરં કરૂણાવતાંર, સંસાર સારં ભુજગેન્દ્રહારમ ।**
**સદા વસન્ત હૃદયારવિન્દે ભવંભવાની સહિંતં નમામિ ॥**

રાજકોટઃ ૧૨ જ્યોતિર્લિંગનો મહત્વ અને મહિમા. ભગવાન શિવની ભકિતનો મહિનો ચાલુ છે. શિવમહાપુરાણ અનુસાર, એકમાત્ર ભગવાન શિવ એકમાત્ર દેવતા છે જે નિરર્થક અને સફળ બંને છે. આ જ કારણ છે કે એકમાત્ર શિવની પૂજા લિંગ અને મૂર્તિ બંને સ્વરૂપોમાં કરવામાં આવે છે. ભારતમાં ૧૨ મોટા જ્યોતિર્લિંગ છે. આ બધાનું પોતાનું મહત્વ અને મહિમા છે.એવું પણ માનવામાં આવે છે કે જો સાવન મહિનામાં ભગવાન શિવના જ્યોતિર્લિંગો જોવામાં આવે તો જન્મ પછી જન્મની સમસ્યાઓ દૂર થાય છે. આ જ કારણ છે કે સાવન મહિનામાં ભારતના ૧૨ જ્યોતિર્લિંગોની મુલાકાત માટે ભક્તો ઉમટતા હોય છે. આજે અમે તમને આ ૧૨ જ્યોતિર્લિંગનું મહત્વ અને મહિમા જાણીએ..

૧.સોમનાથઃ સોમનાથ જ્યોતિર્લિંગને ફક્ત ભારત જ નહીં પરંતુ આ પૃથ્વીનો પ્રથમ જ્યોતિર્લિંગ માનવામાં આવે છે. આ મંદિર ગુજરાત રાજ્યના સૌરાષ્ટ્ર વિસ્તારમાં આવેલું છે. આ મંદિર વિશે એવું માનવામાં આવે છે કે જ્યારે દક્ષ પ્રજાપતિ દ્વારા ચંદ્રને શ્રાપ આપવામાં આવ્યો હતો, ત્યારે ચંદ્રએ આ સ્થાન પર ધ્યાન કર્યું હતું અને આ શ્રાપથી મુક્તિ મેળવી હતી. એવું પણ કહેવામાં આવે છે કે આ શિવલિંગની સ્થાપના ખુદ ચંદ્રદેવે જ કરી હતી. વિદેશી આક્રમણને કારણે તે ૧૭ વખત નાશ પામ્યુ છે. દરેક વખતે તે તુટે છે અને તેની રચના કરવાનું ચાલુ રાખે છે.

૨.મલ્લિકાર્જુનઃ આ જ્યોતિર્લિંગ આંધ્રપ્રદેશમાં કૃષ્ણ નદીના કિનારે શ્રીસૈલ નામના પર્વત પર સ્થિત છે. આ મંદિરનું મહત્વ ભગવાન શિવના કૈલાસ પર્વત જેવું જ કહેવાય છે. ઘણા ધાર્મિક ગ્રંથો તેના ધાર્મિક અને પૌરાણિક કથાને સમજાવે છે.

એવું કહેવામાં આવે છે કે આ જ્યોતિર્લિંગને જોઈને જ વ્યક્તિને તેના બધા પાપોથી મુક્તિ મળે છે. એક દંતકથા અનુસાર, જ્યાં આ જ્યોતિર્લિંગ સ્થિત છે, તે પર્વત પર શિવની પૂજા કરવાથી વ્યક્તિને અશ્વમેધ યજ્ઞ જેવા પુણ્યફળ પ્રાપ્ત થાય છે.

૩. મહાકાલેશ્વર જ્યોતિર્લિંગઃ આ જ્યોતિર્લિંગ મધ્યપ્રદેશની ધાર્મિક રાજધાની તરીકે ઓળખાતા ઉજ્જૈન શહેરમાં સ્થિત છે. મહાકાલેશ્વર જ્યોતિર્લિંગની વિશેષતા એ છે કે તે એકમાત્ર દક્ષિણમુખી જ્યોતિર્લિંગ છે. અહીં દરરોજ સવારે પૂજા આખા વિશ્વમાં પ્રખ્યાત છે. વય વધારો અને વય સંબંધિત સંકટથી બચવા ખાસ કરીને મહાકાલેશ્વરની પૂજા કરવામાં આવે છે. ઉજ્જૈનના રહેવાસીઓ માને છે કે ભગવાન મહાકાલેશ્વર તેમના રાજા છે અને તેઓ ઉજ્જૈનનું રક્ષણ કરી રહ્યા છે.

૪.ઓમકારેશ્વરઃ ઓમકારેશ્વર જ્યોતિર્લિંગ મધ્યપ્રદેશના પ્રખ્યાત શહેર ઇંદોર નજીક સ્થિત છે. આ જ્યોતિર્લિંગ જ્યાં આવેલું છે, તે સ્થળે નર્મદા નદી વહે છે અને ડુંગરની આજુબાજુ નદી વહીને અહીં ૪ નો આકાર રચાય છે. ‘શબ્દ’ બ્રહ્માના મુખમાંથી આવ્યો છે. તેથી કોઈપણ ધાર્મિક ગ્રંથ અથવા વેદનું પાઠ ૭ સાથે કરવામાં આવે છે. આ જ્યોતિર્લિંગને આકાર એટલે કે, આકાર આપવામાં આવ્યું છે, જેના કારણે તે ઓમકારેશ્વર તરીકે ઓળખાય છે.

૫.કેદારનાથઃ કેદારનાથમાં જ્યોતિર્લિંગ ભગવાન શિવનાં ૧૨ મોટા જ્યોતિર્લિંગોમાં પણ આવે છે. તે ઉત્તરાખંડમાં આવેલું છે. બાબા કેદારનાથનું મંદિર બદ્રીનાથના માર્ગમાં આવેલું છે. કેદારનાથ સમુદ્ર સપાટીથી ૩૫૪ મીટરની ઉંચાઇ પર સ્થિત છે. કેદારનાથનું વર્ણન સ્કંદ પુરાણ અને શિવ પુરાણમાં પણ જોવા મળે છે. આ મંદિર ભગવાન શિવને ખૂબ જ પ્રિય છે. કૈલાસ મહત્વનું હોવાથી શિવએ કેદાર ક્ષેત્રને પણ મહત્વ આપ્યું છે.

૬. ભીમાશંકરઃ ભીમાશંકર જ્યોતિર્લિંગ મહારાષ્ટ્રના પૂના જિલ્લામાં સહ્યાદ્રી નામના પર્વત પર સ્થિત છે. ભીમાશંકર જ્યોતિર્લિંગ મોટેશ્વર મહાદેવ તરીકે પણ ઓળખાય છે. આ મંદિર વિષે, એવું માનવામાં આવે છે કે જે ભક્ત જે આ મંદિરને દરરોજ સવારે સૂર્ય ઉગતા પછી આદરપૂર્વક જુએ છે, તેના સાત જન્મોનાં પાપો દૂર થાય છે અને તેમના માટે સ્વર્ગ તરફ જવાના માર્ગ ખુલી જાય છે.

૭. કાશી વિશ્વનાથઃ વિશ્વનાથ જ્યોતિર્લિંગ ભારતના ૧૨ જ્યોતિર્લિંગોમાંનું એક છે. તે ઉત્તર પ્રદેશના કાશી નામના સ્થળે સ્થિત છે. કાશી તમામ ધાર્મિક સ્થળોમાં સૌથી વધુ મહત્વ ધરાવે છે. તેથી, તમામ ધાર્મિક સ્થળોએ કાશીનું ખૂબ મહત્વ હોવાનું કહેવાય છે. આ સ્થાનની માન્યતા એ છે કે હોલોકોસ્ટ પછી પણ, આ સ્થાન રહેશે. તેની સુરક્ષા માટે, ભગવાન શિવ આ સ્થાન તેમના ત્રિશૂળ પર રાખશે અને જ્યારે હોલોકોસ્ટ ટળી જાય ત્યારે કાશીને તેની જગ્યાએ પાછો મૂકશે.

૮.ત્ર્યંબકેશ્વરઃ આ જ્યોતિર્લિંગ ગોદાવરી નદીની નજીક મહારાષ્ટ્ર રાજ્યના નાસિક જિલ્લામાં સ્થિત છે. આ જ્યોતિર્લિંગની નજીકમાં બ્રહ્મગિરિ નામનો પર્વત છે. ગોદાવરી નદી આ પર્વતથી શરૂ થાય છે. ભગવાન શિવનું એક નામ ત્ર્યંબકેશ્વર પણ છે. એવું કહેવામાં આવે છે કે ગૌતમ ઋષિ અને ગોદાવરી નદીના આગ્રહથી ભગવાન શિવને અહીં જ્યોતિર્લિંગ સ્વરૂપે રોકાવું પડ્યું હતું.

૯.વૈદ્યનાથઃ શ્રી વૈદ્યનાથ શિવલિંગને તમામ જ્યોતિર્લિંગોની ગણતરીમાં નવમાં ક્રમ આપવામાં આવ્યો છે. ભગવાન શ્રી વૈદ્યનાથ જ્યોતિર્લિંગનું મંદિર જ્યાં આવેલું છે તેને વૈદ્યનાથ ધામ કહે છે. આ સ્થાન ઝારખંડ રાજ્ય (અગાઉના બિહાર) ના દેવઘર જિલ્લામાં આવે છે.

૧૦. નાગેશ્વર જ્યોતિર્લિંગઃ આ જ્યોતિર્લિંગ ગુજરાતની સીમમાં દ્વારકા સ્થાને સ્થિત છે. શાસ્ત્રોમાં, ભગવાન શિવ સર્પોના દેવ છે અને નાગેશ્વરનો સંપૂર્ણ અર્થ સર્પનો દેવ છે. ભગવાન શિવનું બીજું નામ પણ નાગેશ્વર છે. નાગેશ્વર જ્યોતિર્લિંગ પણ દ્વારકા પુરીથી ૧૪ માઇલ દૂર છે. આ જ્યોતિર્લિંગના મહિમામાં કહેવામાં આવ્યું છે કે જે વ્યક્તિ અહીં પૂર્ણ ભક્તિ અને શ્રદ્ધાથી મુલાકાત લે છે તેની બધી ઇચ્છાઓ પૂર્ણ થાય છે.

૧૧.રામેશ્વરમ જ્યોતિર્લિંગઃ આ જ્યોતિર્લિંગ તમિલનાડુ રાજ્યના રામાનાથપુરમ નામના સ્થળે સ્થિત છે. ભગવાન શિવનાં ૧૨ જ્યોતિર્લિંગોમાંના એક ઉપરાંત, આ સ્થાન હિન્દુઓના ચાર ધામોમાંનું એક પણ છે. આ જ્યોતિર્લિંગ વિશે એવી માન્યતા છે કે તેની સ્થાપના ભગવાન શ્રી રામ પોતે જ કરી હતી. ભગવાન રામ દ્વારા સ્થાપિત થવાને કારણે, આ જ્યોતિર્લિંગને ભગવાન રામ, રામેશ્વરમ નામ આપવામાં આવ્યું છે.

૧૨.ધૃર્ણેશ્વર મંદિરઃ ધૃર્ણેશ્વર મહાદેવનું પ્રખ્યાત મંદિર મહારાષ્ટ્રના ઓરંગાબાદ શહેર નજીક દૌલતાબાદ નજીક આવેલું છે. તે ધૃર્ણેશ્વર અથવા ઘુશ્મેશ્વર તરીકે પણ ઓળખાય છે. દૂર-દૂરથી લોકો અહીં દર્શન કરવા અને આધ્યાત્મિક શાંતિ મેળવવા આવે છે. ભગવાન શિવનાં ૧૨ જ્યોતિર્લિંગોમાં આ છેલ્લું છે.

બૌદ્ધ સાધુઓ દ્વારા બનાવવામાં આવેલી પ્રખ્યાત એલોરા ગુફાઓ આ મંદિરની નજીક સ્થિત છે. તે શ્રી એકનાથજી ગુરૂ અને શ્રી જનાર્દન મહારાજની સમાધિ પણ છે.

**-મિત્તલ ખેતાણી**
**(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)**

## રાજકોટ સહિત રાજયમાં શ્રીકાર મેઘમહેરથી સર્વત્ર ઉત્સવોના આનંદમય માહોલ

### રાજકોટ જિલ્લાનો આજ સુધીનો વરસાદ

| તાલુકો | વરસાદ (મી.મી.) | ટકાવારી |
|---|---|---|
| રાજકોટ | ૫૯૩ | ૭૩.૦૦% |
| ધોરાજી | ૩૪૧ | ૪૫.૫૯% |
| ગોંડલ | ૪૬૭ | ૬૦.૬૧% |
| જામકંડોરણા | ૫૫૪ | ૮૧.૯૭% |
| જસદણ | ૨૮૫ | ૪૮.૬૫% |
| જેતપુર | ૪૦૧ | ૫૫.૦૨% |
| કોટડાસાંગાણી | ૪૬૮ | ૬૨.૩૦% |
| લોધિકા | ૫૪૯ | ૭૫.૬૪% |
| પડધરી | ૨૯૧ | ૫૨.૫૪% |
| ઉપલેટા | ૩૮૮ | ૪૮.૮૧% |
| વિંછીયા | ૧૫૪ | ૨૭.૨૦% |
| સરેરાશ | ૪૦૮ | ૫૭.૭૭% |

### રાજયમાં ઝોન પ્રમાણે વરસાદ

| ઝોન | વરસાદ (મી.મી.) | ટકાવારી |
|---|---|---|
| સૌરાષ્ટ્ર | ૪૪૪.૨૩ | ૬૧.૯૯% |
| કચ્છ | ૫૩૬.૦૦ | ૧૧૭.૪૯% |
| મધ્ય-પૂર્વ | ૪૯૯.૪૪ | ૬૨.૦૦% |
| ઉત્તર ગુજરાત | ૪૧૦.૩૯ | ૫૭.૦૪% |
| દક્ષિણ ગુજરાત | ૧૨૧૭.૨૨ | ૮૨.૪૮% |
| સરેરાશ | ૫૯૬.૭૫ | ૭૦.૨૦% |

# અષાઢમાં અનરાધાર ૭૦ ટકા વરસાદ વરસ્યો

## ૩૧ જિલ્લામાં ૪૦ ઇંચથી વધુ વરસાદ, કચ્છ અને નર્મદા જિલ્લામાં ૧૦૦ ટકાથી વધુ મેઘમહેર, ૨૦૭ જળાશયોમાં ૬૦ ટકા જળસંગ્રહ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧

રાજ્યમાં અષાઢ મહિનામાં અનરાધાર ૭૦ ટકા વરસાદ વરસી ગયો છે. રાજ્યના ૨૦૭ જળાશયોમાં હાલ ૬૦ ટકા જળસંગ્રહ પણ થઇ ગયો હોવાથી પાક-પાણીની સ્થિતિ રાહતરૂપ બની છે.

રાજ્યમાં હાલ વરસાદની સ્થિતિ જોઈએ તો સૌરાષ્ટ્ર ઝોનમાં સરેરાશ ૪૪૪.૨૩ મીમી સાથે ૬૧.૯૯ ટકા મેઘમહેર વરસી ગઈ છે. સૌથી વધુ સાવ સુકા ગણાતા રણપ્રદેશ કચ્છ ઝોનમાં ચાલુ ચોમાસે અધધ ૫૩૬ મીમી સાથે ૧૧૭.૪૯ ટકા વરસાદ પડી ગયો છે. અમદાવાદ સહિતનાં મધ્ય-પૂર્વ ગુજરાતમાં ૪૯૯.૪૪ મીમી સાથે ૬૨ ટકા વરસાદથી રાહત અનુભવાઈ છે. ઉત્તર ગુજરાતમાં પણ ૪૧૦.૩૯ મીમી સાથે ૫૭.૦૪ ટકા વરસાદથી પ્રકૃતિ ખીલી ઉઠી છે. દક્ષિણ ગુજરાત ચાલુ ચોમાસે ૧૨૧૭.૨૨ મીમી વરસાદ સાથે જળબંબોળ બન્યું હતું. જ્યાં ૮૨.૪૮ ટકા વરસાદ પડી ચુક્યો છે.

રાજ્યમાં અછતગ્રસ્ત હોવાના ૧૨૫ મીમી (પાંચ ઇંચ) ના પેરામીટરમાંથી તમામ ૨૫૧ તાલુકા બહાર આવી ગયા છે. સરેરાશ ૫૯૬.૭૫ મીમી એટલે કે, ૨૪ ઇંચ જેવી મેઘમહેર વરસી ગઈ છે. જેમાં ૩૧ તાલુકામાં ૧૦૦૦ મીમીથી વધુ તો ૮૯ તાલુકામાં ૨૫૧ થી ૫૦૦ મીમી તથા ૩૦ તાલુકામાં ૧૨૬ થી ૨૫૦ મીમી વરસાદથી સર્વત્ર લીલોતરીની ચાદર પથરાવા સાથે પ્રકૃતિ સોળે કળાએ ખીલી ઉઠી છે. કચ્છ અને નર્મદા જિલ્લામાં ૧૦૦ ટકાથી વધુ મેઘકૃપા વરસી ચુકી છે.

સૌરાષ્ટ્રની વાત કરીએ તો સૌથી વધુ પોરબંદર જિલ્લામાં ૮૪.૫૨ વરસાદ વરસી ગયો છે. જો કે, દ્વારકા અને સોમનાથ જિલ્લામાં પણ અનુક્રમે ૮૧.૪૧ ટકા અને ૮૨.૬૪ ટકા મેઘમહેર થઇ છે. રાજકોટ જિલ્લામાં ૫૭.૭૭ ટકા, મોરબી જિલ્લામાં ૫૯.૧૪ ટકા, જામનગર જિલ્લામાં ૬૨.૧૪ ટકા જૂનાગઢ જિલ્લામાં ૭૨.૭૬ ટકા, અમરેલી જિલ્લામાં ૫૫.૨૧ ટકા, ભાવનગર જિલ્લામાં ૪૬.૩૬, બોટાદ જિલ્લામાં ૪૩.૩૯ ટકા અને સુરેન્દ્રનગર જિલ્લામાં ૪૬.૪૭ ટકા વરસાદ નોંધાયો છે.

નોંધનીય છે કે, રાજ્યમાં ચાલુ ચોમાસે આરંભ સાથે જ સારી મેઘકૃપા વરસવાથી અષાઢ મહિનામાં જ ૨૦૭ જળાશયોમાં ૬૦.૦૮ ટકા જળરાશી આવી ગઈ છે. જેમાં ૩૫ જળાશયો તો ઓવરફ્લો પણ થઇ ગયા છે.ખાસ કરીને સૌરાષ્ટ્રની જીવાદોરી સમાન બની ગયેલા નર્મદા ડેમમાં જ ૬૩.૩૧ ટકા જળસંગ્રહ થઇ જતા મોટી રાહત અનુભવાઈ છે. રાજકોટ જિલ્લાની સ્થિતિ જોઈએ તો ૨૭ ડેમોમાં ૬૨.૦૩ ટકા પાણી આવી ગયું છે. આજી-૨, આજી-૩, ફોફળ, ડોંડી, ન્યારી-૨, છાપરાવડી-૧, છાપરાવડી-૨, ભાદર-૨ ડેમ ઓવરફલો થઇ ગયા છે. ભાદર-૧ માં ૪૦ ટકા, આજી-૧ માં ૫૫ ટકા, ન્યારી-૧ માં ૬૦ ટકા જળરાશી ઉપલબ્ધ છે. સૌરાષ્ટ્રમાં જળાશયોની સ્થિતિ જોઈએ તો રાજકોટ જિલ્લાનાં ૨૭ ડેમોમાં ૬૨.૦૩ ટકા, મોરબી જિલ્લાનાં ૧૦ ડેમોમાં ૩૫.૪૪ ટકા, જામનગર જિલ્લાના ૨૨ ડેમોમાં ૬૨.૧૦ ટકા, દ્વારકા જિલ્લાનાં ૧૨ ડેમોમાં ૪૮.૪૪ ટકા, સુરેન્દ્રનગર જિલ્લાનાં ૧૧ ડેમોમાં ૨૦.૩૪ ટકા પાણી છે. જેમાં પોરબંદરનો સોરઠી ડેમ, દ્વારકાનો ઘી અને સોનમતી ડેમ, જામનગર જિલ્લાઓ પન્ના, આજી-૪ અને ઉમિયાસાગર ડેમ, મોરબી જિલ્લાનો મચ્છુ-૩ ડેમ ઓવરફલો થઇ રહ્યા છે. અન્ય ૮૦ થી વધુ જળાશયો પણ ૯૦ ટકાથી ભરાઈ ચૂક્યા છે.

## રાજકોટ જિલ્લામાં રાજયકક્ષાનો 'બેટી બચાઓ બેટી પઢાઓ' કાર્યક્રમ ઉજવાશે

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧



મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા નારી શક્તિને વંદન કરવા માટે રાજ્યભરમાં તથા જિલ્લા સ્તરે તા. ૧ થી ૭ ઓગસ્ટ વિવિધ થીમ અંતર્ગત નારી વંદન ઉત્સવની ઉજવણી કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉત્સવ અંતર્ગત તા.૧ થી ૭ ઓગસ્ટ મહિલા સુરક્ષા દિવસ, બેટી બચાઓ બેટી પઢાઓ દિવસ, મહિલા સ્વાવલંબન દિવસ, મહિલા નેતૃત્વ દિવસ, મહિલા કર્મયોગી દિવસ, મહિલા કલ્યાણ દિવસ, મહિલા અને બાળ આરોગ્ય દિવસની થીમ સાથે નારી વંદન ઉત્સવ ઉજવાશે.

રાજકોટ જિલ્લામાં નારી વંદન ઉત્સવની ઉજવણીને અનુલક્ષીને જિલ્લા કલેકટર અરૂણ મહેશ બાબુના અધ્યક્ષ સ્થાને મિટિંગ યોજાઈ હતી. કાર્યક્રમની રૂપરેખા આપતાં જિલ્લા મહિલા અને બાળ વિકાસ અધિકારીશ્રી જનકસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, રાજકોટ જિલ્લામાં ૧ થી ૭ ઓગસ્ટ વિવિધ થીમ આધારિત નારી વંદન ઉત્સવની ઉજવણી હાથ ધરવામાં આવશે.

આ ઉજવણી હેઠળ રાજકોટ જિલ્લામાં ૨ ઓગસ્ટના રોજ રાજયકક્ષાનો બેટી બચાઓ બેટી પઢાઓ દિવસનો કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમમાં વિવિધ યોજનાઓ હેઠળ લાભાર્થીઓને મંજૂરી હુકમ વિતરણ અને વિશિષ્ટ સિદ્ધી હાંસલ કરેલી નારીઓનું સન્માન કરવામાં આવશે.

આ બેઠકમાં નિવાસી અધિક કલેકટર કે.બી ઠક્કર, નાયબ જિલ્લા વિકાસ અધિકારી રાહુલભાઈ ગમારા, બ્રિજેશભાઈ કાલરીયા, અન્ન અને નાગરિક પુરવઠા અધિકારી અવનીબેન હરણ, જિલ્લા આરોગ્ય અધિકારી નિલેશ શાહ સહિતના સંબંધિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# "ઝરૂખો"

## આપણી મર્યાદાઓ સ્વીકારીએ તો સુખી થઇ શકીએ

માણસ અમીર હોય કે ગરીબ, જેને ઓછી ચિંતા હોય એ વધારે સુખી હોય છે. કારણ કે ચિંતા એટલે કે, ફિકર અને ઉતાવળ આ બંને જોડિયા ભાઈ છે અને આજના સમયના માનવીને તે વળગેલા છે.

અહીં એક રાકાને બાકાની કથા યાદ આવે છે. રાકા કઠીયારો હતો એ અને તેની પત્ની બાકા બંને વહેલી સવારમાં લાકડા કાપવા જતા એક દિવસ પતિ-પત્ની લાકડા કાપીને પાછા ફરી રહ્યા હતા. ત્યારે એક ઝાડ પાસે રાકાને સોનામહોરનો ઢગલો પડેલો જોયો. રાકા આગળ ચાલતો હતો અને તેની પત્ની પાછળ ચાલતી હતી. રાકાની નજર સોનામહોરો ઉપર પડી એટલે એને થયું જાત મહેનત વગરની કમાણી હરામની કમાણી કદાચ સોનામહોરો જોઈ પાછળ આવતી પત્નીનું મન લોભાઈ જાય કારણ તે સ્ત્રી છે અને તેને તે લેવાનો વિચાર થાય એટલે તેને ચાલતા- ચાલતા પોતાના પગથી એ સોનામહોર ઉપર ધૂળ ઉડાડીને ઢાંકી દીધી. એટલે પાછળ આવતી બાકાએ આ જોઇને કહ્યું કેમ આટલી ધૂળ ઉપર ઉડાડો છો. હવે આ બેમાંથી કોની આધ્યમિક કક્ષાને ઉંચી ગણીશું.



**જાગૃતિ દવે મિશ્રા (બરોડા)**

એ પણ માણસો હતા ને આપણે પણ માણસો છે. આવી દ્દષ્ટાંત કથાઓ બની ના હોત તો પણ તેમાં સત્ય છે. આપણી સંસ્કૃતિમાં ત્યાગની ભાવના સૌથી મોખરે છે. આજે સમૃધ્ધિનો, સંપતિનો ધોધમાર વરસાદી તોફાન પછી પણ એવી ભાવના સાવ મરી પરવારી નથી. કારણ કે સંસ્કૃતિ સાથે એ ભાવના ગૂંથાયેલી છે. પણ હવે એ ક્યાં સુધી ટકી રહેશે. એ કહેવું મુશ્કેલ છે. કારણ કે આજે વિવેક અને મર્યાદા આ બંનેનો લોપ થતો જાય છે. આજનો જમાનો વિપુલતાનો છે. આજના જમાનામાં એટલી બધી વસ્તુઓ એટલા બધા પ્રમાણમાં છે કે, વિવેકપૂર્વક તેનો ઉપયોગ કરવામાં આવે તો આખી માનવજાત સુખી થાય. પરંતુ માણસની વધુને વધુ મેળવવાની ઈચ્છાઓના કારણે વસ્તુઓ વિપુલ પ્રમાણમાં હોવા છતાં માણસ માણસની વચ્ચે અનેક પ્રકારની અસમાનતાઓ સર્જાય છે. માનવજાત અનેક પ્રકારની મુશ્કેલીઓ અને પરેશાનીમાં ધકેલાતો જાય છે.

માણસે એક વ્યકિત તરીકે પોતાના માટે અમુક મર્યાદાઓ નકકી કરવી જોઈએ એને પછી તમે ત્યાગ, વિવેક ગમે તે કહી શકો પરંતુ માણસે પોતાના માટે સ્વીકારેલી મર્યાદાઓ દ્વારા જ માણસ સુખી થઈ શકે છે. ઈચ્છા હોવા છતાં જયારે ઈચ્છિત વસ્તુ પ્રાપ્ત નથી થતી ત્યારે તેનું તેને દુઃખ થાય છે પરંતુ સહેલાઈથી પ્રાપ્ત થાય તેમ હોય ત્યારે એ જ વસ્તુ છોડી દેવામાં માણસને સુખનો અનુભવ થાય છે. આજનો માણસને નિરંકુશ થવું છે. એને અમર્યાદ સતા, બેફામ જિંદગી, જોઈએ છે. તે કોઈપણ જાતની મર્યાદા સ્વીકારવા તૈયાર નથી. પરંતુ જીવન પોતે જ મર્યાદિત છે અને ઘણીબધી મર્યાદા વચ્ચે તે પાંગર્યું છે જો એ મર્યાદા એક આકાશના તારાની જેમ નિરંકુશ ગતિથી એ પોતે જ સળગી જાય.




આપણે પારકુ મારે ના જોઈએ એ વાત બરાબર છે પણ જે મારું છે એ પણ મર્યાદિત પ્રમાણમાં જ હોવું જોઈએ એ સ્વીકારવું ઘણું અઘરૂં છે. પરંતુ જે એ સ્વીકારી શકે છે એ માણસમાં ખુમારીને સંતોષની ભાવના જન્મે છે. આ રાકાને બાકાની કથામાં વિવેક, સાદાઈ, મર્યાદાને ત્યાગની વાત આજે કોણ માનશે? આજે તો આ બધુ હાસ્યાસ્પદ ગણાય છે.

એટલે જ મિત્રો આજે જયારે સાધુ-સંતો પણ ધનની પાછળ દોડતા હોય ત્યાં આ ધૂળ ઉપર ધૂળ ઉડાવવાવાળી વાત કોણ માનશે. મોટા મોટા ઉદ્યોગપતિઓ પણ ધન પાછળ દોડયા હોય એવું સમજાય છે પણ આજે તો સંત, સાધુ અને ધર્મઆચાર્યાની કિંમત પણ એમની આવક-સંપતિથી જ ઓળખાય છે. ખરૂને તમે પણ વિચારો...

સૌને મારા જય શ્રીકૃષ્ણ

## જન્માષ્ટમી મહોત્સવના ધર્માધ્યક્ષ તરીકે મહંત નરેન્દ્રબાપુની વરણી



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧

સતત ૩૫ વર્ષથી અવિરત વિ.હિ.પ. પ્રેરીત યોજાતી જન્માષ્ટમી મહોત્સવ નિમિતેની શોભાયાત્રા આ ૩૬માં વર્ષે દર્શનીય ભવ્યાતિભવ્ય રીતે યોજાશે. સેંકડો ફલોટ, નાના-મોટા વાહનો, વેશભુષા, સાફાધારી યુવાનો, કળશધારી બાળાઓ, ફોર વ્હીલર, ટ્રેકટર, ઘોડા-હાથી, થ્રી વ્હીલર, ટુ વ્હીલર, રાસ-મંડળીઓ, ધૂન મંડળો, તલાવર બાજો, બેન્ડ, ઢોલ-નગારા સાથે યોજાતી શોભાયાત્રાના દર્શનનો લ્હાવો લેવા હજારોની સંખ્યામાં લોકો ઉમટી પડે છે. દર વર્ષે આ જન્માષ્ટમી મહોત્સવ સમિતિ દ્વારા શોભાયાત્રામાં ધર્માધ્યક્ષના વડપણ હેઠળ અનેક સંતો, મહંતો પણ આ શોભાયાત્રામાં જોડાય છે. આ વખતની જન્માષ્ટમી મહોત્સવ સમિતિના ધર્માધ્યક્ષ તરીકે મહંત શ્રી નરેન્દ્રબાપુ ની પસંદગી કરવામાં આવી છે. વિશ્વ પ્રસિધ્ધ સતાધારની જગ્યાના મહંત પ.પૂ. શ્રી જીવરાજબાપુ, ગુરૂશ્રી શામજી બાપુ દ્વારા વર્ષ ૨૦૧૪ માં સાધુ, સંતો, ભક્તોની હાજરીમાં શ્રી પંચદશનામ જુના અખાડામાં જેમને મહામંડલેશ્વરની ઉપાધી પ્રદાન કરવામાં આવી તેવા અમદાવાદ હાઈ-વે પર સ્થિત આપાગીગાના ઓટલાની જગ્યાના મહંત પૂ. નરેન્દ્રબાપુને જન્માષ્ટમી મહોત્સવ સમિતિના ધર્માધ્યક્ષ તરીકે જવાબદારી સોંપવામાં આવી છે.

તેમની ધાર્મિક, સામાજીક તેમજ માનવતાવાદી પ્રવૃતિઓ જોઈએ તો સુપ્રસિધ્ધ આપા ગીગાના ઓટલા દ્વારા રોજના ૩ થી ૪ હજાર લોકોને આ અન્નક્ષેત્રમાં મહાપ્રસાદની વ્યવસ્થા કરવામાં આવે છે. વર્ષોથી જુનાગઢ ખાતે યોજાતા મહાશિવરાત્રીના મેળામાં સતત અઠવાડીયા સુધી મહાપ્રસાદની વ્યવસ્થા કરવામાં આવે છે. આપા ગીગાના ઓટલામાં વિનામૂલ્યે ૨૪ કલાક ચા-નાસ્તો તથા રહેવા-જમવાની સુવિધા આપવામાં આવે છે. આ જગ્યામાં નિર્મિત ગૌશાળામાં ગૌસૈવંર્ધન ગાયોની ખૂબ સારી રીતે દેખરેખ રાખી ગૌ સેવાનું અતિપુણ્યશાળી કાર્ય કરવામાં આવે છે. આ જ સ્થળે અનેક શૈક્ષણિક સેમિનારો યોજવામાં આવે છે. સામાજીક ક્ષેત્રે પણ તેમનું યોગદાન ખૂબ મહત્વપૂર્ણ છે.

## પરપ્રાંતિયોને અનાજ પૂરૂં પાડતું પુરવઠા તંત્રઃ રાજકોટ જિલ્લામાં ૭૫૦૦ લાભાર્થીઓને રાશન

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧

કામધંધા કે મજૂરી માટે સ્થળાંતર થતાં લોકો ગમે તે સ્થળેથી, સરળતાથી રાશન મેળવી શકે તે માટે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વન નેશન, વન રેશનકાર્ડની ક્રાંતિકારી યોજના અમલી બનાવી છે. રાજકોટ જિલ્લામાં અનેક ઉદ્યોગો છે અને બહારના જિલ્લાઓ તેમજ અન્ય રાજયોમાંથી મોટી સંખ્યામાં લોકો અહીં રોજગારી માટે આવતા હોય છે, ત્યારે આવા લોકોના અન્નની સલામતી માટે જિલ્લા વહીવટી તંત્ર પૂરેપૂરી ચિંતા કરી રહ્યું છે. રાજકોટ જિલ્લા પૂરવઠા વિભાગે ગત માસમાં આશરે ૭૫૦૦ જેટલા લાભાર્થીઓને વન નેશન, વન રેશનકાર્ડ અંતર્ગત રાશનનો જથ્થો પૂરો પાડ્યો છે. રાજકોટ જિલ્લા કલેક્ટર અરૂણ મહેશ બાબુના માર્ગદર્શનમાં, જિલ્લા પુરવઠા અધિકારી અવની હરણના નેતૃત્વમાં પુરવઠા વિભાગ ઉદાહરણરૂપ કામગીરી કરી રહ્યું છે. જિલ્લા પુરવઠા વિભાગના જણાવ્યા પ્રમાણે, રાજકોટ જિલ્લામાં ૫૧૪૦ લાભાર્થીઓ એવા છે, જેમણે ગયા મહિને પોતાની મનપસંદ દુકાનેથી રાશન મેળવ્યું છે. જ્યારે રાજકોટ સિવાયના બહારના જિલ્લાના ૨૦૮૧ લાભાર્થીઓ તેમજ અન્ય રાજયના ૨૬૪ લાભાર્થીઓએ વન નેશન, વન રેશનકાર્ડ યોજના અંતર્ગત, પસંદગીની દુકાનેથી રાશનનો જથ્થો મેળવ્યો છે. પ્રધાનમંત્રીની આ ક્રાંતિકારી યોજનાનો બહોળા પ્રમાણમાં લાભ લેવા જિલ્લા કલેક્ટર દ્વારા લાભાર્થીઓને અનુરોધ કરાયો છે.

## 'આપ' ના ટ્રેડ વિંગ ગુજરાત પ્રદેશ પ્રમુખ શિવલાલ બારસીયાનો જન્મદિવસ



રાજકોટઃ આમ આદમી પાર્ટીના ટ્રેડ વિંગ ગુજરાત પ્રદેશ અધ્યક્ષ તેમજ આમ આદમી પાર્ટી રાજકોટ શહેરના પૂર્વ પ્રમુખ શિવલાલ બારસીયાનો જન્મદિવસ છે. તેઓ પૂર્વ ટ્રસ્ટી ખોડલધામ ટ્રસ્ટ, પૂર્વ પ્રમુખ ચેમ્બર ઓફ કોમર્સ, ઉપપ્રમુખ રાજનગર કો.ઓ.હા. સોસાયટી, પૂર્વ સલાહકાર ગુજરાત ઈલેકટ્રીક સીટી રેગ્યુલીટી કમિશન, (ગાંધીનગર), સભ્યશ્રી (સપ્યાલ કોડ) ગુજરાત ઈલેકટ્રીક સિટી રેગ્યુલીટી કમિશન, (ગાંધીનગર), ઈલેકટ્રીક લાઈસન્સ કોન્ટ્રકટર એસોસિએશનના પ્રમુખ તેમજ અનેક સંસ્થાઓ સાથે સંકળાયેલા છે. તેમના મો.નં.૯૮૨૫૦૭૯૦૨૨ પર જન્મદિવસની શુભકામનાઓ પાઠવી રહ્યા છે. 'સૌરાષ્ટ્ર ક્રાંતી' પરિવાર તરફથી જન્મદિવસની શુભકામનાઓ...

## વીરનગર પાસે સ્વીફ્ટ કાર પલ્ટી ખાઈ જતા બે લોકો ઈજાગ્રસ્ત

**(કરશન બામટા દ્વારા)**

આટકોટ, તા.૧



વીરનગર પાસે સ્વીફ્ટ કાર પલ્ટી ખાઇ જતાં બે લોકો ઈજાગ્રસ્ત થયા હતાં. જેને દવાખાને ખસેડવામાં આવ્યા હતા. રાજકોટ ભાવનગર હાઇ-વે વીરનગર પાસે મારૂતિ સ્વીફ્ટ કાર પલ્ટી ખાઇ ગઈ હતી. જેમાં સવાર બે લોકો ઈજાગ્રસ્ત થયા હતા તેમને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા વીરનગર ગામના સરપંચ નટવરલાલ સોલંકી તેની ટીમ દોડી ગયા હતા ત્યારે તેમણે જણાવ્યું હતું. આ વીરનગરથી આટકોટ સુધી હાઈ-વે પર ચાલીસ પચાસ ખાડાઓ પડ્યાં છે. જે બે ફુટ ઉંડા છે. જેના કારણે આ અકસ્માતના બનાવો બની રહ્યા છે. અમે રજૂઆત કરી હોવા છે છતાંય પગલાં ભરવામાં આવતા નથી. સતત વરસાદ પડતાં ધોવાણ થયું છે.

### વહેલી તકે રોડ પર ખાડા બુરવા માંગ

ડામરથી આ ખાડા બુરવામાં આવે આ રસ્તા પર ખાડા કારણે અવારનવાર અકસ્માત થતાં હોય છે. બાઇક ચાલક પણ પડી રહ્યા છે. વહેલી તકે ખાડા બુરવામાં આવે તેવી માંગણી ઉઠી છે.

આ કાર ખાડો તારવવા જતાં આ અકસ્માત સર્જાયો હતો કાર બે ગોથા ખાઈ ગઈ હતી. વહેલી તકે રોડ પર ખાડા બુરવામાં આવે તેવી માંગણી ઉઠી હતી ફોર વ્હીલર સારું એવું નુકસાન થયું છે.

## જસદણમાં બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો



**(કરશન બામટા દ્વારા)**

આટકોટ, તા.૧

રાજકોટ ઇન્ડિયન રેડ ક્રોસ સોસાયટી જસદણ તાલુકા શાખાના ઉદ્દઘાટન પ્રસંગે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. તેમજ ૫૦૦ થી વધુ વિદ્યાર્થીઓના નિઃશુલ્ક થેલેસેમિયા ટેસ્ટ અને ૭૦૦ થી વધુ વિદ્યાર્થીઓના બ્લડ ગ્રુપ ટેસ્ટ કરવામાં આવ્યાં હતા.

આ તકે રેડક્રોસ સોસાયટી રાજકોટના ચેરમેન દીપકભાઈ નારોલા, ડો.દીપકભાઈ રામાણી, ડો.કટેસિયા સર, ડો.વિરાજ ગોરવાડીયા, મનુભાઈ શિલું, ડોક્ટરહાઉસની ટીમ, આદર્શ ગ્રૂપના સદસ્યો, સમર્થ લેબના વિપુલભાઈ, કલ્પેશભાઈ તથા સંતો વિક્રમગીરી બાપુ, મહેન્દ્રગિરી બાપુએ આશીર્વચન આપ્યા આમ બહોળી સંખ્યામાં મહાનુભાવોની ખાસ હાજરી હતી.

આ કાર્યક્રમને સફળ બનાવવા આસ્થા સ્કૂલ ટીમ તથા રેડક્રોસ સોસાયટીના ચેરમેન દિલીપભાઈ શિલું, યતીન્દ્ર શિલું ખાસ જહેમત ઉઠાવી હતી.

### સિધ્ધનાથ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા શ્રાવણ માસ નિમિતે

## ૪૫૦ વૃક્ષોના રોપાનું વિનામૂલ્યે વિતરણ કરાયું

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૧



શ્રી સિધ્ધનાથ ચેરીટેબલ ટ્રસ્ટ તથા વનીકરણ વિભાગના સહયોગથી ઓમકારેશ્વર મહાદેવ મંદિર, રૈયા રોડ, રાજકોટ ખાતેથી ૪૫૦ વૃક્ષોના રોપાનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવેલ.

આ અંગે ડો.રાજેશભાઈ ત્રિવેદીએ જણાવેલ કે આજના સમયમાં માનવ જીવનનું લાંબુ અસ્તિત્વ ટકાવી રાખવા ઓકિસજન જરૂરી છે. તેના માટે કુદરતી ઈલાજ જો કોઈ હોય તો તે વૃક્ષ છે. વૃક્ષ વગર માનવી પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા મથી રહે છે. ગ્રીન ઘર, ગ્રીન શેરી, ગ્રીન સિટીના શુભ આશયથી વનીકરણ વિભાગના સહયોગથી ધાર્મિક, ફળાઉ તથા છાયો આપતા વૃક્ષોના ૪૫૦ રોપાનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવેલ. જેમાં તુલસી, બીલીપત્ર, જામફળી, ચીકુ, દાડમી, લીંબુ, આસોપાલવ, ગુલમહોર, સરગવો જેવા વૃક્ષોનું વિતરણ કરેલ. આ સમયે વી.વી.પી. કોલેજના ટ્રસ્ટી ડો. નરેન્દ્રભાઈ દવે, પી.ડી.યુ. મેડીકલ કોલેજના ડો. જી.યુ. કાવઠીયા, પોલીસ ઇન્સ્પેકટર અરવિંદસિંહ વાઘેલા, કોર્પોરેટર ડો. મોરજરીયા, શિક્ષણ સમિતિના અતુલભાઈ પંડિત, તેજશભાઈ ત્રિવેદી, શહેર ભાજપ કાર્યાલય મંત્રી હરેશભાઈ જોષી, આઈ.એમ.એ.ના સેક્રેટરી ડો. તુષાર પટેલ, ફોરેસ્ટર તૃપ્તિબેન જોષી, વોર્ડ પ્રમુખ હિતેશભાઈ મારૂ, બ્રહ્મ અગ્રણી કશ્યપભાઈ ભટ્ટ, જયેશભાઈ સંઘાણી વગેરે ઉપસ્થિત રહેલ. જયારે વૃક્ષ વિતરણ યજ્ઞમાં ડો. રાજેશ ત્રિવેદી, મેહુલભાઈ મહેતા, પ્રહલાદસિંહ, જાડેજા, મનીષભાઈ ત્રિવેદી, દીપકભાઈ ત્રિવેદી, રાજુભાઈ જુજા, વિમલભાઈ ત્રિવેદી, પી.આર.વ્યાસ, દક્ષ પંડ્યા, જયદેવસિંહ જાડેજા, વિપુલભાઈ ભટ્ટ, ભરતભાઈ સાદરીયા, શૈલેશભાઈ ઉનડકટ, રસિકભાઈ મોદી, ભીખુભાઈ ટાંક, દિલીપભાઈ વાળા, અશ્વિનભાઈ વાઘેલા, જગાભાઇ ભરવાડ, મહેન્દ્રભાઈ વરિયા વગેરે એ જહેમત ઉઠાવેલ. તેમ જણાવ્યું છે.

# દિવસે ૧ હજાર લોકોની અવર-જવર થતી હોય ત્યાં સીસીટીવી કેમેરા ફરજીયાતઃ રાજ્ય સરકારનો આદેશ



## ગુજરાત જાહેર સલામતી અમલીકરણ અધિનિયમ-૨૦૨૨નો આજથી અમલ થશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧

રાજ્ય સરકારે નાગરિકો પણ સુરક્ષા અને સલામતીમાં સામેલ થાય તેવા હેતુથી જનભાગીદારીથી સીસીટીવી કેમેરા સિસ્ટમ લગાડવા અને પ્રવેશ નિયંત્રણ પગલાં ફરજિયાત કરવાના હેતુથી ગુજરાત જાહેર સલામતી અમલીકરણ અધિનિયમ-૨૦૨૨નો આજથી અમલ કરવાનો નિર્ણય કર્યો છે. જે અંતર્ગત ૧ હજાર લોકો ભેગા થતા હોય અથવા દિવસ દરમ્યાન ૧ હજાર લોકોની અવર-જવર થતી હોય તેવી જગ્યાએ સીસીટીવી કેમેરા ફરજીયાત કરાયા છે અને ૩૦ દિવસના ફૂટેજ સાચવવાના રહેશે. પી.એસ.આઇ. કે તેથી ઉપરની કક્ષાના અધિકારીઓ ગુનાની તપાસ માટે આવા વીડિયો ફૂટેજ માંગી શકશે.

આ અધિનિયમ પ્રથમ તબક્કે રાજ્યના અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, જામનગર, ભાવનગર, જૂનાગઢ અને ગાંધીનગર એમ ૮ મહાનગરોમાં અમલમાં મુકવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ અધિનિયમના સરળતાથી અમલીકરણ માટે જાહેર સલામતી સમિતિની રચના જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા કરવામાં આવશે. મહાનગરપાલિકા વિસ્તારો માટે નિવાસી અધિક કલેક્ટરની અધ્યક્ષતામાં સમિતિ રચવામાં આવશે તેમજ નાયબ પોલીસ અધિક્ષકથી ઉપરની કક્ષાના ન હોય તેવા અધિકારી સભ્ય સચિવ રહેશે. નાયબ મ્યુનિસિપલ કમિશનર સમિતિના સભ્ય રહેશે, પોલીસ કમિશનરેટ વિસ્તારમાં સમિતિના સભ્ય સચિવ તરીકે નાયબ પોલીસ કમિશનર કામગીરી બજાવશે. જે વિસ્તારને અધિનિયમની જોગવાઇ લાગુ પડતી હોય તે વિસ્તારમાં આવેલા એકમોના એસોસિયેશનના ૩ કરતા વધુ ન હોય એટલા પ્રતિનિધિઓ પણ સમિતિના સભ્ય રહેશે તથા તેમની નિયુક્તિનો વધુમાં વધુ સમયગાળો બે વર્ષનો રહેશે.

આ અધિનિયમમાં એવી જોગવાઇ પણ કરવામાં આવી છે કે, જાહેર સલામતિ સમિતિ કે જાહેર સલામતિ પેટા સમિતી દ્વારા અધિકૃત કરવામાં આવ્યા હોય તેવા અધિકારી બે દિવસની નોટીસ - સૂચના આપ્યા પછી દિવસના વ્યાજબી કલાકોમાં આવા

## પ્રથમ તબક્કે ૮ મહાનગરપાલિકા વિસ્તારમાં અધિનિયમ અમલી કરાશે

એકમો, સંસ્થાઓમાં સી.સી.ટીવી કેમેરાની સિસ્ટમનું નિરીક્ષણ કરીને કોઇ પણ ડિફોલ્ટ અથવા ઉલ્લંઘનના કિસ્સામાં જાહેર સુરક્ષા સમિતીને પોતાનો અહેવાલ આપશે. આવી સમિતિ દ્વારા લેખિતમાં ભલામણ કરવામાં આવ્યા હોય તેવા જાહેર સલામતીના પગલાં ૬ મહિનાની અંદર ગોઠવવાનું સંબંધિત સંસ્થાઓ માટે ફરજીયાત રહેશે. કોઇ પણ વ્યક્તિ અથવા સંસ્થા જાહેર સલામતી સમિતિ દ્વારા કરવામાં આવેલા હુકમ સામે ૩૦ દિવસની મર્યાદામાં જિલ્લા મેજીસ્ટ્રેટને અપીલ કરી શકશે. તેવી જોગવાઇ પણ આ અધિનિયમમાં રાખવામાં આવેલી છે. જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા અપીલ દાખલ કર્યાની તારીખથી ૬૦ દિવસમાં નિર્ણય આપવાનો રહેશે તેમજ દંડની રકમ મહેસુલી રાહે વસુલ કરવાની રહેશે.(૯)

---

### વી.વી.પી. એન્જીનીયરીંગ કોલેજ-જ્ઞાનકેન્દ્ર દ્વારા

# નેશનલ ડીજીટલ લાઈબ્રેરી ઓફ ઈન્ડિયાનો જ્ઞાનસભર અવેરનેસ વેબિનાર યોજાયો

## એનડીએલઆઈમાં ૮ કરોડથી વધુ વિષયોના કન્ટેન્ટ ઉપલબ્ધ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧

સંસ્કાર સાથે શિક્ષણ આપતી આધુનિક ગુરૂકુળ સમાન વી.વી.પી. એન્જીનીયરીંગ કોલેજના જ્ઞાનકેન્દ્ર (લાઈબ્રેરી) દ્વારા વી.વી.પી.ના વિદ્યાર્થીઓ તથા કર્મચારીઓ માટે એનડીએલઆઈનો જ્ઞાનસભર યુઝર અવેરનેસ વેબિનાર યોજવામાં આવેલ. ભારત સરકારના શિક્ષણ મંત્રાલય દ્વારા સંચાલિત વિશ્વના અનેક લર્નીંગ રિસોર્સ જેવા કે, ઈ-બુકસ, વીડિયો લેકચર્સ, વગેરે વાંચન સાહિત્ય ઓનલાઈન સ્વરૂપે વિનામૂલ્યે નેશનલ ડીજીટલ લાઈબ્રેરી ઓફ ઈન્ડિયા (એનડીએલઆઈ) ના પોર્ટલમાં ઓનલાઈન ઉપલબ્ધ છે, તે એનડીએલઆઈના અવેરનેસ વેબિનારનું સુંદર આયોજન કરવામાં આવેલ. કાર્યક્રમના રિસોર્સ પર્સન તરીકે એનડીએલઆઈના આઉટરીચ મેનેજર મનાલીબેન ચૌધરી સેનગુપ્તા મેડમે એનડીએલઆઈ અને એડીએલઆઈ કલબ વિશે ખૂબ જ ઉંડાણપૂર્વકની માહિતી પ્રેકટીકલી સમજાવીને આપી હતી. તેમણે જણાવેલ કે, એનડીએલઆઈમાં ૮ કરોડથી વધું વિવિધ પ્રકારના વિષયોના કન્ટેન્ટ પ્રાપ્ય છે, ૫૧૩ પ્રકારના પબ્લીસર્સ, કન્ટ્રીબ્યુટર્સ છે, ૭૩ લાખ એનડીએલઆઈના યુઝર છે તથા ૯ લાખ એનડીએલઆઈ કલબના મેમ્બર છે. કાર્યક્રમ દરમિયાન પાર્ટીસીપન્સ દ્વારા પણ પ્રશ્નોતરી દ્વારા લાઈવ ઈન્ટરેકશન કરવામાં આવેલ. આ વેબિનારમાં વી.વી.પી.ના વિદ્યાર્થીઓ, વિભાગીય વડાઓ તથા કર્મચારીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા અને એનડીએલઆઈ તથા એનડીએલઆઈ કલબ વિશેની સંપૂર્ણ જાણકારી મેળવી હતી. વેબિનારના સફળ આયોજન માટે સંસ્થાના પ્રિન્સીપાલ ડો. જયેશભાઈ દેશકરના માર્ગદર્શન હેઠળ લાઈબ્રેરીના કર્મચારીઓએ જહેમત ઉઠાવી હતી. તેમ યાદીમાં જણાવ્યું છે.(૧૩)

---

### પુરૂષાર્થ યુવક મંડળ દ્વારા કાલે ન.પ્રા.શિક્ષણ સમિતિ સંચાલીત

# ૧૯ શાળાના ૧૪૭ તેજસ્વી વિદ્યાર્થીઓનો સન્માન તથા ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાશે



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧

પુરૂષાર્થ યુવક મંડળ, પ્રમુખ અને શહેર ભાજપના મહામંત્રી કિશોરભાઈ રાઠોડની એક યાદીમાં જણાવાયું છે કે શહેરના સામા કાંઠે આવેલ પુરૂષાર્થ યુવક મંડળ જે છેલ્લા ઘણા વર્ષોથી અનેકવિધ સામાજીક, સેવાકીય પ્રવૃતિઓ સાથે સંકળાયેલ છે અને વિવિધ સેવાકીય કાર્યોની સુહાસ ફેલાવી સેવા હી સંગઠન ના મંત્રને સાકાર કરતું રહયું છે.

ત્યારે સહકાર, સેવા અને સંગઠનના ધ્યેયથી કાર્યરત સંસ્થા પુરૂષાર્થ યુવક મંડળ દ્વારા શૈક્ષણીક ક્ષેત્રે વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવાના હેતુથી નગર પ્રાથમિક શિક્ષણ સંચાલીત ૧૯ જેટલી શાળાઓના ૧૪૭ થી વધુ વિદ્યાર્થીઓના સન્માન તથા ઈનામ વિતરણ કાર્યક્રમ કાલે તા.૨/૮, મંગળવાર સવારે ૯ કલાકે પૂ. રણછોડદાસજી મહારાજ પ્રા.શાળા નં.૧૫, રણછોડનગર સોસાયટી, શેરી નં.૧૦, વેકરીયા રોડ ખાતે યોજાશે.(૧.૩)

---

# પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણીના જન્મદિવસે ચક્ષુદાન- અંગદાન- દેહદાન જનજાગૃતિ અભિયાન

## આવતીકાલે દીકરાનું ઘર વૃધ્ધાશ્રમ અને વિવેકાનંદ યુથ કલબ દ્વારા ત્રિકોણબાગ ખાતે આયોજન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧

રાજકોટના પુજીત રૂપાણી ટ્રસ્ટના માધ્યમથી અનેકવિધ સેવાકીય પ્રવૃતિઓ કરનાર તેમજ સૌરાષ્ટ્રનાં પાટનગર રાજકોટને નવું બસ સ્ટેન્ડ, એરપોર્ટ, એઈમ્સ, અટલ સરોવર, ન્યુ રેસકોર્ષ, ઓવરબ્રિજ સહિતની અસંખ્ય ભેટ આપનાર પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીનો કાલે બીજી ઓગસ્ટ સેવાદિન તરીકે ઉજવવાનું છે. ત્યારે શહેરની જાણીતી સેવા સંસ્થા દીકરાનું ઘર વૃધ્ધાશ્રમ ઢોલરા તેમજ વિવેકાનંદ યુથ કલબ દ્વારા માનવતાની સૌથી શ્રેષ્ઠ પ્રવૃત્તિ ચક્ષુદાન- દેહદાન- અંગદાન જનજાગૃતિ અભિયાન શહેરનાં ત્રિકોણબાગ ચોકમાં ઢેબરભાઈની પ્રતિમા પાસે વિજયભાઈનાં જન્મદિવસે આવતીકાલે સાંજનાં ૫ થી ૭ હાથ ધરવામાં આવશે. સંસ્થા દ્વારા પસાર થતા રાહદારીઓ, સીટી બસમાં મુસાફરી કરતા પેસેન્જરોને ચક્ષુદાનની પત્રિકાનું વિતરણ કરાશે. તેમજ પોતાના મૃત્યુબાદ ચક્ષુદાન- દેહદાન- અંગદાન કરવા ઈચ્છતા લોકો સ્વૈચ્છિક રીતે સહાયપત્રો પણ ભરશે.

તેવું આયોજન કરેલ છે. સમગ્ર આયોજનની સફળતા માટે સંસ્થાનાં મુકેશ દોશી, અનુપમ દોશી, સુનીલ વોરા, નલિન તન્ના, ઉપેન મોદી, હસુભાઈ શાહ, પંકજ રૂપારેલીયા, જીતુભાઈ ગાંધી, જયેન્દ્ર મહેતા, મહેશ જીવરાજાની, પરિમલભાઈ જોષી, નૈષધભાઈ વોરા, ઉપીન ભીમાણી, અશ્વિનભાઈ પટેલ વગેરે કાર્યરત છે. તેમ યાદીમાં જણાવ્યું છે.

---

# મીઠાપુરમાં ઇ એફ આઇ આરનું લોન્ચિંગ કરાયું



(દિવ્યેશ જટણીયા દ્વારા)

મીઠાપુર, તા.૧

ઓખામંડળ તાલુકાના મીઠાપુર ગામે આવેલા સબરસ ભવન ખાતે આજે દેવભૂમિ દ્વારકા જિલ્લાના પોલીસ વિભાગનાં ડી વાય એસ પી નીલમબેન ગોસ્વામી દ્વારા ઇ એફ આઇ આરનું લોન્ચિંગ કરવામાં આવ્યું. આ ઇ એફ આઇ આર લોકોને સહેલાઇથી પોલીસ સ્ટેશન ગયા વિના જ પોતાની ફરિયાદ નોંધાવા માટે સહેલાઇ રહે તે બાબતે નીલમબેન ગોસ્વામી તથા મીઠાપુર ઇન્ચાર્જ પી આઇ પૃથ્વીરાજસિંહ દ્વારા વિસ્તૃત માહિતી આપવામાં આવી. આ પ્રસંગે મીઠાપુર અને સુરજકરાડીના આગેવાનો, પત્રકારો તથા ગૌશાળાના સભ્યો સાથે ઓખા નગરપાલિકાના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા અને ડી વાય એસ પી નું સ્વાગત કરવામાં આવ્યું હતું અને પોલીસની આ નવી સેવાઓને આવકારવામાં આવી હતી.(૧૩.૧૧)

---

### પંચનાથ હોસ્પિટલ તથા ધ્રુવ હોસ્પિટલ ખાતે

# સૌરાષ્ટ્રના જરૂરિયાતમંદ લોકો માટે નિઃશુલ્ક નેત્રયજ્ઞનું આયોજન


## મોતિયાનાં ઓપરેશન કરાવવા માટે દર્દીઓએ રજીસ્ટ્રેશન કરાવવું પડશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧

રાજકોટ અને સૌરાષ્ટ્રના જરૂરિયાતમંદ લોકો માટે નિઃશુલ્ક મોતિયાના ઓપરેશનનું આયોજન ફરી એક વખત રાષ્ટ્રસંત પરમ ગુરૂદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબની પ્રેરણાથી પંચનાથ ચેરીટેબલ ટ્રસ્ટ (પંચનાથ હોસ્પિટલ) અને ડો. અનિમેષભાઇ ધ્રુવની ઉત્કૃષ્ટ ભાવના અને સહયોગથી કરવામાં આવશે. પંચનાથ હોસ્પિટલ અને ધ્રુવ હોસ્પિટલમાં મોતિયાનું ઓપરેશન કરી આપવામાં આવશે.

આ નેત્રયજ્ઞમાં અહંમ યુવા સેવા ગ્રુપના તેજસભાઇ બાવીશી, તુષારભાઇ મહેતા, પંચનાથ હોસ્પિટલના ટ્રસ્ટી દેવાંગભાઇ માંકડ, મયુરભાઇ શાહ, જૈન અગ્રણી ડોલરભાઈ કોઠારી, મનોજભાઈ ડેલીવાળા, ઉપેનભાઇ મોદી તેમજ અહંમ યુવા સેવા ગ્રુપની સેવાભાવી ટીમ કાર્યરત છે. વિશેષ માહિતી માટે તેમજ નામ લખાવવા માટે ડોલરભાઇ કોઠારી- ૯૮૨૫૩ ૧૭૩૩૩, તેજસભાઇ બાવીશી - ૯૪૨૯૫ ૦૨૪૪૬, તુષારભાઇ મહેતા- ૯૪૨૮૨ ૬૬૦૮૬નો સંપર્ક કરવા વિનંતી છે.



મોતિયાના ઓપરેશન કરાવવા માટે રજીસ્ટ્રેશન કરાવવું અનિવાર્ય છે. આ માટેના ફોર્મ શ્રી ઉવસગ્ગહર સાધના ભવન, ૪-આફ્રિકા કોલોની, ૧૫૦ ફૂટ રીંગ રોડ, પાણીના ટાંકાની પાછળ, રૈયા ટેલિફોન એક્ષચેન્જ પાસેથી મળી શકશે. તેમ યાદીમાં જણાવ્યું છે.(૧૩.૧૧)

---

# જસદણમાં ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીની શાખા શરૂ



(ધર્મેશ કલ્યાણી દ્વારા)

જસદણ, તા.૧

ઇન્ડિયન રેડ ક્રોસ સોસાયટી જસદણ તાલુકા શાખાના ઉદ્દઘાટન પ્રસંગે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સાથે ૫૫૦ થી વધુ વિદ્યાર્થીઓના નિઃશુલ્ક થેલેસેમિયા ટેસ્ટ અને ૭૦૦ થી વધુ વિદ્યાર્થીઓના બ્લડ ગ્રુપ ટેસ્ટ કરવામાં આવ્યા હતા. આ તકે રેડક્રોસ સોસાયટી રાજકોટના ચેરમેન દીપકભાઈ નારોલા, ડો.દીપકભાઈ રામાણી, ડો.સોમેશ કટેસિયા, ડો.વિરાજ ગોરવાડીયા, મનુભાઈ શિલું, ડોક્ટર હાઉસની ટીમ, આદર્શ ગ્રુપના સદસ્યો, સમર્થ લેબના વિપુલભાઈ, કલ્પેશભાઈ તથા સંતો ઘેલા સોમનાથ મંદિરના મહંત વિક્રમગીરી બાપુ , મહેન્દ્રગિરીબાપુએ આશીર્વચન આપ્યા હતા. આમ બહોળી સંખ્યામાં મહાનુભાવોએ ખાસ હાજરી આપી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા આસ્થા સ્કૂલ ટીમ તથા રેડક્રોસ સોસાયટીના ચેરમેન દિલીપભાઈ શીલુ, યતીન્દ્ર શીલુ, ઓમકાર મંદિરએ ખાસ જહેમત ઉઠાવી હતી. તેમ યાદીમાં જણાવ્યું છે.(૧૩)

---

# કચ્છમાં મહાસતીજીઓના માસક્ષમણ પારણા મહોત્સવ ઉજવાયો



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧

રાષ્ટ્રસંત પરમ ગુરૂદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના સાનિધ્યે એક સાથે ત્રણ-ત્રણ સંયમી આત્માઓના ઉગ્ર માસક્ષમણ તપ આરાધનાનો પારણા મહોત્સવ અત્યંત ભક્તિભાવે ઉજવાતા કચ્છ ભૂમિના પુનડી ગામમાં આજના દિવસે એક અનોખો ઇતિહાસ સર્જાઈ ગયો હતો.

જૈન દર્શનમાં જેનું અનેરું મહત્વ દર્શાવવામાં આવ્યું છે એવી ૩૦-૩૦ દિવસ સુધી અન્નના એકપણ કણ કે ફળફળાદીના આહાર વિનાની સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધી માત્ર ઉકાળેલા પાણી સાથે ઉપવાસની ઉગ્રાતિઉગ્ર માસક્ષમણ તપની આરાધના ૨૦ વર્ષીય પૂજ્ય શ્રી પરમ આરાધ્યાજી મહાસતીજી, ૨૨ વર્ષીય પૂજ્ય શ્રી પરમ નમસ્વીજી મહાસતીજી તેમજ પાંચ મહિના પહેલા દીક્ષા અંગીકાર કરનારા ૨૩ વર્ષીય નૂતનદીક્ષિત પૂજ્ય શ્રી પરમ શુભમજી મહાસતીજીએ ગુરૂકૃપા એ નિર્વિઘ્ને પરિપૂર્ણ કરતા પુનડીના SPM આરોગ્યધામ ખાતે યોજાયેલા પારણા મહોત્સવમાં પ્રત્યક્ષ તેમજ લાઈવના માધ્યમે અનેક મહાસતીજીઓ તેમજ દેશ વિદેશના હજારો ભાવિકોએ જોડાઈને ભાવભીની અનુમોદના કરી હતી.

ત્રણેય તપસ્વી મહાસતીજીઓના લહેરાતા ધર્મધ્વજ અને નારાના ગુંજારવ સાથે શોભાયાત્રા દ્વારા વધામણા કરવામાં આવ્યા હતા. તપસ્વી આત્માઓની અનુમોદના કરતા આ અવસરે પરમ ગુરૂદેવે ફરમાવ્યું હતું કે પંચમ આ કાળમાં જ્યારે સંયમ અને તપની સાધના અત્યંત દુષ્કર બની રહી છે ત્યારે ધન્ય છે એવા ઉગ્ર તપસ્વીઓને, જે આ કાળમાં અનેક પ્રકારની કસોટીઓને પાર કરીને માસક્ષમણ તપ જેવી આરાધના કરી રહ્યા છે. જેમના અંતરનું શૌર્ય અને આત્મ વૈભવ ખીલેલા હોય એવા આત્માઓ જ ગમે તેવી એવી કસોટીઓમાં પણ અડગ રહી શકતા હોય છે.(૧૩.૧૧)

---

### યુવા સેના ટ્રસ્ટ દ્વારા સમાજમાં અનોખી પહેલ

# શ્રાવણ માસના છેલ્લા સોમવારે કુપોષિત બાળકોને કેસરવાળું દૂધ અપાશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧

સદાશિવ કરૂણાનિધાન ભગવાન શંકરની ઉપાસના કરવાનો પવિત્ર માસ એટલે શ્રાવણ માસ. શ્રધ્ધાળુઓ શ્રાવણ માસમાં શિવલિંગ પર જલાભિષેક, બિલ્વાભિષેક, પંચામૃત અભિષેક તેમજ દુગ્ધાભિષેક વડે ભગવાન આશુતોષને રીઝવવા પ્રયત્ન કરે છે. પરંતુ ભગવાન શિવ શ્રધ્ધા અને ભાવના ભૂખ્યા છે . સમાજમાં સ્લમ વિસ્તારમાં અનેક બાળકો કુપોષણથી પિડાઈ રહ્યા છે. એવા સમયે ભગવાન શંકરને આપણી ધાર્મિક શ્રધ્ધાને ઠેસ ન પહોંચે તે રીતે આપણે આપણાં ભાંડુઓ પ્રત્યે પણ સામાજીક ઉત્તરદાયિત્વ નિભાવીએ તો તે પ્રભુને વધુ રાજીપો આપશે અને પ્રસન્ન થશે.

યુવા સેના ટ્રસ્ટ દ્વારા શ્રાવણ માસમાં સામાજીક ચેતના જગાવવા આ સબબ અનોખી પ્રતિષ્ઠાત્મક પહેલ કરવામાં આવી રહી છે. સ્લમ એરિયાના કુપોષિત બાળકો માટે મંદિરોમાં શિવલિંગને ચઢાવાતું દુધની રકમ એકત્રીત કરી શ્રાવણ માસના છેલ્લા સોમવારના રોજ ટ્રસ્ટ દ્વારા ડ્રાયફ્રુટ કેસરવાળું દુધ આવા કુપોષિત બાળકો માટે આપવામાં આવશે. શ્રધ્ધાળુઓને વિનંતી કરવામાં આવે છે કે આપ માત્ર પ્રતિષ્ઠાત્મક રૂપે

**શિવલિંગને ચઢાવાતા દૂધની ૫૦% રકમ દાન આપવા શ્રધ્ધાળુઓને અપીલ**

શિવલિંગને દુગ્ધાભિષેક કરવા માટેની રકમની ૫૦ % રકમ સંસ્થાને દાન સ્વરૂપે આપી, જે આખા શ્રાવણ માસની એકત્રીત થયેલ રકમમાં ડ્રાયફ્રુટ કેસરવાળુ દુધ સ્લમ એરીયાના બાળકોને આપવામાં આવશે. આ અભિયાનમાં દાતાઓ રૂબરૂ આવી ન શકો તો ટ્રસ્ટના કાર્યાલયે (મો. ૯૯૧૩૩૧૦૧૦૦) સંપર્ક કરી કાર્યકર્તા આપની પાસે આવીને દાનની રકમ એકત્રિત કરી જશે. જેની રસીદ પણ આપવામાં આવશે. તેમ યાદીમાં જણાવ્યું છે.(૧૩)

---

# બુધવારે ૨૮૦મી ગ્રંથગોષ્ઠિ શૃંખલાનું આયોજન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૧

પ્રિન્સિપાલ ડી.પી. જોશી પબ્લિક લાઇબ્રેરીના ઉપક્રમે સાહિત્યરસિકો માટે દર મહિને યોજાતી ગ્રંથગોષ્ઠિ શૃંખલાની ૨૮૦મી બેઠકનું આયોજન તા.૩ ઓગસ્ટને બુધવારે સાંજે ૫ કલાકે સિસ્ટર નિવેદિતા નિરંતર શિક્ષણ કેન્દ્ર, ૩ બાલમુકુંદ પ્લોટ્સ ખાતે આયોજન કરેલ છે.

આ ગ્રંથગોષ્ઠિ શૃંખલાની બેઠકમાં આ વખતે 'કૃષ્ણાર્થે' પુસ્તકનો પરિચય જાણીતા લેખક વિરલભાઇ વૈષ્ણવ દ્વારા આપવામાં આવશે. આ ગ્રંથગોષ્ઠિ શૃંખલામાં ઉપસ્થિત રહેવા ઉષાબહેન જાની અને ગુલાબભાઇ જાની દ્વારા આમંત્રણ આપવામાં આવ્યું છે. તેમ યાદીમાં જણાવ્યું છે.(૧૩.૧૧)

**વાચકોએ નોંધ લેવી**

**કે કોઇપણ જાહેર ખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઇ બાહેંધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પુરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.**

**વ્યવસ્થાપકઃ સૌરાષ્ટ્ર ક્રાંતી**

---

## રવિવારે ૩૪ લોકો કોરોના પોઝિટિવ જણાયાઃ કુલ પોઝિટિવનો આંક ૬૪૫૩૦ થયો







# રાજકોટમાં રહેણાંક સહિત મચ્છર ઉત્પતિ સબબ ૭૨૩ આસામીને નોટીસ અપાઇ



## શરદી–ઉધરસના ૩૫૪, ઝાડા–ઉલ્ટીના ૯૪ અને સામાન્ય તાવના ૮૨ કેસઃ મેલેરીયાનો ૧, ચિકુનગુનિયાના ૨ અને ડેન્ગ્યુના ૩ કેસ

## ગયા સપ્તાહ દરમિયાન ૧૪,૬૪૮ ઘરોમાં પોરાનાશક કામગીરીઃ ૫૬૩ પ્રીમાઇસીસનો મચ્છર ઉત્પતિ સબબ તપાસ કરાઇ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૧

ચોમાસાની ૠતુ દરમ્યાન રાજકોટ શહેરમાં નોંધપાત્ર વરસાદ થયેલ છે. વરસાદની ૠતુ દરમ્યાન મીક્ષ ૠતુ અને અનુકૂળ વાતાવરણ મેળવતા ડેન્ગ્યુ, ચિકુનગુનિયાના અને મેલેરિયા કેસો જોવા મળે છે. મચ્છરો અને જીવજંતુના ઉપદ્રવને કારણે ગયા સપ્તાહમાં મેલેરીયાનો ૧, ચિકુનગુનિયાના ૨ અને ડેન્ગ્યુના ૩ કેસ નોંધાયા હતા.

રાજકોટ મહાનગર પાલિકાના આરોગ્ય તંત્ર દ્વારા ડેન્ગ્યુ, મેલેરિયા, ચિકુનગુનિયા વગેરે જેવા રોગોને નિયંત્રિત કરવા માટે સતત પ્રયાસો થઈ રહ્યા છે. આ રોગો માનવીની જીવનશૈલી સાથે સીધા સંકળાયેલા હોવાથી તેમાં લોકોનો સહકાર અત્યંત આવશ્યક છે. ત્યારે બીજી બાજુ શરદી-ઉધરસના ૩૫૪, સામાન્ય તાવના ૮૨, ઝાડા-ઉલટીના ૯૪ અને ટાઇફોડ, કમળો, મરડાનો એક પણ કેસ નોંધાયો નથી.

આ રોગચાળા દ્વારા ઉભા થતા જાહેર આરોગ્ય પડકારને પહોંચી વળવા માટે મનપા દ્વારા તમામ સ્તરે ઘનિષ્ઠ પ્રયાસો કરી રહ્યા છે. વાહક નિયંત્રણની કામગીરી હેઠળ ગત તા.૨૫ થી ૩૧ દરમ્યાન પોરાનાશક કામગીરી હેઠળ ૧૪,૬૪૮ ઘરોમાં પોરાનાશક કામગીરી કરેલ છે તથા ૧૬૯૨ ઘરોમાં ફોગીંગ કામગીરી કરેલ છે.

મચ્છરની ઘનતા વધુ હોય તેવા વિસ્તારોને વહિકલ માઉન્ટેન ફોગીંગ મશીન ફોગીંગ કામગીરી કરવામાં આવે છે. આ કામગીરી હેઠળ જે. કે. પાર્ક, સદભાવના રેસીડેન્સી, પ્રિયદર્શની સોસા., ન્યુ ગાંધીનગર, અક્ષર વાટીકા, અક્ષર પરીસર, અક્ષર એ.બી.સી., અક્ષર વિલા, ઓપલ સનસિટી, ગાયત્રીનગર, જીવરાજ રેસીડેન્સી, છોટુનગર કો.ઓ. સોસા., વાલ્મીકી આવાસ કવા., જંકશન પ્લોટ, ગાયત્રી પાર્ક, યાગરાજનગર આનંદ રેસી. પાસે, અંબીકા પાર્ક, અર્જુન પાર્ક - અમીન માર્ગ, છોટુનગર કો.ઓ. સોસા., મવડી કણકોટ રોડ, ક્રિસ્ટન હેવન એપા. આસપાસનો વિસ્તાર, કૈલાશ પાર્ક - ગોપાલ ચોક, સ્પીડવેલ પાર્ટી પ્લોટ પાસે, માટેલ સોસા., સ્વામીનારાયણ પાર્ક, મુરલીધર સોસા., ભકિતધામ સોસા., યુનિ. રોડ, કોટક બેંકની આસપાસનો વિસ્તાર, નુરાનીપરા, શિવધામ સોસા., છોટુનગર કો. ઓ. સોસા., છોટુનગર મફતીયાપરા, જુના વણકરવાસ - ૧, મોટા મવા ગામ, પરસાણાનગર, ૪૦ ફુટનો રોડ, મેઘમાયાનગર, વસંતવાટીકા, આદિત્ય પાર્ક, વિશ્વનગર આવાસ, મહાત્માગાંઘી કો. ઓ. હા. સોસા., જામનગર રોડ, ગાંધી સોસા. બાલાજીપાનની સામે, ગણેશ પાર્ક - ૧, દિપક સોસા., - ૧, આફ્રિકા કોલોની સોસા., રાઘા પાર્ક, લોટસ એવન્યુ પાર્ક, દિવ્યા પાર્ક, મવડી ફાયર સ્ટેશન સામેનો વિસ્તાર, કૃષ્ણનગર, આશ્રય સોસા., શ્રમજીવી સોસા., રામનગર, જાગનાથ પ્લોટ - ૧૦ યાજ્ઞિક રોડ, કિશાનપરા, શ્રી સિતાજી ટાઉનશીપ, હેમાદ્રી - ૧ તથા આસપાસનો વિસ્તાર, મોટા મવા પ્રાથમિક શાળાની સામેનો કાલાવડ રોડનો વિસ્તાર, શાસ્ત્રીનગર અજમેરા, પરમેશ્વર પાર્ક - ૧, માયાણી ચોક, ગુરૂદેવ પાર્ક શેરી નં. ૨ બીગબજાર પાછળ, છોટુનગર સોસા. મે. રોડ, મયુર પાર્ક - ૧, જયનાથ હોસ્પિટલ સામે વગેરે વિસ્તારો ફોગીંગ કામગીરી હેઠળ આવરી લેવામાં આવેલ છે.

ડેન્ગ્યુ રોગ અટકાયતીના ભાગરૂપે શહેરી વિસ્તારમાં રહેણાંક મકાન, દુકાન, એપાર્ટમેન્ટ, કોમર્શીયલ કોમ્પલેક્સ, ઔદ્યોગિક એકમો, વ્યાપાર ધંધાના સ્થળે મચ્છરોના ઉત્પતિ સ્થાનો જોવા મળશે તો જગ્યાના માલિક કે ભોગવટો કરનાર કે જવાબદાર આસામી સીધી રીતે જવાબદાર ગણી બાયલોઝ અંતર્ગત તેની વિરૂદ્ધ મચ્છર ઉત્પતિ સબબ નોટીસ તથા વહીવટી ચાર્જ વસુલાતની કામગીરી કરવામાં આવેલ છે. આ કામગીરી હેઠળ રહેણાંક સિવાય અન્ય ૫૬૩ પ્રીમાઇસીસનો મચ્છર ઉત્પતિ સબબ તપાસ કરવામાં આવેલ છે. જેમાં રહેણાંક સહિત મચ્છર ઉત્પતિ સબબ ૭૨૩ આસામીને નોટીસ આપવામાં આવેલ છે.

ડેન્ગ્યુ, મેલેરીયા જેવા રોગોથી બચવા શહેરીજનોને સાવચેતી માટે માર્ગદર્શન અપાયું છે. અગાસી કે બાલ્કનીમાં જમા થયેલ વરસાદી પાણીનો તુરંત નિકાલ કરવા, છોડનાં કુંડા, ક્યારા વગેરેમાં જમા થયેલા પાણીનો નિકાલ કરવા,

(અનુ.પાના નં.૪ ઉપર)

# ઈન્કમટેકસ રિટર્ન વેરીફીકેશનની સમય મર્યાદા હવે 30 દિવસ

## અગાઉની ૧૨૦ દિવસની સમય મર્યાદામાં ઘટાડોઃ નોટીફીકેશન જાહેર




(એજન્સી સમાચાર)
નવી દિલ્હી તા.૧

દેશમાં અન-ઓડીટેડ આવકવેરા રિટર્ન ફાઈલ કરવાની ગઈકાલે પૂર્ણ થયેલી મુદત બાદ આજે સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેકટ ટેકસ દ્વારા આવકવેરા રિટર્ન વેરીફાઈ કરવાની સમય મર્યાદા ૧૨૦ દિવસમાંથી ઘટાડીને 30 દિવસ કરવામાં આવી છે.

તા.૨૯ના રોજ જાહેર કરાયેલા એક નોટીફીકેશનનો અમલ આજે તા.૧ ઓગષ્ટ ૨૦૨૨ થી શરૂ થઈ ગયો છે. આ નોટીફીકેશન મુજબ આવકવેરા રીટર્નની ચકાસણી કે આઈઆઈટી-૫ સબમીટ કરવાની સમય મર્યાદા 30 દિવસની કરવામાં આવી છે. આ મુદત ઈન્કમટેક્ષ રીટર્નના ઈ-ફાઈલીંગની તારીખથી 30 દિવસ રહેશે.

# શનિવારે ઉપરાષ્ટ્રપતિ રાજકોટ એરપોર્ટ પર કલાકનું રોકાણ



## કલેકટર તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૧

ઉપરાષ્ટ્રપતિ વૈંકૈયા નાયડુ વેરાવળ, સોમનાથ અને દ્વારકા પ્રવાસે આવી રહ્યા છે. તા.૬ને શનિવારના રોજ સાંજે ૬ કલાકે રાજકોટ એરપોર્ટ પર આવી અંદાજે અર્ધાથી ૧ કલાક જેટલું રોકાણ કરનાર હોવાથી વ્યવસ્થા ગોઠવવા કલેકટર અરૂણ મહેશ બાબુએ સમગ્ર તંત્રની બેઠક બોલાવી હતી.

બેઠકમાં કલેકટર તંત્રના તમામ વિભાગો, મનપા, જીઇબી, પોલીસ સહિતના ખાતાઓના અધિકારીઓ હાજર રહ્યા હતા. આ અંગે કલેકટર અરૂણ મહેશ બાબુએ જણાવેલ નાયડુજીના પ્રવાસ અન્વયે કલેકટર કચેરી ખાતે મુખ્ય કન્ટ્રોલ રૂમ બનાવાશે. ઉપરાંત પીડીયુ હોસ્પિટલ ખાતે અલગ વોર્ડમાં તમામ વ્યવસ્થા ઉભી કરવામાં આવનાર છે. આ ઉપરાંત સર્કિટ હાઉસ બુક કરી તૈયારીઓ શરૂ કરવામાં આવી છે, ત્યાં પણ કન્ટ્રોલ રૂમ-ફોન-ફેકસ-હોટલાઇન-પોલીસ સુરક્ષા ઉપલબ્ધ રહેશે.

વૈંકૈયાજીના મુલાકાત માટે જડબેસલાક સુરક્ષા બંદોબસ્ત ગોઠવવામાં આવશે. વૈંકૈયાજી વાયુ સેનાના ખાસ વિમાન દ્વારા રાજકોટ પહોંચશે. ઉપરાંત ૩ હેલીકોપ્ટરો પણ એરપોર્ટ ખાતે આવનાર છે. એરપોર્ટ ખાતે વિમાનોની રૂટીન અવર-જવરને કોઇ મુશ્કેલી નહીં પડે તેમ પણ કલેકટરે ઉમેર્યુ હતું.

ઉપરાષ્ટ્રપતિના આગમન કારણે સમગ્ર રૂટ એરપોર્ટથી સર્કિટ હાઉસ સુધીના માર્ગને રીપેર કરવાની સાથે અન્ય કોઇ જરૂરીયાત હોય તો તે પણ પુરી કરવા માટે કલેકટરે જણાવ્યું હતું. વૈંકૈયાજીના સ્વાગત માટે તા. ૫ ને શુક્રવારના રોજ નિર્ણય લેવાશે. જેમાં પ્રોટોકોલનું ખાસ ઘ્યાન રાખવામાં આવશે.

ઉપરાષ્ટ્રપતિ તા.૬ના સાંજે આવશે, તે પહેલા ૫ મીએ તેમની એક ખાસ સુરક્ષા ટીમ દિલ્હીથી રાજકોટ આવશે.


અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક
શ્રદ્ધાંજલિ
–ઃશ્રદ્ધાંજલિની જાહેર ખબરઃ–
ફિક્સ સાઇઝ
(અંદરના પાને)
6 x 2.5: 200 Rs.
+5%GST
ફિક્સ સાઇઝથી વધુ સાઇઝની જાહેરાત આપવા ૬૦રૂ.(Per C.C) ચાર્જ થશે
122, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ
Mo: 9033344426


### લમ્પી રોગને લઈને તંત્ર હરકતમાં

# રાજકોટ જિલ્લાના એક ગામથી બીજા ગામમાં પશુઓની હેરફેર ઉપર પ્રતિબંધ





## લમ્પી સ્કીન ડીસીઝ અંગે કલેકટર અરૂણ મહેશ બાબુ દ્વારા જાહેરનામું બહાર પડાયુ : જાહેરનામાનો ભંગ કરનાર દંડ તેમજ શિક્ષાને પાત્ર થશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ.તા.૧

રાજકોટ જિલ્લાના એક ગામથી બીજા ગામમાં પશુઓની હેરફેર ઉપર પ્રતિબંધ મુકાયો છે. લમ્પી સ્કીન ડીસીઝ અંગે કલેકટર અરૂણ મહેશ બાબુ દ્વારા જાહેરનામું બહાર પડાયુ છે. અગાઉ રાજ્યના જિલ્લાઓમાં જિલ્લા બહાર હેરફેરની મનાઈ હતી. હવે આસપાસના ગામોમાં પણ પશુની હેરફેર નહીં થઈ શકે.

તંત્ર તરફથી મળતી માહિતી મુજબ હાલમાં રાજકોટ જિલ્લામાં પશુઓમાં લમ્પી સ્કીન ડીસીઝ જોવા મળેલ છે. આ રોગ એક પશુના બીજા પશુ સાથેના સંપર્ક દ્વારા કે પશુઓના શરીર પર ચોંટેલી ઈતરડી, માખી, મચ્છર વગેરેથી ફેલાતો હોય છે. આ રોગના સંક્રમણને અટકાવવા માટે કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ અરૂણ મહેશ બાબુ દ્વારા જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. જે અંતર્ગત અન્ય રાજ્યો/જિલ્લા/તાલુકાઓમાંથી એક ગામમાંથી બીજા ગામમાં પશુઓની હેરફેર કરવા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. પશુઓના વેપાર, પશુમેળા, પશુ પ્રદર્શન, પશુઓ સાથેની રમતો અને પશુઓને એકઠા કરવાના થતા હોય તેવા આયોજનો ઉપર મનાઈ ફરમાવવામાં આવી છે. કોઈ રસ્તામાં કે જાહેર જગ્યાએ ચેપી રોગવાળા જાનવરો તથા રોગવાળા મરેલા જાનવરોના મૃતદેહ અથવા તેના કોઈ ભાગને ખુલ્લા/છુટા છોડી દેવાની અથવા તેમને લાવવા લઇ જવા નહીં. લમ્પી સ્કીન રોગથી સંક્રમિત જાનવરો જે જગ્યાએ હોય તે જગ્યાનો ભોગવટો કરનારે અથવા રહેવાસીઓએ તે જગ્યાને સ્વચ્છ રાખવા તથા તેમાંથી રોગ બીજનો નાશ કરવા જણાવ્યું છે. આ ઉપરાંત જે પશુ લમ્પી સ્કીન રોગ થયો છે તેમ જણાતું હોય તેવા જાનવરોને એકમેકથી છુટા રાખવા તે મુજબની વ્યવસ્થા કરવા જણાવાયું છે. આ જાહેરનામું રાજકોટ ગ્રામ્ય જિલ્લાના સમગ્ર વિસ્તારમાં ૨૧ ઓગસ્ટ સુધી લાગુ રહેશે. આ જાહેરનામાનો ભંગ કરનાર દંડ તેમજ શિક્ષાને પાત્ર થશે.

# પડધરી, કુવાડવા, શાપર, મેટોડા, રોણકીમાં વીજ દરોડા

## વઢવાણ, થાન, મૂળી, હળવદમાં પણ વીજતંત્રની તવાઈ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૧

પીજીવીસીએલના વીજ દરોડા ચાલુ છે. સુરેન્દ્રનગર સર્કલના ડિવિઝન હેઠળના ૧૩ ગામોમાં વીજ ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. ૩૯ ટુકડીઓએ વઢવાણ,થાન,મૂળીના વેપારીઓની દુકાનોમાં ધોંસ બોલાવી હતી. અને વીજ ચેકીંગ કર્યું હતું. ૧૩ જેટલા આવરી લેવાયેલ ગામોમાં વીજ તંત્રએ સઘન ચેકીંગ હાથ ધર્યું હતું. મોટા પ્રમાણમાં વીજ ચોરી પકડાય હતી. અને આગળની કાર્યવાહી કરવામાં આવી હતી.

આ ઉપરાંત મોરબીના હળવદ ગ્રામ્ય વિસ્તારોમાં પણ વીજતંત્રની તવાઈ બોલાવાય હતી.

(અનુ.પાના નં.૪ ઉપર)

# રાજકોટ શહેર મહિલા કોંગ્રેસના પ્રમુખ તરીકે દિપ્તીબેન સોલંકીની વરણી



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૧

ગુજરાત પ્રદેશ મહિલા કોંગ્રેસ પ્રમુખ જેનીબેન ઠુંમર દ્વારા રાજકોટ શહેર મહિલા કોંગ્રેસના પ્રમુખ તરીકે દિપ્તીબેન સોલંકીની નિમણુંક કરાઈ. ત્યારે રાજકોટ શહેર કોંગ્રેસ પ્રમુખ પ્રદીપ ત્રિવેદી, કાર્યકારી પ્રમુખ સંજય અજુડિયા, રાજકોટ મનપાના વિપક્ષીનેતા ભાનુબેન સોરાણી, પ્રદેશ ઉપપ્રમુખ ગાયત્રીબા વાઘેલા, ડો. હેમાંગભાઈ વસાવડા, પ્રદેશ મહામંત્રી અશોક ડાંગર, દિનેશભાઈ મકવાણા, મહેશભાઈ રાજપૂત, જસવંતસિંહ ભટ્ટી, ભરતભાઈ મકવાણા એન.એસ.યુ. આઈ.પ્રમુખ નરેન્દ્ર સોલંકી અને શહેર કોંગ્રેસ સમિતિના તમામ શ્રેણીના હોદેદારો-આગેવાનો કાર્યકરો ભાઈઓ-બહેનો એ આ નિમણુંકને આવકારી હતી.

# તલાટીઓ દ્વારા વણઉકેલ્યા પ્રશ્નોને લઇને ફુંકાયું હડતાલનું રણશિંગુ




## રાજકોટની ૫૯૧ ગ્રામપંચાયતોમાં વહીવટી કામગીરી ખોરવાશે, રાજ્યના ૮૫૦૦ તલાટી કામ નહીં કરે, ૧૮,૭૦૦ ગામમાં થશે અસર

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ.તા.૧

રાજ્યભરના તલાટી કમ મંત્રીઓ દ્વારા વર્ષોથી પડતર માંગણીઓને લઇને આગામી તા.૨જી ઓગસ્ટ એટલે કે, મંગળવારથી અચોક્કસ મુદતની હડતાલનું રણશિંગુ ફુંકાયું છે. ત્યારે આ હડતાલમાં રાજકોટ જિલ્લાના ૩૭૦ તલાટીઓ પણ જોડાવાના હોય જિલ્લાની ૫૯૧ ગ્રામપંચાયતોમાં ખેડૂતોની દાખલા કઢાવવા સહિતની સરકારી વહીવટી પ્રક્રિયા ખોરવાઇ જશે તેવો નિર્દેશ તલાટી મંડળ દ્વારા આપવામાં આવ્યો છે. ગુજરાત રાજ્ય તલાટી મહામંડળના ઉપપ્રમુખ ચિરાગભાઇ ગેરૈયાએ જણાવ્યું હતુ કે, તલાટીઓની વણઉકેલ માંગણીઓ અંગે સરકારમાં અનેક વખત રજૂઆતો કરવા છતાં હકારાત્મક પગલાં લેવામાં આવતા ન હોવાથી તા.૨જી ઓગસ્ટથી તલાટીઓ દ્વારા અચોક્કસ મુદતની રાજયવ્યાપી હડતાલનું એલાન અપાયું છે. રાજ્યમાં હાલ ૮૫૦૦ તલાટી કમ મંત્રીઓ કાર્યરત છે, જે હડતાલ અંતર્ગત કામગીરીથી અલિપ્ત રહેશે જેથી કુલ ૧૮૭૦૦ ગામડાંઓમાં સરકારી સ્તરે ખેડૂતોના વિવિધ દાખલા સહિતની તમામ કામગીરી ખોરવાઇ જશે. રાજકોટ જિલ્લામાં પ્રવર્તમાન સ્થિતિએ તલાટીઓની સંખ્યા ૩૭૦ છે, જે મંગળવારથી કામ નહીં કરે તેના કારણે જિલ્લાની ૫૯૧ ગ્રામપંચાયતોની નિર્ધારિત કામગીરી પર અસર પડશે. હડતાલ પાડવાને એક દિવસનો સમય બાકી છે, તેમ છતાં હજુ સરકાર દ્વારા કોઇ હકારાત્મક અભિગમ દાખવવામાં આવ્યો નથી જેના કારણે તલાટીઓ હડતાલ પાડવા મક્કમ છે.


અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક
જાહેર નોટીસ
કોર્ટ નોટીસ
જાહેર ચેતવણી
દાવાનાં સમન્સ
વગેરે પ્રસિધ્ધ કરાવો
ફક્ત રૂા.૬૦માં
+5%GST (પ્રતિ કોલમ સે.મી.અંદર પાને)
122, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ
Mo: 9033344426


# રાજકોટમાં બે દિવસ હળવા ઝાપટાંની આગાહી

## સપ્તાહ દરમિયાન વાદળો રહેશે અને તાપમાન ૩૩થી ૩૫ ડિગ્રીની વચ્ચે રહેશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ.તા.૧

રાજકોટમાં રવિવારે દિવસભર ધૂપ-છાંવ જેવું વાતાવરણ રહ્યું હતુ. હવામાન ખાતાના જણાવ્યા મુજબ રાજકોટમાં હજુ એક સપ્તાહ સુધી આવું જ વાતાવરણ રહેશે. આંશિક વાદળો છવાશે અને આજે સોમવારે તથા મંગળવારે બે દિવસ હળવા ઝાપટાં થવાની સંભાવના છે. શનિવાર સુધી રાજકોટમાં ૩૩ થી ૩૫ સુધી મહત્તમ તાપમાન રહેવાની પણ સંભાવના છે.

રવિવારે રાજકોટમાં લઘુત્તમ તાપમાન ૩૩ ડિગ્રી રહ્યું હતુ. સૌથી વધુ મહત્તમ તાપમાન ભાવનગરમાં ૩૫ ડિગ્રી રહ્યું હતું. હવામાન ખાતાના જણાવ્યાનુસાર હજુ એક સપ્તાહ સુધી હળવાથી મધ્યમ ઝાપટાં આવી શકે છે. જ્યાં લોકલ ફોર્મેશન હશે ત્યાં વરસાદી ઝાપટાં પડશે. રાજકોટમાં અત્યાર સુધી સિઝનનો વરસાદ ૭૦૭ મીમી નોંધાયો છે. જે સેન્ટ્રલ ઝોનમાં પડ્યો છે. રાજકોટ સહિત સૌરાષ્ટ્રભરમાં છેલ્લા એક સપ્તાહથી વરસાદે વિરામ લીધો છે. વરાપ નીકળતા ખેડૂતો પણ ખેતીકાર્યમાં જોડાઈ ગયા છે. રાજકોટમાં સરેરાશ વરસાદ કરતા ૬ ટકા, અમરેલીમાં ૧૨ ટકા અને બોટાદમાં ૭ ટકા ઓછો વરસાદ નોંધાયો છે. આ સિવાય સૌરાષ્ટ્રના બાકી શહેરોમાં વરસાદ ૧૨ ટકાથી લઈને ૧૩૬ ટકા સુધી વધુ વરસાદ નોંધાયો છે. જો કે અત્યાર સુધી સાર્વત્રિક વરસાદ રહેવાને કારણે પાક પાણીનું ચિત્ર ઉજ્જવળ રહે તેવી આશા વેપારીઓમાં સેવાઈ રહી છે.

# ૧૨.૨૯ લાખનો ચેક પાછો ફરવાના કેસમાં એક વર્ષની કેદ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)
રાજકોટ, તા.૧

એક્સપોર્ટ માલના શિપમેન્ટ પેટે ઓમ ઇમ્પેક્ષને આપેલો રૂ. ૧૨.૩૦ લાખનો ચેક પાછો ફરવાના કેસમાં બે વિકાસની પેઢીના વહીવટકર્તાને અદાલતે એક વર્ષની કેદને ચેકની રકમ વળતર પેટે ચૂકવી દેવાનો હુકમ કર્યો છે

આ કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કેસની ઓમ ઈમ્પેકસએ લુસી ઓવરસીસ અને આશાપુરી કોર્પોરેશન વતી મિક્સ ફ્રેશ વેજિટેબલ્સનું કન્ટેઈનર દુબઈ એકસપોર્ટ કર્યું હતું. જે શિપમેન્ટની પેમેન્ટ રકમ ૧૩.૨૯ લાખનો ચેક લુસી ઓવરસીસ અને આશાપુરી કોર્પોરેશન વતી ઓમ ઈમ્પેકસને આપવામાં આવ્યો હતો. જે ચેક ઓમ ઇમ્પેક્સ દ્વારા વસુલાત માટે પોતાનાં ખાતાંમાં નાખેલ અને તે ચેક વગર વસુલાતે પરત થતા ફરિયાદી પેઢી ઓમ ઈમ્પેકસએ ઉપલેટાની કોર્ટમાં

(અનુ.પાના નં.૪ ઉપર)

SAURASHTRA KRANTI (DAILY EVENING) Editor, Printer Publisher & Owner : GADHAVI ASHOK MULUBHA, Place of Publication : SAURASHTRA KRANTI KARYALAYA 125, STAR CHAMBER, HARIHAR CHOWK, PANCHNATH PLOT, RAJKOT-360001,ph.No.(0281) 2222306 Printed at: SAURASHTRA PRINTERY, PRAYAG INDUSTRIES PARK, RUDANAGAR, ANANDPAR (NAVAGAM) DIST. RAJKOT-360003 GUJARAT.